| શબ્દાક્ષરજ્યોતિ પ્રકાશો |

શબ્દસૃષ્ટિ

વર્ષ : ૭ નવેમ્બર-ડિસેમ્બર : ૧૯૯૦ અંક : ૧૧-૧૨

ગઝલ વિશેષાંક

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર

શબ્દસૃષ્ટિ

વર્ષ : ૭ નવેમ્બર-ડિસેમ્બર : ૧૯૯૦ અંક ૧૧-૧૨

અનુક્રમ

(અનુસંધાન ટાઈટલ ૩ ઉપર)

શબ્દસૃષ્ટિ

। શબ્દાખ્યંજ્યોતિ પ્રકાશે ।

વર્ષ : ૭ નવેમ્બર-ડિસેમ્બર : ૧૯૯૦ અંક : ૧૧-૧૨

गुजराती गझलनुं शताब्दी पर्व ।

ગુજરાતી ગઝલનું આ શતાબ્દી પર્વ છે. કવિતા પોતે તો રોમાંચકારી છે જ, પણ એનું, ગઝલ જેવું એક સ્વરૂપ સો વર્ષની મજલ કાપીને આગળ વધતું જતું હોય તો — એ આખી ક્રિયા-પ્રક્રિયા પણ એટલી જ રોમાંચકારી લેખાય. 'ગઝલ' શબ્દની સાથે જ એના અન્ય સંદર્ભો સાથે વધુ પરિચિત એવો જે સંદર્ભ ઊઘડી રહે છે તે કંઈક આ પ્રકારનો છે — 'ગઝલ' એટલે મિજલસ-મહેફિલનું સાધન, 'ગઝલ' એટલે શ્રોતાની 'વાહ' અને 'આહ'ને નજરમાં રાખીને રચાતું સ્વરૂપ, 'ગઝલ' એટલે 'સાકી', 'સનમ', 'મયખાના',

'જામ' અને 'શરાબ'માં સીમિત થઈ જતું સ્વરૂપ. ગઝલ સાથેના આવા સંદર્ભમાં થોડુંએક તથ્ય હોય તો પણ આવા સંદર્ભે જ એ સ્વરૂપ વિશે ઘણી બધી ભ્રાંતિઓ ઊભી કરી છે. એના ભાવકને જ નહિ, એના સ્વરૂપ ચર્ચકો અને લખનારાઓને પણ આવી ભ્રાંતિએ ઘણી બધી વાર ગેરમાર્ગે દોર્યા છે. એક વર્ગ તો હજુ પણ 'ગઝલ' વિશેના એવા વિતથ ખ્યાલને જ સાચો લેખે છે! ગઝલની સ્વરૂપગત ચર્ચા-વિચારણાની સંનદ્ધ ભૂમિકા પણ તેથી હજી આપણને સાંપડી નથી.

ગુજરાતી ગઝલનાં સો વર્ષ ઉપર દૃષ્ટિપાત કરનારને એક વાતની જરૂર પ્રતીતિ થશે કે આ સ્વરૂપે જુદે જુદે સમયે ઠીકઠીક કાયાકલ્પ કર્યો છે. એનાં કુળમૂળ ઈરાનમાંથી ખોળીએ કે આપણી જૂની રંગભૂમિને યાદ કરીને એની સાથેના એના સંબંધને તાજો કરીએ, આ સ્વરૂપ અત્યંત લવચીક રહ્યું છે. રંગભૂમિમાં ઉપયોગમાં લેવાયેલી ગઝલમાં, ગુજરાતી ગઝલનું પ્રાથમિક અને પ્રારંભિક રૂપ છે. પંડિતયુગમાં કલાપી—બાલાશંકર કંથારિયા વગેરેમાં એનું વધુ અકળ અને ઘુંટાયેલું સ્વરૂપ જોવા મળે છે. પણ ત્યાં ઉર્દૂમાં એનું જે સિદ્ધ રૂપ હતું એની સાથે તેનું વધુ અનુસંધાન જોવા મળે છે. પછીના લાંબા સમયના ત્રીજા તબક્કામાં ગઝલ અનેક રીતે–રૂપે રૂપે વિસ્તરે છે. શયદાથી માંડીને સંખ્યાબંધ નામી ગઝલકારોનો એ સ્વરૂપને સાથ મળે છે. અહીં વિષય અને શૈલી ઈબારત વગેરેમાં ખાસ્સું પરિવર્તન જોવાય છે, છતાં લખનારના મનમાં એનું જે સ્વરૂપ છે તે તો બહુજનભોગ્ય છે, વ્યાપક જનમનરંજનનું છે.

સ્વાતંત્ર્યોત્તર પછીના ગાળામાં 'રે' મઠના અને અન્ય કેટલાક કવિઓ—આદિલ મન્સૂરી, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ વગેરે અનેક–સાચા અર્થમાં ગઝલનો એક કાવ્ય સ્વરૂપ તરીકે વિચાર કરે છે. બહુજન સાથેના એના સંબંધને માન્ય રાખીને એ સૌ એને એના શુદ્ધ રૂપે ઉપાસે-ઉપસાવે છે. કહો કે આધુનિક સંવેદના સાથે એનો સંબંધ સ્થાપી આપીને એને પૂરેપૂરી 'ગુજરાતી' બનાવે છે. ભાતભાતના તેમાં પ્રયોગો કરે છે. ગઝલ વિશેની પેલી મૂળની ભ્રાંતિને તેઓ તોડીફોડી નાખે છે. એના લિરિકલ મિજાજને જાળવીને વ્યક્તિથી માંડીને સમષ્ટિ સુધીની ભાવસ્પંદના તેમાં તેઓ ઝીલી બતાવે છે. રદીફ-કાફિયાની ચુસ્તીને પણ જરૂર પડે તેઓ ઢીલી બનાવી મૂકે છે. તળના ગુજરાતી શબ્દોથી માંડીને અંગ્રેજી શબ્દો અને તત્સમ શબ્દો સુધીનો એમાં પ્રયોગ થયેલો દેખાય છે.

આજે અનેક મિષે, અનેક રીતે અને અનેક ભાતે ગઝલ લખાય છે. કદાચ કાવ્યનાં અન્ય સ્વરૂપોની સરખામણીમાં વધુમાં વધુ ગઝલનું સ્વરૂપ ખેડાયું છે. આ જામેલા મેળામાં કેટલાક પોતાની જાતને ગઝલકાર કહીને પોતાનો અલગ ચોકો સ્થાપે છે, કેટલાક આ સ્વરૂપ બહુજન ભોગ્ય છે, કંઈક વધુ હાથવણું ને સરળ છે તેથી પ્રસંગોપાત્ત એ તરફ વળે છે, તો કેટલાક ગઝલ સમર્પિતો પણ છે. ગઝલને કેવળ ગઝલ તરીકે જોનારાઓએ, આ સ્વરૂપને પૂરેપૂરું ગંભીર રીતે ન પામી શકનારાઓએ એને પારાવાર નુકસાન પહોંચાડયું છે એ પણ હકીકત છે. ઉન્નતભ્રૂઓના એક વર્ગે તેથી જ કદાચ ગઝલ પ્રત્યેથી પોતાનું મોં ફેરવી લીધું છે, ગઝલને લગભગ લપટી ને સપાટ બનાવી મૂકનારા એવા વર્ગથી 'ગઝલ'ને બચાવવી–ઉગારવી એ આજે એકદમ જરૂરી બન્યું છે.

ગઝલકાર 'કવિ' છે, અને ગઝલ 'કવિતા' છે એ વાત હજી આપણે ત્યાં બહુ ઓછા કવિઓએ સિદ્ધ કરી છે. એ માટે આપણા ગઝલકારે કાવ્યતત્ત્વના મૂળ સુધી પહોંચવાનું રહે છે. આદિલ, ચિનુ, રાજેન્દ્ર વગેરેએ તેના પરિશુદ્ધ રૂપનો પરિચય આપ્યો. તે પછી પણ ગઝલ તો લખાતી રહે છે અનેકોને હાથે — — આપણી ઝંખના એ બધી વેળા એવા ગઝલના પરિશુદ્ધ સ્વરૂપની રહી હોય છે. થોડાએક જ આપણને આશા આપે છે. મોટો ભાગ તો બસ એમની ધૂનમાં છે. સો વર્ષની આ ગઝલ સવારીને સલામ. સાથે સાથે એનાં નૂતન સૌંદર્યરૂપો જોવાની કામના પણ.

—પ્રવીણ દરજી

ખાલી હવે

રાજેન્દ્ર શુક્લ

છલોછલ જે ભર્યું 'તું તે કર્યું ખાલી હવે,
તું લંબાવે હથેલી તો દઉં તાલી હવે.

નિમંત્રણ વિણ મહેફિલમાં અહીં આવી ચડ્યો,
રજા આપી શકે જો તું જઉં ચાલી હવે.

ગયાં પર્ણો, ખર્યાં પુષ્પો, વસંતો પણ ગઈ,
અચાનક એકલી આ વેલ કૈં ફાલી હવે.

પદારથ પિંડમાં ને પિંડ આ બ્રહ્માંડમાં,
સકલ પીડા ય તે લાગે ભલી વ્હાલી હવે.

મળ્યો અવસર, અમોલખ આંગણે આવી ઊભું
અદીઠાનું અડોઅડ તે લિયો ઝાલી હવે.

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી, જોધપુર ટેકરા, અમદાવાદ–૩૮૦૦૫૪

દૂર ઝળહળે

રાજેન્દ્ર શુક્લ

શબ્દ મૌનમાં મળે, મૌન શબ્દમાં ભળે,
એકની સતત કથા, એક ફક્ત સાંભળે.

આ અહીં તહીં બધે, વાત આપણી વધે,
શ્વાસની સમીપના સૂર દૂર ઝળહળે.

છે સ્વની મહાદશા, પર ન કોન પરવશા,
તીર તટસમેત આ નીર જેમ ઊછળે.

ના કશું લહે ત્વચા, સ્પર્શ પણ નહીં બચા,
તો ય ક્યાંક ક્યાંકથી કૈંક કૈંક સળવળે.

કૈં શકું ન પરહરી, આવતું ફરી ફરી,
નામહીન જપ સમું તપ વગરનું તપ ફળે.

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી, જોધપુર ટેકરા, અમદાવાદ–૩૮૦૦૫૪.

સહેલું છે?

અદમ ટંકારવી

લખાણ આમ તો ઉકેલવામાં સહેલું છે
અહીં કપાળે કપાળે અશુભ લખેલું છે

દૂરથી લાગ્યું કે, એને ગઝલનું ઘેલું છે
નજીક જઈ અને જોયું તો સત્ ચડેલું છે

મોત પ્હેલાં જે મરી જાય છે તે જીવતો છે
બધા જ સાંઈ-ફકીરોએ આ કહેલું છે

છે એના નામને ને ક્રોસ ને વેંત જ છેટું
એ નામ હોઠ ઉપર લાવવું ક્યાં સહેલું છે?

બળ્યોઝળ્યો છું હવે કાળઝાળ દુનિયાથી
કરી દયો ઘાવ આ લોઢું હવે તપેલું છે

થઈ ખફા જ્યારથી એણે ગલીવટો દીધો
ત્યારથી આપણું મોઢું 'અદમ' પડેલું છે

૭ બંગલા, બંગલા નં. ૩, વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦

દીવા જેવી

અદમ ટંકારવી

મીઠ્ઠી માલિકની દયા જેવી
વાત છે ચોખ્ખી દીવા જેવી

તારા શહેરમાં જિન્દગી મારી
તેં જ ફેલાવેલી અફવા જેવી

છોડ રૂપક ઉશેટી દે ઉપમા
એ નથી કોઈ કે કશા જેવી

દિલ બન્યું જામ ત્યારથી ઝાહિદ
હરકોઈ ચીજ છે સુરા જેવી

સ્મરણ તારું છે સાતસોછ્યાસી
યાદ તારી છે શ્રી૧ા જેવી

ગઝલ લખી દયો સીધીસાદી, અદમ
જીવીકાકીની સવિતા જેવી

૭ બંગલા, બંગલા નં-૩, વલ્લભ વિદ્યનગર–૩૮૮૧૨૦

થૈ ગયા

ચિનુ મોદી

હાથ, મારા હાથ શાપિત થૈ ગયા,
કાંકરીથી જળ વિભાજિત થૈ ગયા.

હું શ્વસું છું રોજ તારા નામ પર,
ને પવનના પટ અબાધિત થૈ ગયા.

છેક અંતરમાં છબી ઝીલ્યા પછી,
એ અરીસા જેમ ત્રાહિત થૈ ગયા.

હઠ કરી આવી ગયાં એવી ક્ષણે,
આંસુ પણ વરસાદ સાબિત થૈ ગયાં.

કૈંક છે 'ઈર્શાદ' તારામાં કશું;
જે મળ્યાં તે તે સુવાસિત થૈ ગયાં.

૭, જિતેન્દ્ર પાર્ક, શંકર આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

કલ્પી તો જો

ચિનુ મોદી

જાતને અજરાઅમર કલ્પી તો જો,
જિર્ણ ઘર, ભેંકાર ઘર કલ્પી તો જો.

કોક દરિયાને મળેલી હે નદી !
તું તને મારા વગર કલ્પી તો જો.

રાત, સન્નાટો અને તારી ગલી,
પાણીની આ ચડઉતર કલ્પી તો જો.

આંસુ આપે છે, બધા સંબંધમાં
કેટલો છું માતબર કલ્પી તો જો.

મોત વાસી વાત છે 'ઈર્શાદ' પણ
અન્ય તું તાજા ખબર કલ્પી તો જો

૭, જિતેન્દ્ર પાર્ક, શંકર આશ્રમ પાસે, પાલડી, અમદાવાદ—૩૮૦૦૦૭.

જરા પેટાવજો દીવો

મનહરલાલ ચોકસી

જીવનની કોઈ ક્ષણ ક્યાં છે? જરા પેટાવજો દીવો
હવે તો શ્વાસ પણ ક્યાં છે? જરા પેટાવજો દીવો

બહુ યાત્રા કરીને થાકથી લાંબા થયેલા છે,
એ પગલાં ક્યાં? ચરણ ક્યાં છે? જરા પેટાવજો દીવો

ટહુકતી'તી કદી ત્યાં તો અનુપમ સૂરની ગંગા
વહેતું એ ઝરણ ક્યાં છે? જરા પેટાવજો દીવો

મિલન જ્યોતિની સાથે એક જ્યોતિનું થયેલું છે
મરણ જેવું મરણ ક્યાં છે? જરા પેટાવજો દીવો

જીવનભર શોધ શીતળ છાંયડીની એમણે કીધી
જગતમાં પણ શરણ ક્યાં છે? જરા પેટાવજો દીવો

મધુવન સોસાયટી, નાનપુરા, સુરત.

લખાઈ છે, પ્યારે

મનહરલાલ ચોકસી

મુહબ્બતની આંસુ કમાઈ છે, પ્યારે!
સતત જિંદગી આ રિબાઈ છે, પ્યારે!

તમે યાદ કરતા નથી એ ખબર છે,
મને પણ હજુ આશનાઈ છે, પ્યારે!

હવે કોણ એને પુકારી શકે?
શમા ભરસભામાં બુઝાઈ છે, પ્યારે?

બધા શબ્દ છે પ્રેમના, લોહી ભીના,
પ્રણયની તમન્ના ઘવાઈ છે, પ્યારે!

તમે ખુદ-બ-ખુદ આજ ભીંજાઈ જાશો,
ગઝલ એ જ રીતે લખાઈ છે, પ્યારે!

અમે શબ્દ પામ્યા છીએ સો જનમથી,
અમારી તો જૂની સગાઈ છે, પ્યારે!

મધુવન સોસાયટી, નાનપુરા સુરત.

પિયાસી ઉરે

રાજેન્દ્ર શાહ

હવામાં લહું આવતી મ્હેક મીઠી,
લપાઈ હશે ક્યાંક પર્ણે ચમેલી.

મ્હને આંખનો આ ન આવે ભરોસો,
નવાજું હું આભા હૃદયને ગમેલી.

ગમ્યું એટલું આમ આવ્યું કને ના,
કંઈ કારમી પીડ ખંતે ખમેલી.

ચરણ છે ભરેલા અજાણી દિશામાં,
અભીપ્સા કદી યે નથી મ્હેં દમેલી.

મળી તે સૂરાના સુધા પાનથી યે
પિયાસી ઉરે ના તૃષા છે શમેલી.

મહેતા પોળ, કપડવણજ—૩૮૭૬૨૦

એક સભર અનુભૂતિમાં

ઉશનસ્

આકાશને ય દેહ છે તળિયેથી ટોચ તક
જોઈ શકું છું આરપાર આસમાની ચક!

વજ્ર શું કઠણ કશું ન હાડ માળખું,
થાય પોચી પેશીઓ અડક અડક!

કો પ્રશાખી વૃક્ષ શું વૈશાખી વાયરે:
જ્યાં અડું કે રક્તવાહિની ધડક ધડક!

ચોમેર કોઈ ભૂખરી ભરતી ચઢેલ છે,
કો' સભરતા મોજમાં છે, છે છલક છલક!

શાશ્વતીયે શૂન્ય ક્યાં છે, જડ ઊંઘી ગઈ?
આંખ ઈશ્કી કો ઉડુઓમાં પલક પલક!

ગૂંથી રહ્યું છે કો મને ઊડતી ભૂરાશમાં,
હમણાં જ 'હું' થઈશ કો વસ્તુ અલક મલક!

લક્ષ્મીશેરી, મદનવાડ વલસાડ–૩૯૬૦૦૧

કમળ છું

ભગવતીકુમાર શર્મા

હું કમળતન્તુ નથી, પોતે કમળ છું;
હું કોઈનો અંશ ક્યાં છું ? હું સકળ છું.

જ્યાં કમળતા ખીલવી સંભવ બને તે
હું અનાદિ કાળનું નિભ્રાંન્ત જળ છું.

જળને નામે જાંબલી નિઃસીમતા છે;
જળ છું ઉર્ફે છળ છું ઉર્ફે હું વમળ છું.

માત્ર છું અહેસાસ નૌકાઓ ડૂબ્યાનો;
હું વમળથી પર જે વિલસે તે અકળ છું.

આ અકળતાની પ્રતીતિ કેમ કરવી ?
આભથી ઊંચે ને દરિયાથી અતળ છું.

હું અતળ છું તોય ડૂબતો જાઉં પોતે;
હું સફળ-નિષ્ફળની વચ્ચેનું પડળ છું.

જો પડળ ખસશે તો ઊઘડશે કમળ પણ;
હું કમળતન્તુ નથી, પોતે કમળ છું.

૧૦/૧૭૪૦, દેસાઈ પોળ, એની બેસન્ટ રોડ, સુરત–૩૯૫૦૦૦૩.

મોકલે

ભગવતીકુમાર શર્મા

આંખ વ્યાકુળ થાય તો જળ મોકલે,
જાગરણ રાત્રિનું ઝાકળ મોકલે.

મારો આ ઉલ્લાસ છેતરશે તને;
રણ ઝૂમી ઊઠે તો મૃગજળ મોકલે!

એવી મોસમની પ્રતીક્ષા છે મને:
ખુદ ન આવે કિન્તુ કૂંપળ મોકલે.

ભય નથી મૃત્યુનો, છે એક જ દુવા:
જિન્દગી જેવું જ કોમળ મોકલે!

તારે દ્વારે હું પહોંચું તે પ્રથમ-
આંગળીમાં તું જ અટકળ મોકલે.

૧૦/૧૭૪૦, દેસાઈ પોળ, એની બેસંટ રોડ, સૂરત-૩૯૫૦૦૩

આંખ આડા કાન છે

જયન્ત પાઠક

એક તો ગભરાવનારો ઘાવ છે;
ચાર રસ્તે પાછું ટ્રાફિક જામ છે!

બ્હાર શેરીમાં બધે ધૂમધામ છે;
ને બધા ઘર ઓરડા સૂમસામ છે!

કહેવું છે, પણ કોણ સાંભળનાર છે!
શાણપણને આંખ આડા કાન છે!

આશરો મળશે ગણી પ્હોંચી ગયા–
જોયું તો ખાલી થયેલું ગામ છે!

છાંયડા માટે લીધા વનવાસ પણ
વૃક્ષનું ક્યાં નામ કે નિશાન છે!

૨૩, કદમપલ્લી, નાનપુરા, સુરત–૩૯૫૦૦૧

એ-પાંચને

રમેશ પારેખ

કાગડે છૂટ્ટી મૂકી છે ચાંચને
મૂળ પુસ્તક એ જ છે, તું વાંચને!

તેં અને વરસાદે કાવતરું કર્યું,
મેં ય સંડોવી દીધા એ-પાંચને

તું મરેલા તારાં ચરણોને ન જો
જીવને પગ છે-એ પગથી નાચને!

સાંજનાં પીળચટ્ટાં કામણ પીઉં છું
ને પીવા લલચાવતો એ-પાંચને

સાંજનાં પીળચટ્ટાં કામણ પી, રમેશ
ને પીવા લલચાવ તું એ-પાંચને

કાગડો આવ્યો ગઝલમાં કાં ફરી?
ભૂંસ તું રેકર્ડની એ ખાંચને

૩૫, સુખનિવાસ કોલોની, અમરેલી-૩૬૪૬૦૧

ઝળહળ કર્યું

પુરુરાજ જોષી

પ્હેલ પરથમ પાંખ દીધી ને પછી પીંજર ધર્યું
ચોપડે ચીતરેલ ખાતું, એ રીતે સરભર કર્યું

પારધીના એક શરથી થઈ ગયું આહત વિહગ
ચીસથી જોકે યુગો લગ, આભ આખું થરથર્યું

વૃક્ષની હરએક ડાળીની કરી હત્યા પછી
છાંયડાની ઝંખનાએ, એના મનમાં ઘર કર્યું

મેં તણખલાંનું બનાવ્યું એક અફલાતૂન ઘર
વીજને દીધું નિમંત્રણ, આવીને ઝળહળ કર્યું

માંડવો મધુમાલતીનો ને પથારી જૂઈની
રાત રહી પાસાં બદલતી, ને ગગન ઝરમર ઝર્યું

ઠામઠેકાણાં વિના ક્યાં ખોળવો તુજને ભલા
આમ આલય સાવ ખાલી, આમ સચરાચર ભર્યું

૨૩, શિવશક્તિ, નડિયાદ

મન મૂકી વરસ

પુરુરાજ જોષી

એ ચાર છાંટાથી છીપે, એવી નથી તરસ
તારે વરસવું હોય તો આકાશ મન મૂકી વરસ

નાંખ છત્રીને ધરામાં, નિર્વસન થૈને નીકળ
આવું ચોમાસું ભલા ન આવતું વરસોવરસ

મઘમઘું હું હેમ થઈને, ઝગમગું સૌરભ બની
તું મને સ્પર્શે તો મિતવા આવ એ રીતે સ્પરશ

કોઈ મારામાં વસે છે, ને શ્વસે છે રાત દિન
એ મને જોતું સતત, પણ ના થતાં એનાં દરશ

અંગ પરથી વસ્ત્ર જળની જેમ સરતાં જાય છે
કોણ સામે તીર બજવે બાંસુરી એવી સરસ

સાંકડે મારગ, મદોન્મત્ત હાથિણી સામે ખડો
કાં છૂંદી નાંખે મને, કાં મસ્તકે ઢોળે કળશ

૨૩, શિવશક્તિ, નડિયાદ

સગવડ પડી હશે

અમૃત ઘાયલ

ઘરમાં કશે કુમેળની વિષ જડ પડી હશે,
આ એટલે જ મેળ વિષે તડ પડી હશે!

ઓલાવી ઝાડપાનનો નિર્મમ કઠૂસલો,
પર્ણોના ઢેર પર સુખે પતઝડ પડી હશે.

વીથિઓ કે થઈ જતી હતી મોસમ મહેકની,
તારા ગયા પછી બધી ઉજ્જડ પડી હશે.

હરગિજ ન હોય આટલો સાવધ ખુશીનો રંગ,
છે આજ લાલી ત્યાં કદી થપ્પડ પડી હશે!

મૂકી ભર્યું મકાન કદી ના જતો રહે,
ઓછી કદાચ એમને સગવડ પડી હશે.

દેતાં નથી જે ઇસ્તરી પળવાર ભાંગવા,
એનાંય લૂંગડાંમાં કદી ગડ પડી હશે.

બહુ વસમી થોંટ હોય છે અશ્રુની થોંટ પણ,
એ થોંટથી જ આંખો તળે કડ પડી હશે!

છે વાંકદેખુ જન્મથી શ્રીમાન એટલે,
સગવડ હશે બધી છતાં અગવડ પડી હશે

'ઘાયલ'—મર્યાનું કોઈને દુઃખના હશે છતાં
હડતાલ સારા શહેરમાં સજ્જડ પડી હશે.

'દેવ–અમી' ૧૬, ભક્તિનગર સોસાયટી રાજકોટ–૩૬૦૦૦૨

શું તારી હતી ?

દક્ષ પ્રજાપતિ

જે તારકે ચમકી હતી તે આંખ શું તારી હતી ?
જે ફૂલમાં ફરકી હતી તે પાંખ શું તારી હતી ?

તું એ રીતે ઊભી હતી કે હું ઝરૂખો થૈ ગયો,
વાતાયને જે વીજળી, તે નજર શું તારી હતી ?

તું ચાલવા ચાહે અને બંધાયલા રસ્તા રહે ?
જે ઝરણમાં રણઝણ હતી તે ચાલ શું તારી હતી ?

હું બંધ આંખે ચિંતવું ક્યારે તું ઊઘડે અંતરે ?
જે સ્વપ્નમાં ઊતરી અકળ તે મૂરત શું તારી હતી ?

મારી હથેલીમાં હતું પાકું મિલન તારું લખ્યું,
મારી ભીતર એકાન્તમાં જે ભીડ, શું તારી હતી ?

જે લોહીમાં ઊછળી રહી, જે સ્મરણમાં ઊમટી રહી,
જે શબ્દમાં ઊડતી રહી તે છાંય શું તારી હતી ?

જે રાગમાં ને રંગમાં, જે રાહમાં ને રાતમાં,
જે આ ગઝલના ઘાટમાં તે વાત શું તારી હતી ?

વાર છે!

દક્ષ પ્રજાપતિ

દેખ મારાં તો ખૂલેલાં દ્વાર છે,
એક તારા આવવાની વાર છે.

ડુંગરો ટહુકો થતાં જાગી ગયો,
એક કૂંપળ ફૂટવાની વાર છે.

દેખ, કેવો મેઘ મારામાં ઝુમ્યો,
એક તારી વીજળીની વાર છે.

આંખમાં દરિયો અધીરો ઊછળે,
નાવ તારી છૂટવાની વાર છે?

ચંદ્ર તો વહેલો ઊગ્યો આ ખંડમાં,
પોયણુંને ખીલવાની વાર છે!

દેખ, મારામાં ગગન ઊઘડી ગયું,
કેમ તારે ઊડવાની વાર છે?

શબ્દ મારા હાથમાં દીવો થયો
અર્થ થૈ ને આવ, તારી વાર છે!

હવે

જગદીશ વ્યાસ

હવે ક્યાં આપણી કોઈ ફિકર કરવાની ઉંમર છે?
ગળે રૂમાલ બાંધી ફાંકડા ફરવાની ઉંમર છે.

ન આપું કેમ ઝૂકીને સલામી ખૂબસૂરતને?
હવે તિતલીના રંગોની ઉપર મરવાની ઉંમર છે.

ગુલાલ ઊડી રહ્યો છે લોહીમાં શરણાઈ વાગે છે,
નવું કૈં આપણા જીવતરમાં અવતરવાની ઉંમર છે.

ભલે ક્યારેક સંકેલાઈ રહેવાની હતી ઉંમર,
હવે છુટ્ટા મૂકેલા સઢમાં ફરફરવાની ઉંમર છે.

હવે તો હુંય ખુલ્લો થઈ ગયો છું આભની જેવો,
હવે તો બાથ ખુલ્લી પૃથ્વીને ભરવાની ઉંમર છે.

૧, અવધૂતવાડી, ત્રણ દરવાજા, ધરમપુર–૩૯૬૦૫૦

એક છોકરો એક છોકરી

જગદીશ વ્યાસ

જળનો પર્વત ચડી રહ્યાં છે એક છોકરો એક છોકરી,
આજ પ્રેમમાં પડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

અગણિત અવતારોના જંગલમાં ભટકીને આ અવતારે,
એકમેકને જડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

મંડપ છોડી આ જલક્રીડા કરવા પ્હોંચ્યાં કમળસરોવર,
–હમણાં સપનાં ઘડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

જેમ અડે તડકો ને ધરતી જેમ અડે ધરતી ને તરુવર,
એમ પરસ્પર અડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

પોતાનાથી શરૂ કરીને અંતે આખી દુનિયા સાથે,
શ્વાસે શ્વાસે લડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

બધી દિશાના ઝંઝાવાતો પાછા વાળી દેત પરંતુ,
થોડાં ઓછાં પડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

કમખા ને પ્હેરણની નીચે ધરડી ધરડી છાતીઓમાં,
રહી રહીને રડી રહ્યાં છે એક છોકરો એક છોકરી.

૧, અવધૂતવાડી, ત્રણ દરવાજા, ધરમપુર–૩૯૬૦૫૦

ગઝલ વરસાદી

રવીન્દ્ર પારેખ

ડૂબવાનું હોય જાણે કે જગત,
એટલો વરસાદ વરસે છે સખત.

બારણાં, બારી બધું વરસાદનું,
ને ઉપર વરસાદની એકાદ છત.

જળ ભલે આપે મને વરસાદ તું–
લે, ઉમેરી અશ્રુ આપું છું પરત.

હોય કોરું તોય હું તરબોળ છું,
યાદમાં એવું બધું તો હસ્તગત.

હું મને મળવા મથું પણ ના મળું,
એટલો વરસાદ વચ્ચે છે સતત.

ના કશેથી આવવું કે ના જવું–
ને ઉપરથી જાય ના ભીનો વખત.

શક્ય છે એ રીતથી મળવું બને,
લે; લખ્યો આજે મને એકાદ ખત.

સાવ લીલું ઘાસ ફેલાયું બધે,
દેવકાવ્યોની ખૂલી છે હસ્તપ્રત.

ભીની આંખે કેમ ઉકેલું કહે,
વીજળી છે કે કોઈના દસ્તખત!

હળદિયા શેરી, સગરામપરા, સૂરત–૩૯૫૦૦૨

ઈમારત મળે!

રવીન્દ્ર પારેખ

શક્ય છે એ રીતથી પણ કોઈની આરત મળે,
ખત મળે પણ ખત નીચે ના કોઈ દસ્કત મળે.

તું ન હો તો હું ય ક્યાં ધરતી-ગગન પર હોઉં છું,
આજ બાબતમાં મને આખું જગત સમ્મત મળે.

રત મળે, આરત મળે, સૂરત મળે, સીરત મળે,
કોઈની કિસ્મતથી પણ જો આટલી કિસ્મત મળે!

જ્યોત ખસતાં ભીંત પર છાયાઓ છેદાતી રહે,
એમ તું ભીતર ખસે ને સૌ સ્મૃતિ આહત મળે.

સંભવે કેવી રીતે સેતુ હવે વચ્ચે કદી?
જોડતી સઘળી કડીનાં નામ પર કરવત મળે.

રણ હવે ઘરથી શરુ થઈને હૃદયમાં વિસ્તરે,
શી રીતે ખંડેર ના હો એવી ઈમારત મળે?

વેદનાનું એક બીજું નામ પાડ્યું-જિંદગી,
આંખમાં પાણી, હૃદયમાં રોજ પાણીપત મળે.

શબ્દને ઊંચકી શકો તો ઊચકો, ઊંચકાય છે?
આંખ સામે પર્વ શો ને મસ્તકે પર્વત મળે.

કૈં પડ્યું ના હો, કશું તૂટ્યું ન હો, ફૂટ્યું ન હો-
બ્હારથી અકબંધ હો એવી ય હોનારત મળે.

જૂઠની છાયાઓ ભટકે છે બધે માણસ બની,
સત્યવક્તા જીવતો હોવા છતાં સદ્ગત મળે.

ગત મળે, અંગત મળે, અવગત, અનાગત સૌ મળે,
આ જગત આખું મળે તો શું ન જો રાહત મળે!

હળદિયા શેરી, સગરામપરા, સૂરત ૩૯૫૦૦૨

...દીવાલો પડી

ભરત વિંઝુડા

લોહીના ખાબોચિયામાં એક-બે માખી પડી,
આમ કોઇ પણ કરુણતા થઈ ગઈ છે એવડી.

એક વ્યક્તિ એક ચમચી જેટલું રોઈ શકી,
એ પહેલાં એક દરિયા જેટલું મનમાં રડી.

એક-બે મૃત્યુ થયા ને એક-બે હત્યા થઈ,
ક્યાંક દરવાજા ખૂલ્યા ને ક્યાંક દીવાલો પડી !

મૂળસોંતુ ઝાડ ઊખેડાઈને નીચે પડયું,
બાદ લીલાં પાન લીલાં રહી ગયાં છે બે ઘડી.

એક સમળી ઊડતી આવીને બેસી છાતીએ,
છાતીએ ધબકાર સાંભળતાં જ પાછી ગઈ ઊડી.

રામકૃપા, ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા.

...હવામાંથી

ભરત વિંઝુડા

શ્વાસ લીધો નહીં હવામાંથી,
હું વિખૂટો પડયો બધામાંથી.

બારીએથી મેં વિશ્વ જોયું છે,
ઓસરી જોઈ બારણામાંથી.

કંઈ અકસ્માત જેમ બનવાનું,
કંઈ નહીં થાય શકયતામાંથી.

આભમાંથી પ્રકાશ રેલાયો,
ને ફૂટયું છે તિમિર ધરામાંથી.

એક સુખ નીકળ્યું કવિતાનું,
આપણી આ બધી વ્યથામાંથી.

રામકૃપા, ખાદી કાર્યાલય પાસે, સાવરકુંડલા.

...ની પેલે પાર તું

રાજેશ વ્યાસ

સાત દરિયાનાં ઘૂઘવતાં જળની પેલે પાર તું,
મનમનાવું છું કે છે અંજળની પેલે પાર તું.

કલ્પનાઓ, શબ્દ સૌ ઓછા પડે, ટૂંકા પડે,
કે વસી ગઈ છે હવે અટકળની પેલે પાર તું.

એક પળ જે કોઈપણ રીતે વીતાવી ના શકું,
ને ઊભી છે વાટ જોતી એ જ પળની પાર તું.

જોતજોતામાં જગત મારું આ 'મિથ્યા' થઈ ગયું–
ઊતરી ગઈ એ રીતે ઝળહળની પેલે પાર તું.

આપણી વચ્ચે હવે ના કૈં જ કેવળ આપણે,
ને પછી થાતું હશે 'કેવળ'ની પેલે પાર તું.

૧, સરસ્વતી સોસાયટી, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.

ઊભો છું આ તરફ

રાજેશ વ્યાસ

સારસી જેવી જ લઈ હરપળ ઊભો છું આ તરફ,
કે ફક્ત ખૂટાડવા અંજળ ઊભો છું આ તરફ.

આ સ્મરણ કે આંસુઓનું બળ? ઊભો છું આ તરફ,
ખૂટતો ચાલ્યો, છતાં ઝળહળ ઊભો છું આ તરફ.

ક્યાં હવે સપનાં કે ઇચ્છાઓ કે આશાઓ રહી,
બસ ફક્ત ખખડાવવા સાંકળ ઊભો છું આ તરફ.

તોયે પૂછાવે ખબરઅંતર શુભેચ્છા મોકલે,
ખૂબ તું જાણે છે કે કેવળ ઊભો છું આ તરફ.

આ તરફ તો કોઇપિણ ક્યારેય પણ આવ્યું નથી,
રામ જાણે કેમ થઇ વિહ્વળ ઊભો છું આ તરફ.

૧, સરસ્વતી સોસાયટી, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭.

ઝંઝાવાત હોઈ શકે

હેમેન શાહ

ટીપાંની જલધિ કને શું વિસાત હોઈ શકે?
પણ અસવાર થવા લાયકાત હોઈ શકે.

બધાં રહસ્ય નથી ખોલી શકતું અજવાળું,
પ્રકાશમાં જુદા પરદાઓ સાત હોઈ શકે.

ન શસ્ત્રહીન સમજ મારી બંધ મુઠ્ઠીને,
કે જ્યાં કશું નથી ત્યાં ઝંઝાવાત હોઈ શકે.

ધીમા અવાજ વડે બારી આજ ખખડે છે,
ઉઘાડી જો તો ખરો, પારિજાત હોઈ શકે.

યુગો સુધી પછી જેની થતી રહે ચર્ચા,
નિમેષ માત્ર ટકે એવી વાત હોઈ શકે.

જરાક ગમગીની માગી'તી શાયરી માટે,
વધુ મળી એ તારો પક્ષપાત હોઈ શકે.

૧, નાલંદા, ૬૨, પેડર રોડ, મુંબઈ–૪૦૦૦૨૬

રોનક થઈ ગઈ

હેમેશ શાહ

સોબત વાદળ માફક થઈ ગઈ,
માંડ મળ્યાં ત્યાં ચકમક થઈ ગઈ.

કોણ ટહુક્યું ભરબપોરે?
રસ્તે રસ્તે ઠંડક થઈ ગઈ.

બારી ખોલી—મેઘધનુષ ત્યાં!
શું અણધારી આવક થઈ ગઈ.

જે ક્ષણને મેં ધુત્કારી'તી,
એ તો ભાગ્યવિધાયક થઈ ગઈ.

બત્તી ઊઘડી, હસ્યા ફુવારા,
અને નગરમાં રોનક થઈ ગઈ.

જૂનાં સ્મરણો પાછાં આવ્યાં,
મન વચ્ચોવચ બેઠક થઈ ગઈ.

૧, નાલંદા, ૬૨, પેડર રોડ, મુંબઈ—૪૦૦૦૨૬

ક્ષમા આપી હશે !

શ્યામ સાધુ

માંહ્યલી શ્રદ્ધા અગર સાચી હશે,
શ્વાસનું ઘર તો જરૂર કાશી હશે !

એક અનહદ તેજ અંજાશે પછી,
કામનાઓ જે ક્ષણે ત્યાગી હશે !

ત્યાં પણે વિશ્વાસની હોડી તરે,
પાર પડશું જો કૃપા યાચી હશે !

રૂપ દર્શન વાણીનું વર્ણન નહીં,
મૌન કેવળ મૌનની ઝાંખી હશે !

ભાવ સૂરદાસી લઈ સામે રહો,
છે કૃપાસિંધુ ક્ષમા આપી હશે !

કડિયાવાડા નાકા, જૂનાગઢ

આવી ઊભી !

હર્ષદ ત્રિવેદી

હું નીકળવા જાઉં એવા ટાંકણે આવી ઊભી,
કે નદી જેવી નદી ઘરઆંગણે આવી ઊભી.

શું કરું ? માથે ચઢાવું ? નાહી લઉં કે ઓગળું ?
સ્તબ્ધ હું ઊભો જ છું એ બારણે આવી ઊભી.

ને જુઓ પ્રાગટ્ય એનું ! મધ્યરણથી નીસરી,
શી ખબર ખેંચાઈ કેવા તાંતણે આવી ઊભી !

સ્હેજ ખળખળ, ખૂબ ધસમસ ને પછી કંઈ ભાન ક્યાં ?
જીવમાં પેલી પળે, કે આ ક્ષણે આવી ઊભી ?

આજનો નખશિખ ઉત્સવ આંખ ભીંજાવી ગયો,
લઈ છલોછલ એક છાલક પાંપણે આવી ઊભી.

થાય છે આ સ્વપ્ન, અમથું સ્વપ્ન તો નૈં હોય ને ?
જાત પાછી અવઢવોના પારણે આવી ઊભી !

C/o ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર–૩૮૨૦૧૭

ઝાંઝવાં પ્રિયે !

હર્ષદ ત્રિવેદી

તારી ઉદાસી સાંજને શણગારવા પ્રિયે,
લે મોકલું, મઘમઘ તને સપનાં નવાં પ્રિયે.

પ્હેલાં તો આંખો બંધ કર,....ઉઘાડ લે હવે;
ઝગમગ થતી દેખાય છે ખુલ્લી હવા પ્રિયે ?

એકાદ અમથું ફૂલ તું ધારી લે મન મહીં,
બાકી બધું થનગન થવાનું મ્હેકવા પ્રિયે !

ઊભાં છે ઊંચા હાથ લૈને પામવા તને—
આ ઝાડવાંને ક્યાં જઈ સંતાડવાં પ્રિયે ?

આ ચાંદનીનાં વસ્ત્ર છે તે શોભશે તને,
કેવી રીતે તારા લગી પ્હોંચાડવાં પ્રિયે ?

કે તું જ આવી જા પવનની પાલખી લઈ,
દેખાડશે રસ્તો અહીંનાં ઝાંઝવાં પ્રિયે !

C/o ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર–૩૮૨૦૧૭

છુટ્ટો કરો મને–

લલિત ત્રિવેદી

આ ઝાંઝ ને પખાજથી છુટ્ટો કરો મને
આ સરઘસો રિઆઝથી છુટ્ટો કરો મને

દરરોજ ઔર ઔર હવે સંભળાય છે
અંદરના એ અવાજથી છુટ્ટો કરો મને

નિઃશ્વાસ કોઈ શ્વાસ નહીં પોતાના અલગ
આ હાંફતા સમાજથી છુટ્ટો કરો મને

ખુંખારી ના શકાય કે ઘુમટો ય ના તણાય
આ દર્દનાક લાજથી છુટ્ટો કરો મને

અહીંયાં હજી ય એવું છે કે થાય છે સવાર
પાંપણના આ રિવાજથી છુટ્ટો કરો મને

શિવકૃપા, રૈયા રોડ, ૧–વૈશાલીનગર, રાજકોટ–૩૬૦૦૦૧

વિસરાયલું સાંજટાણું

લલિત ત્રિવેદી

કે ધજા જેમ વાયેલ વ્હાણું હતાં
એક વિસરાયલું સાંજટાણું હતાં

માંહ્ય નિરખો તો મીરાંનું ગાણું હતાં
બ્હારથી કોઈ ફિલ્મી ફટાણું હતાં

એકલા એકલા એક ઉખાણું હતાં
જાતમાં ગૂમ ને જાતજાણું હતાં

મ્હેલના કાટમાળો ને શ્વાસો હવડ....
કૈંક વાતોનું ખંડેરી થાણું હતાં

શિવકૃપા, રૈયા રોડ, ૧-વૈશાલીનગર, રાજકોટ-૩૬૦૦૦૧

શબ્દ છું

દિલીપ મોદી

તું પુકારે છે જે, હું તે શખ્સ છું,
તારી મંઝિલ-હું જ તારું લક્ષ્ય છું.

હું નહિ દેખાઉં તો પણ વ્યક્ત છું,
હર અદામાં તારી હું ઉપલબ્ધ છું.

રાતભર ફૂલો વીણી ચૂંટયા કરું,
હોય તું ઉપવન; હું તારું સ્વપ્ન છું.

તું તિમિરથી એકદમ કંપી ન ઊઠ,
ભરબપોરે સૂર્ય શો હું તપ્ત છું.

પત્ર હું વાંચી ગયો જેની ભીતર,
હું ન સંબોધાયેલો એ શબ્દ છું.

મેં ઝુકાવ્યું છે પ્રણયના જંગમાં,
આમ પણ તારી અનામત જપ્ત છું.

પંથ તારો કંટકોથી છે સભર,
આંખ મીંચીને હું ચાલું, મસ્ત છું.

ડાળ પર અસ્તિત્વની તારા રહું,
પાનખરનું પાંદડું હું ભગ્ન છું.

તું નદી છે, તુજ કિનારે હું બળું-
પાત્ર પણ તુજ હાથમાં, હું ભસ્મ છું.

૧૦, નવનિર્માણ સોસાયટી, ટિમલીયાવાડ, નાનપરા, સુરત-૩૯૫૦૦૧

ચ્હેરા વગરનો

દિલીપ મોદી

ભરબપોરે ખ્યાલ પડછાયા વગરનો
માનવી હું હોઉં છું ચ્હેરા વગરનો

પ્હોંચવું મુશ્કેલ છે સાચા મુકામે
આપણો સંબંધ સરનામા વગરનો

છે ક્ષણિક-દુર્લભ મિલન આ આપણું ને
સૌમ્ય વાર્તાલાપ છે ભાષા વગરનો

દર્દથી પીડાય છે પ્રત્યેક માણસ
હોય ક્યાં માણસ કદી ઇચ્છા વગરનો?

દીર્ઘ યાદીમાં ઉમેરું નામ મારું
છું પ્રતીક્ષાલયમાં હું ગણના વગરનો

રેશમી બે-ત્રણ બનાવો બાદ કરતાં
લ્યો, દિવસ પૂરો થયો ઘટના વગરનો

ફાટશે જ્વાળામુખી અંદરથી જાણે
પ્રેરણાનો સ્રોત છે ખૂટ્યા વગરનો

છે અલગતા આપણી અકળાવનારી
પ્રશ્ન છે અળખામણો પૂછ્યા વગરનો

આંગણે ઉત્સવ 'દિલીપ' ખાલીપણાનો
જિંદગીભર હું રહ્યો ટોળા વગરનો

૧૦, નવનિર્માણ સોસાયટી, ટિમલીયાવાડ, નાનપરા, સુરત–૩૯૫૦૦૧

ક્ષણો છે

વીરુ પુરોહિત

ગળામાં ગાળિયો નાખીને કૂદવાની ક્ષણો છે;
વિહગના પીચ્છને આકાશ ચૂમવાની ક્ષણો છે!

અમે જેને જીવનભર ડોકમાં પહેરીને હરખાયા,
હવે એ શ્વાસના ટૂકડા ય તૂટવાની ક્ષણો છે.

શરત મારી કહું છું, આપણી વચ્ચે જો પરદો છે,
રહસ્યો ત્યાં સુધી સઘળાં જ ખૂલવાની ક્ષણો છે.

પ્રવાસે નીકળો ત્યારે ફૂલો રાખો તે સારું છે,
કહે છે: એ ક્ષિતિજો પાર પૂગવાની ક્ષણો છે!

અમસ્તું કોઈ ક્યાં ડોકાય છે જળમાં કે ઝાકળમાં,
વિસામો લેવા કે અવકાશ પૂરવાની ક્ષણો છે.

૭-એ નેહરુપાર્ક સોસા., બસસ્ટેન્ડ, જૂનાગઢ-૩૬૨૦૦૧.

ઘનઘોર રે...

ફારૂક શાહ

આખું શરીર જોરથી ઝબકોળ, હે અંધારા !
જળની બરડ ત્વચાને હજી તોડ, હે અંધારા !

ચીંધી શકાય આંગળી એવું નથી કશું યે
ફુંકાય બસ અવાજમાં સંમોહ, હે અંધારા !

થીજી ગએલ રાત્રિનો પ્રસ્વેદ સૂંઘીએ, ને
રૂંવે રૂંવેથી ફૂટતો વંટોળ, હે અંધારા !

નહોતી ખબર કે આમ ધસી આવશે બધું યે
રૂંધ્યા ઘણી ય વાર અમે કોડ, હે અંધારા !

બધ્ધા ય જર્જરિત દરીચા ખુલી રહ્યા છે
ને કોણ એ ડોકાય છે તરબોળ, હે અંધારા !

ખોદ્યા કરીએ હાથની નકશાળવી સપાટી
સંવેદનો વછૂટતાં ઘનઘોર, હે અંધારા !

ગવર્મેન્ટ હોસ્પિટલ ક્વાર્ટર્સ, ધોરાજી–૩૬૦૪૧૦

વંટોળ વચ્ચે

ફારૂક શાહ

જઈએ કમરામાં, ઊમટે અસંખ્ય એકાન્તો
હવામાં તરતા રહે કૈંક જીર્ણ ચહેરાઓ

નસોનો બર્ફ પીગળતો નથી પ્રયત્ન છતાં
અને મગજમાં ઘૂમે છે ઉનાળુ સપનાંઓ

વંટોળ વચ્ચે ઊભી આપણી ધ્રુજારીઓ
છતાં ન આંખ ખુલે કે ન ઊઠતી બાંહો

કશુંક રિક્ત હજી રોમેરોમમાં જાગે
હજીય તૂટતાં મારામાં અવનવાં પાત્રો

કોઈના કાન ચીલો ચાતરી શક્યા ન કદી
હવે સૌ ટેપ કરી સાંભળે છે પડઘાઓ

ગવર્મેન્ટ હોસ્પિટલ ક્વાર્ટર્સ, ધોરાજી-૩૬૦૪૧૦

પરિચય થાય છે

અરવિંદ ભટ્ટ

એક ચાંદરણું ય ક્યાં પકડાય છે,
ક્યાં સૂરજ હરવાનો આશય થાય છે?

એટલો સંબંધ છે અંધારથી,
સૂર્ય ઊગે છે ને વિસ્મય થાય છે

એટલે ખંડેરમાં જાઉં છું રોજ–
કે મને મારો પરિચય થાય છે.

હું હવે દરિયે કદી જાતો નથી
ક્યાં તણાયાં જેટલો ભય થાય છે?

તો ખરું જગ આયનાઓમાં હશે
બિંબ હું છું એમ સંશય થાય છે.

'મધુવન', ૩–સુભાષનગર, રૈયા રોડ, રાજકોટ.

જોતજોતામાં

મનોહર ત્રિવેદી

તમારા ઘર સુધી પહોંચી ગયો'તો જોતજોતામાં
પછી એ શખ્સ પાછો ના ફર્યો ક્યારેય પોતામાં

રહે છે એક પંડિતના ઘરે, તે યે અયોધ્યામાં
રટે છે નામ તો પણ ક્યાં ઠરે છે રામ, તોતામાં ?

હશે કૈં સંસ્મરણ એમાં, અને તેથી જ સાચવતાં
અમસ્તો જીવ વળગ્યો ના રહે મેલા મસોતામાં

મને વાઢયો પછી ચીર્યો પછી ચૂસ્યો અને ફેંક્યો
તને યે રસ હજી છે કેમ કીડીબાઈ, છોતામાં ?

હવે આ ભીડમાં પગ મૂકવાની પણ જગા ક્યાં છે ?
અદબ વાળી વિચારો સર્વ ઊભા પોતપોતામાં

સતત, ઘરથી કબરના માર્ગ પર અટક્યા વગર ચાલ્યા
ગણે છે લોક એવા જીવને 'હોતા-નહોતા'માં

મનોહર, આ ગઝલ મત્લાથી મક્તામાં થશે પૂરી
દુબારા ના મળે તો કાફિયાને ફેંક શ્રોતામાં

•

'પ્રણવ' સૂર્યનગર, ઢસા જંકશન જિ. ભાવનગર-૩૬૪૭૪૦

લ્યો, કવિતા ગાવી છે

કિશોર મોદી

રંગ, નભ, માહોલ વચ્ચે હું ઊભો,
દૃશ્ય, ઇચ્છા, કોલ વચ્ચે હું ઊભો.

રોજ ઊઠીને પીછો મારો કર્યો,
તૂર, ત્રાંસાં, ઢાલ વચ્ચે હું ઊભો.

મૌનથી દીવાલ ચીતરવી પડી,
હોઠ, મરમર, બોલ વચ્ચે હું ઊભો.

ખાલીપો માણસ સમો કોઈ નથી,
સ્ટેજ, પાત્રો, રોલ વચ્ચે હું ઊભો.

સાંજની લીલપમાં ટહુકી જાવું છે,
વાડ, ખેતર, મોલ વચ્ચે હું ઊભો.

લયવિલયની લ્યો કવિતા ગાવી છે,
સ્વર, હલક ને લોલ વચ્ચે હું ઊભો.

ચિંતવન, ૮૭–૮૮ માત્રીમંદિર સોસાયટી, ગોત્રીરોડ વડોદરા–૩૯૦૦૧૫

પાષાણમાં

મનીષ ઝાલાવાડિયા

ચાળિયાનું મૌન તૂટયું પાદરે પાષાણમાં,
ને અહર્નિશ ઝૂરતું'તું કોણ એની જાણમાં ?

કાંગરા ગઢને પછી આ બારણાં-બારી હશે,
ધ્રૂજતું માહોલ ભરચક ભીતરે મોકાણમાં.

ઢાલ બખતર એ જ છે, તોખાર સાફો કેશરી;
ભીંત ચોંકે કોણ સ્પર્શે ગોખના ઊંડાણમાં ?

ચાંદ, શેરીને પછી આ રાતને બાંધી હતી,
છૂટતી અવઢવ પછી એ ભોરના પોલાણમાં.

એક પડઘો ટૂંટિયું વાળી ખૂણામાં બેસતો,
પાથરી ચોપાટ પાસા ફેંકતા ટુંકાણમાં.

C/o નંદકિશોરભાઈ એચ. ભાયાણી, સંતોષી ગરબી ચોક, 'રૂપલ', ધોરાજી-૩૬૦૪૧૦

એક મીથભાસી ગઝલ

દાન વાઘેલા

આંગળીથી ડુંગરો ઊંચો કર્યો;
એમ મ્હેરો ઊંચકી એંઠો કર્યો!

હોઠમાં થીજેલ ઝંઝાવાતને—
વાંસળીમાં છેડતાં ટહુકો કર્યો!

સોળસો ગોપી ધરે છે ફૂલ તો—
રોજ ન્હેતો જળ મહીં ગજરો કર્યો!

મોરપીચ્છાં જેમ સૌ રંગો મળ્યા;
ક્યાંક શાંતિ, ક્યાંક તો કજિયો કર્યો!

એ જ વૃંદા એ જ યમુના રાસ પણ—
સમ્ભવામી યુગયુગે સસ્તો કર્યો!

નારી રોડ, કુંભારવાડા, ભાવનગર–૩૬૪૦૦૬.

સંશય રહો નહીં

હેમંત ધોરડા

વરસાદને સમજી શકું એવું બનો નહીં,
સમજી શકું તો આપનું મળવું થજો નહીં.

કારણ વગર હોવા પ્રતિ આસક્ત થૈ શકું,
સ્વભાવગત હો ત્યાં સુધી શબ્દો મળો નહીં.

સાપેક્ષતાની આ તરપ ઝળહળ થતું બધું,
સંગોપવા મારા વિશે સંશય રહો નહીં.

કોઈ તરસ અવસાદમય પ્રગટ થવાં જતાં–
વિસ્મયરહિત પ્રણયકથા હરગિઝ રચો નહીં.

તત્ત્વે કરી પૃથક્ પ્રમાણું જીવ શિવ પણ–
વ્યાપક થવાનું આખરે અન્યત્ર હો નહીં !

તારી ગલી સુધી...

હરિશ્ચંદ્ર જોશી

નકશા તો એના એ જ છે ભ્રમણો નવાં નવાં
રસ્તા તો એના એ જ છે ચરણો નવાં નવાં

આ રેતનાં નગરમાં વિહ્વળ તમામ આંખ
મૃગજળ તો એનાં એ જ છે હરણો નવાં નવાં

જીવનને જરી જાણ્યું, ન જાણ્યું પૂરું થતું
ડાઘુ તો એના એ જ છે મરણો નવાં નવાં

વાસંતી વસ્ત્રો ઓઢે કે પહેરે નરી હવા
વૃક્ષો તો એનાં એ જ છે પરણો નવાં નવાં

શ્રદ્ધાને સાચવી રહ્યું આંગણુ યુગો પછી ય
મંત્રો તો એના એ જ છે શ્રમણો નવાં નવાં

ખિસ્સામાં લાગણી લઈ ફરશો બજારમાં
સિક્કા તો એના એ જ છે ચલણો નવાં નવાં

નીકળ્યો હરીશ પ્હોંચવા તારી ગલી સુધી
નકશા તો એના એ જ છે ભ્રમણો નવાં નવાં

શૃંગબેર, જનકલ્યાણ, સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ–૩૬૪૭૧૦

ગણી બતાવ...

હરિશ્ચંદ્ર જોશી

ગણવું જ કાંઈ હોય તો થડકા ગણી બતાવ,
તેં ફેરવેલ શ્વાસના મણકા ગણી બતાવ.

દુષ્કાળના માઠા વરસમાં આંગણે મૂકી–
ઊડી ગયેલ પંખીનાં પગલાં ગણી બતાવ.

વહેલી સવારે ખીણમાં ફેંકે અવાજ તું,
ને એ પછી તૂટી જતા પડઘા ગણી બતાવ.

તલવાર જેવો છે સમય, લાચાર તું હવે?
ભાંગી પડેલ જીવના સણકા ગણી બતાવ.

એકાદ બે કે પાંચ–પચ્ચીશ કે વધુ હશે?
તારા વિષેની તું બધી અફવા ગણી બતાવ.

વાતો કરી છે જાત સાથે એમ તો હરીશ,
રાખ્યા છે કિંતુ કેટલા પડદા? ગણી બતાવ.

'શ્રૃંગબેર', જનકલ્યાણ સોસાયટી, પાળિયાદ રોડ, બોટાદ–૩૬૪૭૧૦

વરસાદ

શિલ્પીન થાનકી

કદી ધારા, કદી ઝરમર બની વરસાદ આવે છે,
નભેતર નભ મહીંથી સંચરી વરસાદ આવે છે.

શતાબ્દીઓ લગી કણ–કણ ધરા તડપે, તપે, તરસે–
યુગોના આભ ગોરમ્ભા પછી વરસાદ આવે છે.

મૃદંગી મેઘ–તાલે નાચતી વિદ્યુત્પરી બે પલ,
સમેટી સ્વેદ એનો બે ઘડી વરસાદ આવે છે.

ગુફા–માનવ-સમૂહો ! બ્હાર આવો, મુક્ત મન પલળો,
સિમેન્ટી આંગણાં ભરતો હજી વરસાદ આવે છે.

પરમેશ્વરી નિવાસ, પ્લોટ નં. ૧૨૧૫, આંબાવાડી, ભાવનગર–૩૬૪૦૦૧.

ધૂંધળા અક્ષર

કિસન સોસા

શ્રાવણી દિ' ધૂંધળા રિ ધૂંધળી ઝરમર સખી!
ધૂંધળા આંગણમાં મહેકે ધૂંધળા અવસર સખી!

ધૂંધળો વા વાય, ઊઠે ધૂંધળી મર્મર સખી?
ધૂંધળા ઘરમાં ફરું મુજ ધૂંધળી હરફર સખી?

ધૂંધળી તાળીએ રણકે ધૂંધળાં ઝાંઝર સખી!
ધૂંધળી મધરાત મનની, ધૂંધળું પાદર સખી!

ધૂંધળા કમખે મેં ટાંકયો ધૂંધળો એક મોરલો;
રંગ એનો ધૂંધળો, રંગાય શે ભીતર સખી?

લ્યો, થયું મોંસૂઝણું માની ઊઠું, દાતણ કરું;
સાંજને દીવે થતી ત્યાં ધૂંધળી ઝાલર સખી!

ધૂંધળા આકાશથી વરસાદ ઊતરે ધૂંધળો;
ધૂંધળા સ્વપ્ને હું ઓઢું ધૂંધળી ચાદર સખી!

ધૂંધળા ચિત્તે છવાયા અર્થ એનાં ધૂંધળા;
ધૂંધળો કાગળ ને એમાં ધૂંધળા અક્ષર સખી!

પ્રણામી મંદિર પાસે, સૈયદપરા, સૂરત–૩૯૫૦૦૨

પાણીમાં

વારિજ લુહાર

હજીયે આંખ શોધે છે તરાપો રોજ પાણીમાં,
અને ડૂબી મરે છે કૈંક શ્વાસો રોજ પાણીમાં.

હવે વરસાદ આગાહી બનીને વસ્ત્ર ઉતારે,
અને લૂંટે તરસનો પણ મલાજો રોજ પાણીમાં.

વિખેરી મૌન વરસોનું કિનારે કોક તૂટે છે,
વમળ પણ સાંભળે ભેદી અવાજો રોજ પાણીમાં.

નદી જો આંખ મીંચે તો ફરી દેખાય પરપોટો,
પવનની પણ કપાતી જાય પાંખો રોજ પાણીમાં,

વહે છે ખાનગી રીતે ભળે છે સાવ ખુલ્લામાં,
પછી કયા કારણે આવે ઊછાળો રોજ પાણીમાં?

ખાખરિયા રોડ, વડિયા–૩૬૪૪૮૦.

હાથવેંતમાં

હર્ષદ ચંદારાણા

તારો વિચાર આવે ફરી હાથવેંતમાં
ખળખળ વહેતી થાય નદી હાથવેંતમાં

તારું મિલન ભલે અહીં પળવાર સંભવે
પળનો પછીથી અર્થ સદી હાથવેંતમાં

એ હાથથી ઉપડતો નથી, ઠાલા છે પ્રયાસ
તારી છબીનો ભાર જરી હાથવેંતમાં

ધરતીની જેમ કંપે હથેળી જો સ્પર્શથી
કેવા થનાર ધ્વંસ હજી હાથવેંતમાં ?

મોજાં સમી હજાર છે કલ્પનની આવ-જા
દરિયાઓ ઘૂઘવે છે વળી હાથવેંતમાં

પો. બો. નં. ૪૬, એમ. જી. રોડ, અમરેલી–૩૬૪૬૦૧

કેમે કરી

હર્ષદ ચંદારાણા

પાણી આછરતું નથી કેમે કરી
કૈં જ સાંભરતું નથી કેમે કરી

ખરવું વિસ્તરતું નથી કેમે કરી
પાંદડું ખરતું નથી કેમે કરી

હાથમાંથી હાથ સરતો જાય છે
કામ કૈં સરતું નથી કેમે કરી

સ્વપ્ન લઈ જાતું કળણમાં ખેંચીને
હેતુ છાવરતું નથી કેમે કરી

એક કાગળ શી રીતે દરિયો બને?
હોડકું તરતું નથી કેમે કરી

મારું પ્રિયજન માત્ર સામે-પાર છે
પૂર ઓસરતું નથી કેમે કરી

પો. બો. નં. ૪૬, એમ. જી. રોડ, અમરેલી-૩૬૪૬૦૧.

ફૂલ, જે આપ્યું નથી...

હરેશ 'તથાગત'

પત્ર જેવી એક ઇચ્છા બાળવાનું મન થયું,
ફૂલ, જે આપ્યું નથી એ માગવાનું મન થયું!

નામ મારું સાવ એના નામની પડખે લખી,
કોણ જાણે કેમ અમથું ભૂંસવાનું મન થયું.

અંધને આંખો મળે એ રીતથી મળતાં તમે,
ચાંદ બદલે આજ તમને તાકવાનું મન થયું.

હોઠથી કે'વું હતું તે આંખથી બોલી દઈ,
મ્હેકથી એને પવનમાં ઘૂંટવાનું મન થયું.

બંસરીના સૂર પ્હેરી ઝૂલતાં પંખીગળે,
ફૂલ વેણીમાં હતું તે માગવાનું મન થયું.

૮, 'જમના મેન્શન', ૨, ગાયકવાડી પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૨.

અધિકારની

અજય પુરોહિત

ભેખડો તૂટતી રહે અંધારની,
સાંજ આવી સાત સમદર પારની.

મૌન તૂટે, ડાળ તૂટે શું ફરક?
એક ઇચ્છા કાલના અધિકારની.

એક પળ માટે ઢળી જા મારામાં,
લખ ગઝલ તું કોઈ નિરાધારની.

ચીસ તડકાની રઝળતી રેત છે;
સાંજ ચશ્માં પ્હેરી ઊભી ક્યારની.

કોઈ પણ મારા વિશે ના પૂછશો—
ઘટના છું હું મૌનના ભંડારની.

૧૨, જવાહર સોસાયટી, ડીસા (બનાસકાંઠા)

નદીને કરગરો

અશોકપુરી ગોસ્વામી

હર હાલમાં પોતાનો પોતે સામનો કરો,
બીજું કશું ન થૈ શકે તો આયનો ધરો.

મંજૂર છે માણસ મટીને રણ થવું હવે,
મંજૂર એટલું નથી નદીને કરગરો.

મુઠ્ઠીમાં સપનું લૈને ભલે શહેરમાં ગયા,
મુઠ્ઠી ખૂલ્યા છતાંય, ક્યાં પાછા તમે ફરો ?

એવી સહજ રીતે હવે તો ક્યાં મળાય છે ?
સર્જી દીધાં છે સમજણે કેવાંક કોતરો ?

શબ્દોય પણ પડઘા વગરના હોય છે ગઝલ,
એકાદ શે'ર ક્યાં હજુ ઊતર્યો છે સોંસરો ?

મુ. પો. આશી–૩૮૮૫૩૦, તા. પેટલાદ, જિ. ખેડા.

શેરી

રમેશ ત્રિવેદી

અંધારાને વાળે શેરી,
સવારને અજવાળે શેરી.

મકાન ઊભાં ખાય બગાસાં,
જાગે ડાળે-માળે શેરી.

અહીં-તહીં ત્યાં શોર મચાવી,
ચઢતી નાટક-ચાળે શેરી.

બપોર દોડે બળતી-જળતી,
લીલા ટહુકા ખાળે શેરી.

અંધારામાં ઝિલ્લી થૈને
ચાલે વાઘણ-ફાળે શેરી.

સંતાકૂકડી રમતાં-રમતાં,
ખુદને પણ ક્યાં ભાળે શેરી?

દોડી-હાંફી દિવસ ઢળતો,
ચૂમે આંખે-કપાળે શેરી.

બ્રહ્મપોળ, કડી–૩૮૨૭૧૫.

વધારાની...

સુરેશચંદ્ર પંડિત

જટા ઝબકે નિરંજનની
છલોછલ ગંગધારાની.

અમર એની જિગરજાની
કથા મુકબિલ સિતારાની.

રહી અકબંધ યાદ હજી
સમંદરની એ બારાની.

વનેવનમાં સ્મૃતિ પ્રગટે
વહે વૃક્ષે વધારાની.

મુકામ તરફ સફર વળશે.
ખબર પડશે કિનારાની.

ગગનપટ પરની રંગરમત
નિશાની ગેબ આરાની.

ખબર પડતી નથી મુજને
ગલી કઈ છે સહારાની.

નથી પરવા જ એને તો
જરૂર શું છે સુધારાની.

ફકડ ખ્વાહેશ ના કરશો.
કબર પર આવકારાની.

પ્રેસ ક્વાર્ટર્સ નં. ઈ. ૨૪, જામટાવર પાસે, રાજકોટ.

ધબકતી હોય છે

મંગળ રાઠોડ

ક્યાંક ને હા ક્યાંક એ હંમેશ તરતી હોય છે,
શબ્દ નૌકા રોજ મારી દોસ્ત સરતી હોય છે.

ઓટ લાગે છે તને ત્યાં હોય છે તારો વહેમ
આ જિગરમાં તો અનોખી રોજ ભરતી હોય છે.

જ્યાં બને છે એક ચ્હેરો ચંદ્રમુખી આભમાં,
આભમાંથી અપ્સરા કોઈ ઊતરતી હોય છે.

બર્ફ જામી જાય હ્યાં કે ઓગળી પણ જાય ત્યાં,
લાગણી મારી પ્રતીક્ષા રોજ કરતી હોય છે.

એક મુઠ્ઠી આ જિગર લૈ ને અમે ઊભા અહીં,
કે પળેપળ લ્યો અમારી કૈં ધબકતી હોય છે.

૧૦૧, શ્રીરામ સદન, પ્રભુનગર-૧, વેડ રોડ, સૂરત-૩૯૫૦૦૪.

વચ્ચે છીએ...

આહમદ મકરાણી

દીવડા ને જ્યોતની વચ્ચે છીએ,
જિંદગી ને મોતની વચ્ચે છીએ.

કે ઘડાતો ઘાટ કેવો—શી ખબર?
તપ્ત લોઢું : ચોટની વચ્ચે છીએ.

આમ હોવાની વણજ ચાલ્યા કરે,
હા, નફો ને ખોટની વચ્ચે છીએ.

છે સમજ કે કૈં સમજ પડતી નથી—
આ 'હતુ' ને 'હોત'ની વચ્ચે છીએ.

ભેદ સાગરનો મળે તો જાણશું :
'ડૂબવું' ને ગોતની વચ્ચે છીએ.

'રસીદ મેન્સન', મીની કસ્બો, શેરો નં. ૨, અમરેલી-૩૬૪૬૦૧

તરાવી લે મને

'પંથી' પાલનપુરી

કુંજડીની હાર સમ નભમાં ઉડાવી લે મને,
પંક્તિ છું હું પ્રીતની સૂરમાં સજાવી લે મને.

કૈં સદીથી વાંસળીના છેદમાં ઊંઘી રહ્યો,
ફૂંક મારી તું મધુર સૂરે જગાવી લે મને.

હું સમયની ધૂળથી ઢંકાયલું જાસૂદ છું,
ઝાકળે ધોઈ ફરી તાજું બનાવી લે મને.

સાવ ખાલીખમ પડ્યું અસ્તિત્વનું આખું મકાન,
આવ, તું આપી ટકોરો ને વસાવી લે મને.

આપણું ઉપનામ 'પંથી' પંથનું પર્યાય છે,
છો ચરણ અટક્યા હવા પર તું તરાવી લે મને.

૮૦૭, ઋષિરાજ એપાર્ટમેન્ટ્સ, દીવાળી બાગ, અઠવા ગેટ, સુરત ૩૯૫૦૦૧.

ભરતી લાગે છે

રજની પાઠક

ટેકરી યાદોની સરતી લાગે છે,
પથ્થરોમાં લીલાશ ખરતી લાગે છે.

હું ફરું પારદર્શક અસ્તિત્વ લઈ,
આરપાર છાયા નીકળતી લાગે છે.

કેમ શમતા ના વંટોળો હાથમાં ?
હસ્તરેખા રણ થૈ પ્રસરતી લાગે છે !

ન દરિયા જેવું દિલ પામીએ પણ,
યુગોથી ઇચ્છા કનડતી લાગે છે.

લો સપાટી સ્મરણ ની વધતી સતત,
ઉછળતા સાગરમાં ભરતી લાગે છે.

S–1 ફ્લેટ્સ નં. ૩૧, મીઠાપુર–૩૬૧૩૪૫

નામો છે

હરકિસન જોષી

અફસોસ નકામો છે વંટોળ તો સામો છે,
ખોવાયેલી સડકો છે ને ડૂબતાં ગામો છે.

આગળ તો જવાશે ના પાછાં તો ફરાશે ના,
ઊભાં જ છીએ ત્યાં પણ લ્યો કેટલાં કામો છે!

આશ્ચર્ય કોઈ પાસે સરનામું નથી તારું—
સૌં પાસે ફક્ત તારાં સોહામણાં નામો છે!

બસ ચાલવાની મુજમાં ઇચ્છા ન રહી નહિ તો,
રસ્તો ય સરલ છે ને રસ્તામાં વિસામો છે.

વંડાફળી-૧ જામનગર

ફરી જાશે

હરકિસન જોષી

દીવો ય ઠરી જાશે ને રાત ઠરી જાશે,
એક પળને ઉઠાવી જો સો વર્ષ સરી જાશે.

ક્યાં મારા નજૂમીને એ વાતની ખબર છે ?
ખોલીશ જો મુઠ્ઠી તો રેખાઓ ખરી જાશે.

બહુ લાંબુ વિચારી હું સૂરજને નથી લાવ્યો,
આકાશ ઊઘડશે તો તારાઓ મરી જાશે.

એક હદ સુધી જઈને પાછાં કદાચ વળશે,
જખ્મોને આપનારાં જખ્મોને ભરી જાશે.

રોકાશે નહિ દરિયો કંઈ તારા નિમંત્રણથી,
સ્પર્શીને કિનારાને જળ પાછાં ફરી જાશે.

વંડાફળી-૧ જામનગર

જોયા કરું

મધુકર ઉપાધ્યાય

હાથ જેવો હાથ તાળી દે અને જોયા કરું,
ખાબકીને ઝાંઝવાંમાં હું મને જોયા કરું.

હું નથી કૈં જાળ, જળ કે મીન પણુ ને એટલે,
કાંકરી કો નાંખતું ને સ્પંદને જોયા કરું.

જે સતત ગુંજ્યા કરે આ વિશ્વના ગુંબજ મહીં,
આંખ મીંચી એ અનાહત નાદને જોયા કરું.

હું હવે તો હું જ છું, બસ હું જ મારી સોબતે,
હું બનીને આયનો, મુજ બિંબને જોયા કરું.

શોધમાં જેની હતો એ શું હતું ને કયાં ગયું ?
મંઝિલે પ્હોંચ્યા છતાં હું પંથને જોયા કરું !

પ્લોટ નં. ૧૧૭૯, 'રેખા', આંબાવાડી, ભાવનગર-૩૬૪ ૦૦૧.

ટચલી આંગળી

એસ. એસ. રાહી

દરિયાનાં પાણી જડ થયાં ને નૌકા ઓગળી,
બસ હલબલે છે ખારવાની ત્યારથી ફળી !

સૂરજની અદાલતમાં પૂછે ધોબી એક સવાલ–
તડકાના પાયજામાને ક્યાંથી ચડે ગળી ?

ભ્રમણાના ખબરપત્રીઓ શોધે છે ક્યારના,
થઈ ગઈ જે એક ગલી હવે રસ્તાથી વેગળી !

નીકળે જો આ જગાએ હવે ઓઈલનો કૂવો,
તો શોખથી વધેરી દઉં ટચલી આંગળી !

૩૨, એકજાનનગર, એરપોર્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૬

સાબરના કિસ્સા

એસ. એસ. રાહી

છે ખરબચડાં ફૂલો ને કાંટા છે લિસ્સા
હવે કંઈ રીતે થાય ગુલશનના હિસ્સા

ભલે ઊભો સૈયાદ ભાલો લઈને
ખસૂસ બોલવાનો હું સાબરના કિસ્સા

ચલો ડમરીઓ આવો, પૂરપાટ ઊડો
હવે થઈ ગયાં છે લીરેલીરા ખિસ્સાં

નથી ચાલી શકતી હવે નાવ પંગુ
હવે ફીણના કાંઠે રસ્તા છે ફિસ્સા

૩૨, એકજાનનગર, એરપોર્ટ રોડ, રાજકોટ–૩૬૦૦૦૬

ફેલાઈ ગઈ

આર. જે. નિમાવત

જોતજોતામાં હવા બદલાઈ ગઈ,
વાત ઋતુની બધે ફેલાઈ ગઈ.

કૈં ખબર આગોતરી આવી નથી;
ને છતાં લીલોતરી લ્હેરાઈ ગઈ.

સૂર્ય ખુદ ડૂબી ગયો સાગર મહીં;
ચાંદની ખાબોચિયે છલકાઈ ગઈ.

રાત અધમધ બંધ બારી તે છતાં;
ફૂલ ફોરમ ઓરડે ફેલાઈ ગઈ.

એષણાઓ તૃપ્ત થઈને ઝુમતી;
મ્હેક મોસમથી ધરા ભીંજાઈ ગઈ.

'મુમકિન' ૧૬૬૧/બી, વકીલ સોસાયટી, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

બાકી રહે

જયન્ત પરમાર

આંખમાં ભીંજાયલી કોઈક ક્ષણ બાકી રહે,
ક્યાંક કોઈ શેરમાં તારું સ્મરણ બાકી રહે.

લાગણીની સૂકી ડાળે ફૂલ ક્યાંથી આવશે,
હસ્ત રેખાઓની વચ્ચે માત્ર રણ બાકી રહે.

યાદની દીવાલને હા, તોડવી સહેલી નથી,
આંસુઓની રેત પર તારાં ચરણ બાકી રહે.

સાતમા આકાશ પર લઈ જાય છે કોઈ મને,
ને છતાં આ હોલ વચ્ચે એક જણ બાકી રહે.

ચાંદની લહેરાય છે મારી નસેનસમાં 'જયંત'
રક્તમાં એ સ્પર્શનું પહેલું કિરણ બાકી રહે.

૩૦૦/એ આંબલી ફળિયું, સરકીવાડ, શાહપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

હોડી બની

નીલા પટેલ 'સ્મૃતિ'

આમ અમથાં એક ક્ષણ ઝુર્યાં અમે પંખી બની,
લાખ સપનાંઓ વહી ચાલ્યાં પછી પંથી બની !

કઈ નદીનાં પૂર ધસમસતાં રહે છે લોહીમાં ?
યાતનાની ચીસ બસ તરતી રહી હોડી બની,

કુંજડીની હાર લંબાવાય એના ઘર સુધી—
તો ઊઘડતી જાઉં હું આકાશની બારી બની !

શબ્દમાં ઊગે સમયની યાતનાઓ એટલી—
પત્રમાં કેવળ રહી ગઈ એક પળ 'સ્મૃતિ' બની !

મુ.પો. બાલદા, કિલ્લા પારડી, જિ. વલસાડ–૩૯૬૧૨૫

એક ઝાડની વારતા

હર્ષદેવ માધવ

ભૂલું પડયું છે કયાંકથી વગડામાં એક ઝાડ
જંગલ થયું, થવાની તે ઘટનામાં એક ઝાડ

મેં કોઈ એક ઝાડને બોલાવવા કહ્યું
ત્યારે મને મળી ગયું ટહુકામાં એક ઝાડ

મારામાં એક પાનનું ઊગી જવું હતું
છાતીમાં ફિલ થાય તો સણકામાં એક ઝાડ

ખૂંચી'તી ઊંટમાં ફરીથી જળની કાંકરી
જહૂનતનશીન સ્વપ્નના સહારામાં એક ઝાડ

લીલાશ એટલે કે ચેપ નામનું કશુંક
જંગલના રોગોમાં ફરી ફણગામાં એક ઝાડ

પાછી ફરીથી દેશને પીડાઓ ફૂટશે
જડશે ફરી ખોવાયેલું રસ્તામાં એક ઝાડ.

સી-૨૪૭, ભાવના ટેનામેન્ટ્સ, વાસણા બેરેજ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭.

અજંપો

શૈલેન રાવળ

એક અફવા, ગામ આખાનો અજંપો;
આંખમાં સહુની છે સપનાંનો અજંપો.

એ'ક ઇચ્છા શ્વાસ માટે નિત્ય પ્રેરે,
ને પીડે છે એ જ ઇચ્છાનો અજંપો.

પોત-પોતા અંગે શંકાશીલ સઘળાં—
સાથમાં લઈ પોત-પોતાનો અજંપો.

ભેદ પરખાયો નથી છળ-સત્ય વચ્ચે,
બિંબ ચકલીનું અરીસાનો અજંપો.

'આશિષ', મિલ પ્લોટ, ફાટક પાસે, વાંકાનેર-૨૬૩૬૨૨.

અરીસાની પાછળ

સતીષ જે. દવે

અમે સાત દરિયા ડખોળી પહોંચ્યા,
મળી દ્વાર ઉપર દીધી એક સાંકળ.

પ્રતિબિંબ તેમાં મળે એનું ક્યાંથી?
ઊભેલાં હતાં તે અરીસાની પાછળ.

ઉછળતો અષાઢી અહીં રોજ દરિયો,
અને આંખમાં ક્યાંક ઘેરાય વાદળ.

તમે મોકલ્યો જે કબૂતરની સાથે,
મળ્યો છે મને ઊડતો એક કાગળ.

ત્રિવણીતીર્થ મુ. કળસાર, જિ. ભાવનગર, વાયા : દાઠા–૩૬૪૧૩૦.

ગયો છું હું

રશીદ મીર

જામને ચૂમવા ગયો છું હું,
કેટલું ભૂલવા ગયો છું હું.

લાગણી છોડ, રૂંવે રૂંવેથી
તંગ થૈ તૂટવા ગયો છું હું.

પર્ણ ખરવાની વેદના જ મળી,
ડાળ થૈ ઝૂલવા ગયો છું હું.

કોણ લવકી રહ્યું છે પડખામાં,
શ્વાસને પૂછવા ગયો છું હું.

તૃણવત્ આમ તો છું 'મીર' છતાં,
આભને પૂગવા ગયો છું હું.

૧૫૫ સખીના પાર્ક, જે.પી. નગર પાસે, આજવા રોડ, વડોદરા–૧૯.

તનાવપૂર્ણ શહેર

સંજુ વાળા

અવાજને પૂરી દીધો છે ચોકઠામાં,
થશે બિન્ધાસ્ત આવ-જા હવે સભામાં.

આ લકવાગ્રસ્ત હાથનોય હેતુ એ છે?
કે, કશી ગેરહાજરી ન હો ઝભામાં.

બધી ક્રિયાથી આંખ અળગી તો કરી પણ-
હજુ ચહલપહલ ખૂંચે છે પોપચામાં.

ઉદાહરણ તરીકે મેં અનંગ ગાયો,
તો એમણે તરત પહેરી લીધો ગળામાં.

તનાવપૂર્ણ શહેર આખું ઊંચકીને—
મળો છો કેમ હરવખત મને જ સામા?

સમુદ્ર નામ હોય છે પ્રત્યેક પળનું,
કરે છે ડહોળવાના યત્ન સૌ નકામા.

જય શક્તિ સોસાયટી, નાના મવા રોડ, રાજકોટ-૪.

અળગી કરો

મહેન્દ્ર જોશી

આવતી હર રાત મારા રક્તથી અળગી કરો
છે ઉધઈની જાત મારા રક્તથી અળગી કરો

આહ–અશ્રુ ઓસ–અગ્નિ શાપ–સ્મૃતિ ને તૃષા
આ નદીઓ સાત મારા રક્તથી અળગી કરો

કોઈ ચકલીની ફફડક લઈ રોજ આવે છે અહીં
સાંજની સોગાત મારા રક્તથી અળગી કરો

હા, તણખલાથી તરાવી જાઉં હોડી સામે પાર—
પણ પ્રથમ જળઘાત મારા રક્તથી અળગી કરો

સૂર્ય નીચે આમ હું ભડભડ બળું પણ એ શરત
ગંધ-પારિજાત મારા રક્તથી અળગી કરો

કેમ ટૂંકાતી જતી લંબાઈ પડછાયા તણી
આ પીડા નવજાત મારા રક્તથી અળગી કરો

સ્વપ્નમાં પણ લોક ઊભું છે બજારે સ્તબ્ધ થઈ
બંધ ઘરની વાત મારા રક્તથી અળગી કરો

શું બન્યું ક્યારે બન્યું ને આમ ટોળું પણ બન્યું
છે બધી પંચાત મારા રક્તથી અળગી કરો

'મિહિર', રોયલ પાર્ક, કાલાવડ રોડ, રાજકોટ–૩૬૦૦૦૫.

ચાલીએ

પથિક પરમાર

ભ્રમણાની કાંચળીઓ ફગાવીને ચાલીએ,
આંખોમાં ભાવિ સ્વપ્ન સજાવીને ચાલીએ.

વ્હેતી મૂકી દીધી છે લગામો વિચારની,
સંવેદનાનાં વ્હાણ તપાવીને ચાલીએ.

ઝીલી શકો તો ઝીલો ઝવેરાત શબ્દનાં
અર્થોના રાજપાટ લૂંટાવીને ચાલીએ.

કૈં દૂર નથી ટેકરી રાખોડી રંગની,
ખોલી ક્ષિતિજનાં દ્વારા ઝુકાવીને ચાલીએ.

બ્રહ્માંડ તાળી પાડતાં ગાજી ઊઠે સકળ,
સાયુજ્ય જેવી ધૂન લગાવીને ચાલીએ.

૩૮૯૩/૧૬૦-અર્બન 'એ', ભરતનગર, ભાવનગર-૩૬૪૦૦૨.

બોલકું દર્પણ

કરસનદાસ લુહાર

રેતકણ શી ક્ષણ તને આપીશ હું !
એક અંગત રણ તને આપીશ હું !

લોહીમાં રણઝણ તને આપીશ હું,
સ્પર્શનું સગપણ તને આપીશ હું !

હર્ષથી સ્વીકારે છે, હળવાશનું—
ભાતીગળ ભારણ તને આપીશ હું !

જીવથી અઘરું જતન કરવું પડે—
એક એવો વ્રણ તને આપીશ હું !

જે વિચારોનાંય બિમ્બો આળખે,
બોલકું દર્પણ તને આપીશ હું !

આપવાનો અર્થ લેવું થઈ શકે;
એ રીતે કંઈપણ તને આપીશ હું !

વાયા : દાઠા, મુ. રાણીવાડા, જિ. ભાવનગર—૩૬૪૧૩૦.

ચાલ્યા જશું

હિતેન્દ્ર કારિયા 'ઇન્દ્ર'

ના મળો જો આપ તો અટકળ કરી ચાલ્યા જશું,
રેતમાં ઘર બાંધશું, થોડું રમી ચાલ્યા જશું.

દૂર થાશે ઝાંઝવાનું ખોખલું દરિયાપણું,
આંખમાં સાગર ભરી, ને રણ ભણી ચાલ્યા જશું.

યાદના સૂરજ અચાનક માર્ગમાં ઊગી જશે,
બસ પછી તો ભાગ્યમાં ઝળહળ ગણી ચાલ્યા જશું.

આ તે કેવો શાપ છે એકલપણાના ભારનો !
શ્વાસને સૌ આપના ચરણે ધરી ચાલ્યા જશું.

ધૂમ્ર થઈ જાતે કરો પૂર્ણાહુતિ આ યજ્ઞની,
'ઇન્દ્ર' છેવટ એકલાં વાદળ ભણી ચાલ્યા જશું.

C/o હિતેન્દ્ર મેડિકલ સ્ટોર, બસ સ્ટેશન સામે, વેરાવળ–૩૬૨૨૬૫.

વરસો પછી

સુધીર પટેલ

જાતને આજે મળું વરસો પછી,
ખુદને કઈ રીતે કળું વરસો પછી ?

થૈ જવા દો શાંત સૌ કોલાહલો,
કે ભીતરથી સાંભળું વરસો પછી !

આજ તો નિર્બંધ વહેવા દો મને,
ઝરણું જોઈ ખળખળું વરસો પછી !

આજ પરિચય પામશું આ રાતથી,
સૂર્ય સાથે હું ઢળું વરસો પછી !

સાચી દિશા અંતમાં પામ્યો 'સુધીર',
ઘર ભણી પાછો વળું વરસો પછી !

'નિકેત', પ્લૉટ નં. ૩૬/એ/૧, અનંતવાડી, ભાવનગર–૩૬૪૦૦૨

કલમવેલી શબ્દને

કિશોર પંડ્યા

સૂર્ય જેવું રોજ ભીનું સળગવાની વાત કર,
કલમવેલી શબ્દને તું વગળવાની વાત કર.

આ કથા કે આ નદીનું સપન છે બસ તરસવું,
પામવા મન દ્વાર ખોલી સમજવાની વાત કર.

રંગ કેવા હોય ખુલ્લા નજરભીના સ્મિતમાં,
મેઘધનુમાં રંગ એવો સરજવાની વાત કર.

ભટકવું છે આ હવાનું શ્વાસ જેવું શ્વાસમાં,
બરફ જેવી લાગણીથી પીગળવાની વાત કર.

કેમ હરપળ તું ખરે છે સમય બાંધી ડાળથી ?
હાથ તારા સાવ ખુલા જીરવવાની વાત કર.

૪૪, સહયોગનગર, ચીખલી રોડ, બીલીમોરા-૩૯૬ ૩૨૧

અમે

જયન્ત વસોયા

પળ ખુશીની કયાં નકારી છે અમે,
આંસુની ઈજ્જત વધારી છે અમે.

હું ફસાયો છું ભલે મઝધારમાં;
કૈંકની નૌકા ઉગારી છે અમે.

ફૂલ આપે, કંટકો આપે કદી;
હર અદા એની સ્વીકારી છે અમે.

ઉમ્રભર જો સાથ આપો તો કહું;
કેટલી વાતો વિચારી છે અમે.

જાણી બૂઝી એમને જીતાડવા;
બાજી ખુદની પણ સુધારી છે અમે.

શકય છે કોહું કદી દેશે ગઝલ;
જિંદગીને બહુ મઠારી છે અમે.

'અંકુર', યાદવ રોડ, દાસાપન્થી વાડી, ઉપલેટા–૩૬૦ ૪૯૦

સમજાય છે

હર્ષ બ્રહ્મભટ્ટ

શબ્દમાંથી અર્થ છૂટા થાય છે,
વેદના શું એ હવે સમજાય છે.

કોણ એને ઝાઝવાં સીંચ્યા કરે,
રોજ રાત્રે સ્વપ્ન એક ફણગાય છે.

રેત ને પગલાંનું ચાલે સંવનન,
એટલે મંઝિલ હવે અટવાય છે.

આંખ મારી એક એવો કોયડો,
જામ ખાલી છે છતાં છલકાય છે.

શૂન્યતાની આગમાં પીગળી જશે,
લાગણીઓ જે મહીં રૂંધાય છે.

મારી ભીતર કેટલું વરસ્યાં તમે,
આખે આખું અંગ લીલું થાય છે.

એ-૧, નાનાલાલ એપાર્ટમેન્ટ્સ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮

એક

અજિત ઠાકોર

એક ઉંબરે ઢળી ગયો
એક ભીંતને તરી ગયો

એકનો અવાજ સાંભળી—
એક બીકથી મરી ગયો

એક કમળ હથેળી પર—
એક કેવડો લળી ગયો

એક ઘાવથી છતો થયો—
એક વીંટી ઓળખી ગયો

એક અનેકાઈને રહ્યો—
એક કર્પૂરી ઊડી ગયો

એક વિષનું વરણ કરે
એક ખોબે રક્ત પી ગયો

એક ચાલ ચાલ ચાલતો
એક શવાસન વળી ગયો

એકને રસ્તો મળ્યો નહીં—
એક ટેકરી ચડી ગયો

એક દર્પણે ભળી ગયો
એક દર્પણો ગળી ગયો

C/o સંસ્કૃત વિભાગ, સ. પ. યુનિ., વલ્લભવિદ્યાનગર

સરજ્યા વગર!

જયન્ત ઓઝા

એક ગાડું કયારનું પૈડાં વગર,
એ બળદ ખેંચ્યા કરે સમજ્યા વગર.

બીકથી મૂંગા હતા સૌ પ્રેક્ષકો,
સિંહ પણ ફરતો હતો ગરજ્યા વગર.

આંખ ઊંચી જ્યાં કરું બ્રહ્મા હતા,
સાવ થાકેલા હતા સરજ્યા વગર!

ચામડી જાડી થવા લાગી હવે,
પોષમાં પણ રહી શકે ધ્રૂજ્યા વગર.

આંગળીઓ સાવ બુઠ્ઠી થઈ ગઈ,
દેવ પણ પત્થર થયા પૂજ્યા વગર.

૫, વિજય સોસાયટી, દાલમીલ રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧

સાવ વચોવચ ઊભો છું

રમણીક સોમેશ્વર

બારીની બંને બાજુ આકાશ રહે છે લહેરાતું,
ને બારી જેવો સજ્જડ હું સાવ વચોવચ ઊભો છું.

ના પરસેવો, ના ધ્રૂજારી, ના ભીના ભીના થાવાનું,
કોરીકટ ઋતુઓ સંગાથે, હું સાવ વચોવચ ઊભો છું.

હું મને જોઉં છું મારી આ બાજુ ને પેલી બાજુ પણ–
આ મને શોધવાના રસ્તે, હું સાવ વચોવચ ઊભો છું.

થોડી ઇચ્છાઓ પાસેની ખીંટી ઉપર લટકાવી દઈ,
એને આધારે ટીંગાતો હું સાવ વચોવચ ઊભો છું.

એક ઝપાટો તોફાની વાયુનો આવી અફળાશે,
એવી અફવાના આધારે હું સાવ વચોવચ ઊભો છું.

'પલ્લવ' ફૉરેસ્ટ ઑફિસ પાસે, નવાં અંજાર (કચ્છ)–૩૭૦ ૧૧૦

ઘાવ-ગઝલ

રમણીક સોમેશ્વર

ઘાવ સૌને મળે તરો-તાજા
ઘાવ ભૂલીને વગાડો વાજાં

કેમ ? કેવા વિચારે ડૂબ્યા છો ?
કેમ ઝબકી જવાય છે રાજ્જા !

કેટલાં સ્વપ્નને વધેરીને
ઘાવને સાચવ્યા તાજામાજા !

દોસ્ત, ભાગો ભગાય તો અહીંથી–
સાવ ખુલ્લા પડયા છે દરવાજા.

ઘાવ — ધારો કે છે વસંતઋતુ
તો પુકારો હવે, 'આજા આજા.'

'પલ્લવ', ફોરેસ્ટ ઑફિસ પાસે, નવા અંજાર કચ્છ–૩૭૦૧૧૦.

લખાયેલા કાગળો

અરુણ દેશાણી

ફળિયું-ગલી-નિશાદ-થીજેલી પીળી પળો,
ઓછપ-હવેલી-દ્વાર-અભાવોની સાંકળો.

દિવસો-વિહંગ-નીલ ગગન પાંખ-ફડફડાટ,
દિવસો-દીવાલ-બિંબ-નર્યાં ખાલી મૃગજળો.

પીંછા-અજંપો-સાંજ-પ્રતીક્ષા-અવાક્ લય,
ટહુકો-મરણ-હથેળી-રેખા સ્વપ્ન વાદળો.

રૂમાલનાં પતંગિયાં-વરસાદનાં સ્મરણ,
ફૂલોના પ્રેમપત્ર ઉપર બાઝે ઝાકળો.

રેતી-વમળ-વહાણ-કિનારાની.... સ્તબ્ધતા,
લિખિતંગ અટકળોથી લખાયેલા કાગળો.

'નીલમ' ૨૩૭૮/૧૭, રબ્બર બસ સ્ટોપ પાસે, રીંગ રોડ, સુભાષનગર, ભાવનગર-૧

ખીલ્યું !

હેમન્ત દેસાઈ

તમારા ફૂલધર અક્ષર ખીલ્યા ને સ્મરણ ખીલ્યું !
પરિમલથી સભર સાન્નિધ્યનું વાતાવરણ ખીલ્યું !

ખીલ્યાં ફૂલો, ખીલ્યા ભમરા, રીઝી ઊઠ્યા ખીલ્યા વગડા;
ખીલ્યાંની આવતાં મોસમ અમારું જ્ઞાન પણ ખીલ્યું !

બધું ખીલ્યા પછી ખીલી ઊઠ્યું મીઠું વદન છેલ્લે,
અને ત્યાં ખીલવા જેવું કસુંબલ આચરણ ખીલ્યું !

નજર મળતાં બધી હરકત ભૂલાતી, માફ થઈ જાતી;
પુરાણું એવું કેવું છાનું સચવાયેલું ઋણ ખીલ્યું !?

થતે સત્કાર ના આવો અમારો આમ તો કિન્તુ
અમારા આગમન પૂર્વે તમારું શાણપણ ખીલ્યું !

મહીલાં રૂપ-રસ-ગંધે અને શબ્દે ને સ્પર્શે પણ
કર્યાં કામણ અજબનાં એટલે અંતઃકરણ ખીલ્યું !

'સ્નેહ', ૧૨, એસ્ટ્રોન સોસાયટી-૯, અમીન માર્ગ, રાજકોટ-૩૬૦૦૦૪.

ગઝલનું મૂળ સ્વરૂપ અને ગુજરાતી ગઝલનું સ્વરૂપ

ડૉ. રશીદ મીર

જ્યાં અન્ય પ્રાંતીય ભાષાઓની તુલનામાં ગુજરાતી ગઝલ ઈયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ મોખરે છે, ત્યાં ગઝલને નામે અ-ગઝલ, ગઝલ-કલ્પ કે ગઝલ-સદૃશ કૃતિઓ પણ લખાય-છપાય છે. ઉર્દૂ પછી ગુજરાતી જ એક એવી ભાષા છે જેમાં છંદોબદ્ધ ગઝલો લખાય છે, ગઝલસ્વરૂપનું ચુસ્તીથી પાલન થાય છે. કિન્તુ નવી ગઝલ તેની આકારલક્ષી અને સ્વરૂપલક્ષી લાક્ષણિકતાઓમાં ઠીક ઠીક છૂટ લઈ અવનવા પ્રયોગો કરી રહી છે ત્યારે ગઝલના મિજાજ સામે બુનિયાદી પ્રશ્નો ઊભા થયા છે. કારણ કે પ્રત્યેક સ્વરૂપને પોતાનો આગવો મિજાજ હોય છે. અને એ જ જે તે સ્વરૂપ વિશેષની ઓળખ હોય છે. આંતરિક અનિવાર્યતા અને સૂઝ વિના થતા પ્રયોગો કેવળ મુગ્ધ અડપલાં નીવડે છે. ગઝલના સ્વરૂપ પરત્વે ઉદીયમાન પેઢીમાં પ્રવર્તતી ઉદાસીનતાનું મુખ્ય કારણ છે: (૧) ગઝલની પૃષ્ઠ ભૂમિનું અજ્ઞાન, આપણે ફારસી કે ઉર્દૂમાંથી કરેલા અનુવાદો ગેરસમજભર્યા અને અંધાનુકરણ પ્રેરિત હતા. (૨) ગુરુ-શિષ્યની ઉર્દૂ પરંપરાનો સદંતર લોપ થયો. (૩) ગઝલના સ્વરૂપને અનુલક્ષીને કોઈ પ્રમાણિત ગ્રંથ પ્રાપ્ત નથી. (૪) પાશ્ચાત્ય કે સંસ્કૃત કાવ્યશાસ્ત્રના ધારાધોરણોથી બિનઅધિકારી વ્યક્તિઓ દ્વારા ગઝલનું વિવેચન થતું રહ્યું.

જો કે વિશ્વસાહિત્યના અવલોકનથી એ સ્પષ્ટ બને છે કે વિવિધ ભાષા-સાહિત્યોમાં સૌંદર્યશાસ્ત્રીય દૃષ્ટિકોણ પરત્વે મહદંશે સમાનતા પ્રવર્તે છે. તેમ છતાં જો ગઝલનું મૂલ્યાંકન ફારસી કાવ્યશાસ્ત્ર સિવાય અને કાવ્યશાસ્ત્રના માપ-દંડો દ્વારા થાય તો તેનું અણીશુદ્ધ સૌંદર્ય ગુમાવ્યાનો વસવસો રહે. ગઝલ એક સૌંદર્યલક્ષી કાવ્યપ્રકાર છે. તેથી તેની મૂળભૂત હેસિયતને ઉજાગર કરતાં તેના આંતર-બાહ્ય ઘટકો અને ઉદ્‌ભવ–વિકાસની પૃષ્ઠભૂમિને દૃષ્ટિ સમક્ષ રાખવાં જોઈએ.

*

'ગઝલ' શબ્દ અરબી ભાષાનો છે, કિન્તુ તે ફારસી ભાષાની પારિભાષિક દેન છે. અરબસ્તાનમાં ગઝલના વિષયો કસીદામાં (પ્રશસ્તિ કાવ્ય) રજૂ થતાં રહ્યા. પણ એક સ્વરૂપ તરીકે તો તે ઈરાનમાં અસ્તિત્વમાં આવી. કસીદાનું સ્વરૂપ રાજકીય કારણસર ઈરાન પહોંચ્યું. કસીદાના ચાર ખંડો પૈકી પ્રથમ

ખંડ 'તશ્બીબ' કે 'નસીબ'માં કવિ કાલ્પનિક પ્રિયતમાના સૌંદર્યનું વર્ણન કરતો હોય છે. ત્રીજી સદીમાં રૂદકી વગેરે કવિઓએ એમાં એક સ્વતંત્ર કાવ્ય-પ્રકારની ગુંજાઈશ જોઈ તેને કસીદાથી અલગ કર્યો અને 'ગઝલ' નામ આપ્યું. ''સુખન અઝ માશૂક ગુફતન'' – અર્થાત્ સ્ત્રીઓ સાથે વાત કરવી, તેમની ચર્ચા કરવી. આમ ગઝલનાં મૂળમાં જ વાતચીતની વિભાવના છે. પારસ્પારિક સહોપસ્થિતિ તેને જીવંત બનાવે છે, ભાવસંક્રમણનો સેતુ રચાય છે. આપણે બે શેર જોઈએ :

આંખમાં વન હાથમાં રણ દઈ દીધું છે,
તેય દિવાનાને દર્પણ દઈ દીધું છે.
—શ્યામ સાધુ

*

કે ઝળહળ ઝળહળ જેવું છે દરવાજો ખોલ,
આ મરવું ઝાકળ જેવું છે દરવાજો ખોલ.
— મનોજ ખંડેરિયા

જ્યાં ગઝલમાં વાતચીતનો અંદાજ નથી હોતો ત્યાં ગઝલ પોતાની પ્રત્યાયનક્ષમતા – પ્રભાવ ગુમાવી દે છે. ગુજરાતીમાં આ પ્રકારની ગઝલો ખૂબ ઓછા પ્રમાણમાં વાંચવા મળે છે.

*

'ગઝલ' કે 'તગઝ્ઝુલ' શબ્દનો કોશગત અર્થ 'સ્ત્રીઓ સાથે પ્રેમગોષ્ઠિ કરવી' કે 'શૃંગારનું વર્ણન કરવું' એવો થાય છે. આમ ગઝલ-પ્રકારનો મૂળભૂત વિષય પ્રેમના વિવિધ ભાવોની અભિવ્યક્તિ છે. તેની પાછળ ચોક્કસ ભૂમિકા છે.

ગઝલના કેન્દ્રસ્થાને સ્ત્રી, તેનું સૌંદર્ય અને પ્રેમ હોવાનું વિશિષ્ટ કારણ છે કબીલા પદ્ધતિનું અરબી જીવન. ઘાસચારા અને પાણીની શોધમાં આમતેમ ભટકતા રહેતા. આ રખડું જીવન દરમિયાન કેટલાય સ્ત્રી-પુરુષો એકબીજાના પરિચયમાં આવતાં. નિશ્ચિંત જીવન, ફુરસદનો અવકાશ અને ઊર્મિઓના આવેગને કારણે પ્રેમવૃત્તાંતોને વિકસવાની વિપુલ તકો પ્રાપ્ત હતી. પૂર્વકાલીન ઇસ્લામના એ યુગમાં આવા પ્રકારની 'ખૂબસૂરત જિંદગી' ન મળે ત્યાં સુધી જીવનને અસ્થિર સૂનું અને વેરાન માનવામાં આવતું. સ્ત્રીના આવા મહત્ત્વને કારણે અરબી કવિતામાં પહેલેથી જ સ્ત્રી ગઝલનો પ્રાણ, ગઝલની પ્રતિષ્ઠા અને ગઝલનું કેન્દ્ર રહી છે. આ સંદર્ભમાં કે. એ. ફારિક લખે છે :

The reason of its prevalence and popularity in

the Umayyad period was the induction of wealth in the form of land, property, gardens, gold, silver and large numbers of prelty women in to Arab Society in the wake of conquests over unbelievers in and out side Arabia and comming of the best part of this wealth, including the Slave-girls, in the possession of the caliphs, princes and large Arab aristocracy related to the prophet.

પરંતુ ગઝલને કેવળ પ્રેમની રજૂઆત પૂરતી સીમિત સમજવું અને એ કારણે એમાં રુચિ કેળવવી એ ગઝલના સ્વરૂપ અને એના સૌંદર્યલક્ષી પાસાંઓને અવગણવા સમાન છે. આમ તો વિશ્વકવિતા પણ આરંભથી જ પ્રેમના ભાવોને વ્યક્ત કરતી રહી છે. તો પછી પ્રેમની અભિવ્યક્તિ કરવામાં ગઝલની શી નવીનતા છે? જીવનના વિવિધ અનુભવોને પ્રેમના રંગે રંગી એક એવા રાસાયણિક સંયોજનરૂપે રજૂ કરે છે જે પ્રભાવક નીવડે છે. આ અંદાઝ એટલે 'ગમે-દુનિયા' – સાંસારિક દુઃખોને, 'ગમે-જાનાં' – પ્રિયતમાના દુઃખરૂપે અભિવ્યક્ત કરવાની વિશેષ કળા. ગઝલમાં ત્યાં સુધી સૌંદર્યબોધનો અનુભવ થતો નથી. જ્યાં સુધી આવા વિષયો–અનુભવો સર્જકના જીવન અને મિજાજના ભાગ રૂપ ન બની ચૂક્યા હોય. અનુભૂતિજન્ય સામગ્રીને કારણે જ ગઝલ સ્પર્શક્ષમ નીવડે છે. આપણે થોડા શેર જોઈએ :

જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે,
પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.

*

મારી ઇચ્છા તો હમેશાં સીધીસાદી હોય છે,
લાકડી જળમાં ઝબોળી કે તરત વાંકી હતી.

— ચિનુ મોદી

મોત વેળાની આ ઐયાશી નથી ગમતી 'મરીઝ',
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે.

— મરીઝ

*

અધરના ગોખમાં બેસી રહે શબ્દોનાં પારેવાં,
પરસ્પર હોય ખામોશી અને નિર્ણય થવા લાગે.

— ગની દહીંવાલા

પરંપરિત અને સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલમાં અનુભૂતિજન્ય વિષયવસ્તુનું પ્રાધાન્ય નોંધપાત્ર છે, પરંતુ નવીન ગઝલમાં તેનું ઘુંટાયેલું રૂપ નહિવત્ જોવા મળે છે. તેથી આવી ગઝલો કૃતક લાગે છે.

*

ગઝલરચનામાં શેરની સંખ્યા મોટા ભાગે ૧ થી ૧૯ હોય છે. તેમ છતાં સંખ્યાનો કોઈ જડ નિયમ નથી. તે કવિપ્રતિભા પર આધાર રાખે છે. ગઝલના વિવિધ શેરમાં વિભિન્ન વિચારો રજૂ થતા હોવા છતાં માળાના મણકાની જેમ તે બધા આંતરિક સૂત્રથી સંકળાયેલા હોય છે. શેરના પ્રથમ ચરણને 'ઉલા મિસરા' અને બીજા ચરણને 'સાની મિસરા' કહે છે. શેરના પ્રથમ ચરણમાં કોઈ વિચાર કે ભાવ મૂકાય છે અને બીજા ચરણમાં જનોઈવઢ ઘાની જેમ તેનું ઉદ્ઘાટન થાય છે. આમ શેરનાં બંને ચરણ વચ્ચે ચમત્કૃતિજન્ય સંબંધ હોય છે. અને તેથી જ ચોટ અનુભવાય છે, ચોંકાવે છે. શેરમાં જો ચોટ ન હોય તો તે કેવળ ઉખાણું બની રહે છે. એક-બે ચોટદાર શેરનો આસ્વાદ કરીએ :

મારી પાછળ મારી હસ્તી એ રીતે ભુલાઈ ગઈ,
આંગળી જળમાંથી નીકળી ને જગા પુરાઈ ગઈ.

— ઓજસ પાલનપુરી

આવીને આંગળીમાં ટકોરા રહી ગયા,
સંકોચ એટલો ન કોઈ બંધ દ્વાર દે.

— મરીઝ

હવે ગમે તે દિશામાં વહાવી જા તું સમય,
સળગતી રેતના કાંઠા ઉપર પડેલો છું.

— આદિલ મન્સુરી

પ્રાસાદિક-સરળ વાણી, વિચારોની સાદગી-સચ્ચાઈ-નવીનતા, ભાવનું ઊંડાણ-ચોટ, પ્રતીક-અલંકારનો સમુચિત વિનિયોગ આદિ શેરીયતનાં વાનાં છે. અત્યારની મોટાભાગની ગઝલોમાં શેરીયતની ન્યૂનતાને કારણે આવી કૃતિઓ ગઝલ કરતાં નઝમ-વર્ણનાત્મક કાવ્યપ્રકારની વધુ નજીક લાગે છે. એમાં નરી શબ્દાળુતા હોવાથી ચોટનો અનુભવ થતો નથી.

મત્લા-મક્તા કે રદીફ-કાફિયા જેવા ગઝલના બાહ્ય વિશેષો આકારની

સુશ્લિષ્ટતા અને સૌંદર્યબોધ માટે અનિવાર્ય છે. ગઝલ ખાસ આકાર ધારણ
કરે છે. એની અનુપસ્થિતિમાં ગઝલમાં ન્યૂનતા – કશું છૂટી ગયાનો અહેસાસ
થાય છે. ગઝલ પોતાનો સૌંદર્યલક્ષી પ્રભાવ ગુમાવી દે છે. તેથી જ ફારસી –
ઉર્દૂમાં આવી નામુકમ્મલ–અપૂર્ણ ગઝલો મળતી નથી. ગઝલના બાહ્ય આકારની
સાથે સર્જકની વૈયક્તિક લાગણીનો અનુબંધ હોવાથી પ્રત્યેક ગઝલકાર આ
તથ્ય પ્રત્યે સજાગ રહે છે. બાહ્ય પરિસ્થિતિ કવિની ચેતનાને પ્રભાવિત કરે છે
આ પ્રભાવ ઘેરો બને ત્યારે કાવ્યનું પાત્ર છલકાઈ ઊઠે છે. સંવેદન છલકાઈને
મત્લાનું રૂપ ધારણ કરે છે. આ આવેગની અભિવ્યક્તિ ગઝલમાં વિશિષ્ટ લય
સાથે આરંભાય છે. સમગ્ર ભાવદશા કેટલાક અસંબદ્ધ સંદર્ભોને પણ પોતાની
અંદર સમાવી લેતી હોવાથી ગઝલના શેરોમાં વિશ્રૃંખલતા લાગે છે. પરંતુ
આવા શેરનું મૂળભૂત વિષયવસ્તુ એ જ પરિસ્થિતિની દેન હોય છે, જેના
પ્રભાવ હેઠળ કવિ સર્જન કરતો હોય છે. ભાવસ્થિતિનો આ લય શેરમાં
રદીફ–કાફિયાના નિર્વાહથી આવિષ્કાર પામે છે. આ ભાવસ્થિતિની પૂર્ણતા
અને લય ગઝલમાં ઉપલક દૃષ્ટિએ જોવા મળતાં અપૂર્ણતા – વિશ્રૃંખલતાને
બૌદ્ધિક અને ચિંતનાત્મક સેતુ એક હેસિયત અને આકાર સર્જે છે, જે દ્વારા
ગઝલમાં સૌંદર્યલક્ષી પ્રભાવનો આવિર્ભાવ શક્ય બને છે. જયેન્દ્ર શેખડીવાળા
બે કાફિયા કે બે રદીફવાળી ગઝલ આપે છે. મત્લા – મક્તા વિનાની અસંખ્ય
ગઝલો જોવા મળે છે. ગઝલમાં રદીફ ન હોય તો ચાલે, પરંતુ કાફિયા તો
હોવા જ જોઈએ.

ગઝલકાર સંપૂર્ણ ગઝલની મગદૂર અને આકારની સાથે સાથે પૃથક્
શેરની મગદૂર અને આકારને પણ દૃષ્ટિ સમક્ષ રાખે છે. પરિણામે એક શેરનું
ગજું એકાદ કાવ્ય જેવડું હોય છે. પૃથક્ શેરનું પણ આગવું સૌંદર્ય હોય છે
શેર ગઝલના આકારનું બુનિયાદી અંગ હોવાથી તેને ગઝલના લય સમગ્રનો સાથ
આપવો પડે છે. શેર પોતાની સ્વતંત્ર હેસિયત ઉપરાંત પારસ્પારિક સહયોગથી
ગઝલ સ્વરૂપને અખિલાઈ અર્પે છે. તેથી જ શેરની ગઝલના સમગ્ર પ્રભાવથી
પૃથક્ મૂલવણી કરવી કોઈ પણ રીતે વાજબી નથી. એક તરફ રદીફ ગઝલના
પગમાં ઝાંઝરની ગરજ સારે છે, તેનું સંગીત વિષયવસ્તુને પ્રભાવિત કરે છે
તો બીજી તરફ તેની કમનીયતાને સાંકળના બોજનો અહેસાસ પણ કરાવે છે
ગઝલમાં વાચાળ કાફિયા દોષરૂપ છે. નવી ગઝલ સાથે નવા કાફિયા યોજવા
એ ગઝલકારની કલા છે. કાફિયા ભાવ અને વિષયને અનુરૂપ હોવા જોઈએ. કાફિયા
વિનાની ગઝલ પોતાની વિશિષ્ટ શૈલી અને લયને સુરક્ષિત રાખી શકતી નથી

આ કોઈ વ્યર્થ બંધન નથી. તેને અનુષંગે ઊર્મિની તીવ્રતા અને કલ્પનાના રંગ દ્વિગુણિત થઈ જાય છે.

*

આધુનિક ગઝલપ્રવાહમાં સૌ પ્રથમ આદિલ મન્સુરીએ અદ્યતન કાવ્યવિભાવનાનાં લક્ષણોને પોતાની ગઝલોમાં ઉતાર્યાં. એમના ઉર્દૂ ગઝલના સંપર્કનું આ સીધું પરિણામ હતું. નહિતર ગુજરાતી ગઝલને મળેલો આ વળાંક કદાચ અન્ય દિશામાં હોત! પ્રયોગશીલ ગઝલમાં હાઈકુ-ગઝલ, ગીત-ગઝલ, સૉનેટ-ગઝલ, દુહા-ગઝલ જેવા સ્વરૂપ-સંયોજનના પ્રયોગો પણ થયા છે. અહીં પણ પાછો જે તે સ્વરૂપની સ્વાયત્તતાનો પ્રશ્ન ઊભો થાય છે. ગીતની વર્ણનાત્મક રીતિ, સૉનેટનો ઉથલો કે દુહાની ઉપદેશાત્મક શૈલી ગઝલની વ્યંજનાશૈલી સાથે કઈ રીતે તદ્રૂપ થઈ શકે? અલબત્ત ગીતનો લય, સૉનેટના અંતે આવતો વળાંક અને શેરની ચમત્કૃતિ, હાઈકુનું ગતિશીલ વેધક ચિત્ર વગેરે થોડે ઘણે અંશે ગઝલની તાસીરમાં ભળી શકે. ગઝલના મિજાજને અકબંધ જાળવીને અન્ય સ્વરૂપો સાથે તેનું સંયોજન થાય તો તે આવકાર્ય છે, અન્યથા એ સંયોજન ન થતાં 'સંકર' કે 'મિશ્રણ' બની રહે છે. વિષય, ભાવ, અભિવ્યક્તિ વગેરેના પ્રયોગોનું મૂલ્યાંકન પણ ગઝલની સંઘટના-ઋતના પરિપ્રેક્ષ્યમાં થવું ઘટે.

ગઝલમાં રૂપ કે આકાર વિષયને આશ્રિત છે. આકારનું સૌંદર્ય અતિ આવશ્યક છે. વિષયની અનુપસ્થિતિમાં આકારની કલ્પના કરવી લગભગ અશક્ય છે. કવિ ચિત્રો અને શબ્દો વિના કશું વિચારી શકતો નથી. તેથી જ વિષય પોતાની સાથે આકાર લઈને આવે છે કવિનો અનુભવ અને અભ્યાસ આકારને પોતાની ક્ષમતાઓથી વધુ સુંદર બનાવી શકે છે. આકાર અને વિષયનો સમન્વય ગઝલમાં સંતુલન અને નવીનતા આણે છે.

અનુભવની વિકાસ પ્રક્રિયા પ્રત્યેક યુગમાં ચાલુ જ રહી છે. વૈચારિક ક્રાંતિના પ્રભાવ હેઠળ જ્યારે પણ વસ્તુએ નવો આકાર ધારણ કર્યો છે, ત્યારે નવા વિષયો ઉદ્ભવ્યા છે, નવા વિચારો અને નવું ચિંતન અસ્તિત્વમાં આવ્યા છે. આ પરિવર્તનની પ્રક્રિયાના અનુષંગે ગઝલનો આકાર બદલાયો છે. અભિવ્યક્તિ અને વર્ણનશૈલીના પ્રયોગોએ પણ નૂતન રીતિ-રંગ ધારણ કર્યા છે. દરેક યુગના સૌંદર્ય તકાદા ભિન્ન હોય છે. આ તકાદાને ઘડનાર પરિબળોના પ્રભાવ તળે બદલાતા વિષયવસ્તુએ ગઝલના આકારમાં વૈવિધ્ય આણ્યું છે. આકારનું આ અનુભવ વૈવિધ્ય એ વાતને સિદ્ધ કરે છે કે તેણે પ્રત્યેક યુગની સૌંદર્ય અપેક્ષાઓને સંતોષી છે. તેથી જ ગઝલ સ્વરૂપની અભિવ્યક્તિ અને

વર્ણનશૈલીમાં વૈવિધ્ય જોવા મળે છે. એ વિશેષતા નોંધવી જોઈએ કે આ વૈવિધ્ય કોઈ પણ યુગમાં ગઝલના આકાર માટે અપરિચિત જણાયાં નથી, કેમકે કોઈપણ યુગમાં આ અનુભવો પરંપરાથી વિમુખ થયા નથી. તેમનો સ્રોત પરંપરામાં રહેલો છે. તેમનું અસ્તિત્વ પણ પરંપરાની ભૂમિ પર જ નિર્ભર રહ્યું છે.

ગુજરાતી ગઝલનાં વિકાસ અધ્યયનથી પણ આ આકારલક્ષી પરિવર્તનની પ્રક્રિયા જોઈ શકાય તેમ છે. ગુજરાતી ગઝલના પ્રારંભિક તબક્કાના સર્જકો બાલાશંકર–કલાપી–સાગર વગેરેની ગઝલોમાં વિષયવસ્તુ, છંદ, પ્રતીકો, બંધારણ આદિમાં ફારસી ગઝલનું અનુકરણ છે. લૌકિક–અલૌકિક પ્રેમ અને ચિંતન જેવા વિષયો સુધી જ તેની ગતિ સીમિત છે. ગુલો–બુલબુલ, શમા–પરવાના, ખિઝાં-બહાર, જામ–શરાબ–સાકી–મયખાનું, આશિક–માશુક જેવાં રૂઢ પ્રતીકો જ પ્રયોજાયાં છે. ફારસી ગઝલની ઈમારત ગુજરાતી ગઝલમાં પૂર્ણતયા ઊતરી આવી છે. ઈરાની વાતાવરણ એટલી હદે છવાઈ ગયું છે કે રામાયણ, મહાભારત, ગંગા–જમના, હિમાલય જેવા સાંસ્કૃતિક સંદર્ભો વિસારે પાડી દેવાયા છે. ફારસી કવિતાની તુલનામાં અરબી કવિતામાં અનુભૂતિની નવીનતા, કલ્પનાની તાજગી, ભાવની તાત્ત્વિકતા અને વૈયક્તિક વિશેષતાઓ વધુ હોવા છતાં રાજકીય પ્રભાવને કારણે આપણે અરબીને બદલે ફારસી કવિતાનું અનુસરણ કર્યું. ફારસી કવિતાએ પોતાના છંદ–આકાર અરબી કવિતા પાસેથી અપનાવ્યા ખરા, પણ તેમાં પરિવર્તન–પરિવર્ધન કરીને ઈરાની દર્શન, વિચારધારા અને સભ્યતાના રંગે રંગી દીધો. પોતાની મૌલિક ઉદ્ભાવનાઓ દ્વારા તેમણે સંગીતમાં પણ વિશિષ્ટ ઈરાની રંગ ઉત્પન્ન કરી દીધો. તેથી વિપરીત આપણે ફારસી કવિતાને હૂબહૂ અપનાવી. આપણી કલા કવિની નહીં પણ અનુવાદકની રહી.

ગઝલના બીજા તબક્કામાં અમૃત કેશવ નાયકની રાહબરી હેઠળ ગઝલમાં કંઈક નિખાર આવ્યો. રંગભૂમિના માધ્યમે ગઝલને લોકાભિમુખ–લોકભોગ્ય બનવા લાગી. વિષય-વસ્તુનો વ્યાપ સહેજ વધ્યો. પ્રાસાનુપ્રાસની સાવજત થવા લાગી. છંદ અનુસાર ગઝલ લખવાની સૂઝ વધી. તત્સમ શબ્દોનો ઉપયોગ થવા લાગ્યો.

શયદાથી આરંભાતા ત્રીજા તબક્કામાં ગઝલનું ગુજરાતીકરણ થયું. દેશગત સંદર્ભો–પ્રતીકોનો વિનિયોગ થવા લાગ્યો. મુશાયરા પ્રવૃત્તિએ વેગ પકડ્યો. ગઝલ વધુ ને વધુ લોકાભિમુખ બનવા લાગી. તેનું સમજપૂર્વક ખેડાણ થવા લાગ્યું. તે ગુજરાતી વાતાવરણ અને સંસ્કારની પ્રવક્તા બની.

ચોથા તબક્કામાં ઘાયલ–મરીઝ–શૂન્યની પેઢીએ ગઝલના શીલ અને સૌંદર્યને સિદ્ધ કર્યાં. તેના સ્વરૂપની નિષ્ઠાપૂર્વક માવજત કરી. ગઝલમાં ઊંડાણ અને વ્યાપ વધ્યા. છંદ અને વિષયવૈવિધ્ય ઠીકઠીક પ્રમાણમાં જોવા મળ્યાં. સાહિત્યમાં ઉપેક્ષિત ગઝલે આપબળે પોતાનું સ્થાન મેળવ્યું.

સ્વાતંત્ર્યોત્તર ગઝલમાં નવી કવિતાનાં લક્ષણોનો સુપાક ઊતર્યો. ગઝલમાં વિષયને બદલે કલાને પ્રાધાન્ય અપાયું. સૂક્ષ્મ સંવેદનો અને માનસિક ચલણ-વલણો નિરૂપાવાં લાગ્યાં. ગઝલ નવી કવિતાના સંસ્પર્શે વધુ સૌંદર્યાભિમુખ–કલાભિમુખ બની. આદિલ–ચિનુ–મનોજ–રમેશ પારેખ–ભગવતીકુમાર શર્મા–રાજેન્દ્ર શુકલ જેવા ગઝલસર્જકોએ સ્વરૂપને વફાદાર રહીને ગઝલમાં સમકાલીન પ્રવાહો–પરિબળોને ઝીલ્યાં.

*

ઊંટોને ઝડપથી ચલાવવા માટે અરબસ્તાનમાં 'હદીખ્વાનીનો'નો ઉપયોગ શરૂ થયો, જે વાસ્તવમાં ગાવાની એક ઢબ હતી. તેને 'રજઝ' કહે છે, જેનો અર્થ છે–'ઊંટનું હાલવું અને ચાલવું'. રજઝની શોધ પછી એમાં ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. જેની સંખ્યા ખલીલ–બિન–અહેમદ અનુસાર ૧૫ થાય છે. નહવી અખ્ફશે તેમાં 'મુતદારિક' નામે છંદનો ઉમેરો કર્યો. પાછળથી ઈરાની કવિઓએ કરીબ, જદીદ અને મશાકીલ નામે ત્રણ છંદોની શોધ કરી. આમ ગઝલના મૂળ છંદો ૧૯ થયા. તે પૈકી કોઈ પણ એક બહરમાં ગઝલની રચના થવી જોઈએ. અલબત્ત આ મૂળ બહરોમાં તડજોડ કરી શકાય છે. આપણી કાવ્યચેતનાને ઉપકારક નીવડી શકે તે રીતે આપણે સંસ્કૃત વૃત્તોને પણ ગઝલમાં પ્રયોજી શકીએ. ગઝલના મિજાજને અનુરૂપ કોઈ પણ છંદ ગઝલમાં પ્રયોજી શકાય. ઉદાહરણરૂપે જોઈએ :

સાંજ ઢળતા જ રોશન થતા, સહેકતા
હાથ ગજરા, ગળે હાર ઝૂલાવતાં;

ખીંટીએ લટકતી રાખીને રિક્તતા,
આ અમે નીકળ્યા ખેસ ફરકાવતા !

જયેન્દ્ર શેખડીવાળાએ એક જ ગઝલમાં એકથી વધુ છંદોનો પ્રયોગ કર્યો છે. છંદોવિધાન અને આકારની તોડફોડને કારણે ગઝલનું આકારલક્ષી સૌંદર્ય નંદવાય છે.

*

શેર અને ગેયતા વચ્ચે ઘનિષ્ઠ સંબંધ હોવાનું મનાય છે. અરબીમાં પઢ 'ઈન શદ્દઉલ શેઅર'– રાગ સાથે શેરનું પઠન કરવું, એમ અત્યાર સુધી કહેવાય છે. પૂર્વ ઈસ્લામ કાળમાં સંગીતની લોકપ્રિયતા વિષે કે. એ. ફારિક નોંધે છે :

Music was also an important Concomitant of the luxurious living of the Arabs. Maids, trained in music, vocal as well as in strumental were in great demand.

......of all the forms of Poetry, only the Gazal was sang and relished in the musical Concerts.

*

ગઝલમાં બાહ્યઘટકોની હયાતી હોવા છતાં ગઝલ, ગઝલ ન પણ નીવડે. ગઝલને તેનાં આંતર ઘટકો સાચા અર્થમાં ગઝલ બનાવે છે. આ આંતર-ઘટકો છે :

૧ હુસ્ને-ખયાલ-વિચારનું સૌંદર્ય

૨ અંદાઝે-બયાન-અભિવ્યક્તિ

૩ મૌસિકી-સંગીત

૪ તસવ્વુફ-અધ્યાત્મ

૫ નુદરત-નાવીન્ય કે વૈચિત્ર્ય

ઉપરાંત મુહાકાત-બિંબવિધાન, તખૈયુલ-કલ્પના, બદીઅ-અલંકાર, પ્રતીક, આહંગ-લય, રમ્ઝ-રહસ્ય, ઈમાઈયત-સાંકેતિકતા, ઈખ્તેસાર-સંક્ષેપ, તલ્મીહ-પુરાણકલ્પન, આદિનું રાસાયણિક સંયોજન ગઝલત્વનું નિર્માણ કરે છે.

ગઝલ અને તગઝ્ઝુલનો સંબંધ અવિભાજ્ય હોવા છતાં બંનેની વિભાવનાઓ જુદી છે. ગઝલ એક કાવ્યપ્રકાર છે, જ્યારે તગઝ્ઝુલ એક વર્ણનશૈલી અને અભિવ્યક્તિ. ઈરાનના વિશિષ્ટ સંજોગો તેને અસ્તિત્વમાં લાવ્યા. ગઝલમાં અંદાઝે-બયાં અને તર્ઝે-અદાનો સંપૂર્ણ મેળ છે. આંતરબાહ્ય ઘટકોના સંયોજન દ્વારા વર્ણનશૈલી અને અભિવ્યક્તિનો આવિષ્કાર થાય છે. આ બંને દ્વારા તગઝ્ઝુલનું નિર્માણ થાય છે. ગઝલમાં સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, આધ્યાત્મિક વગેરે વિષયો વ્યક્ત કરવામાં પ્રેમ સામાન્ય પરિબળ–Factor રહે છે અને તેની વર્ણનશૈલીને જ તગઝ્ઝુલ કહે છે. એનો પ્રભાવ ખૂબ ઘેરો હોય છે, જેને અનુભવવા વિશિષ્ટ રુચિ અને મિજાજ અપેક્ષિત છે. વાણી અને લઢણ તાઝ્ઝુબ માટે ખાસ મહત્ત્વ રાખે છે. પ્રેમનું વાતાવરણ સર્જવામાં તેનો લહેકો અને કમનીયતા વિશેષ ભૂમિકા ભજવે છે.

ભારતમાં ૩૦૦ વર્ષ સુધી સામંતશાહીના કલ્પનાશીલતાના ઓછાયો બની વિકસેલી ગઝલ આજે સફળતાપૂર્વક ૨૦મી સદીની સભ્યતા અને સાંસ્કૃતિક વિશેષોને પોતાની આગવી વ્યંજકતા અને સંકેતો દ્વારા વ્યક્ત કરી રહી છે. તેનું સ્વરૂપ જ એવું અનુનેય છે કે પોતાના નૈસર્ગિક મિજાજ અને પરિપાટીને કાયમ રાખીને પ્રત્યેક યુગના પરિબળોને અનુરૂપ પોતાને ઢાળી લે છે આપણી કાવ્યરુચિ અને સૌંદર્યાનુભૂતિ સાથે તે એકરૂપ થઈ ગઈ છે. એક પ્રાચીન અને પરંપરિત સ્વરૂપને આપણે મહદંશે આપણાં વાતાવરણ, પરિસ્થિતિ, ચિંતન અને મિજાજની પ્રવકતા બનાવી. વિપરીત સંજોગોમાં પણ તેની લોકપ્રિયતા અને રુચિ ઓર વધ્યાં એનું કારણ એ છે કે ગઝલ દ્વારા લોકોને માનસિક અને ભાવનાગત સુખ મળતું રહ્યું છે. તે હમેશાં જીવનની ગતિ સાથે ઓતપ્રોત રહી છે.

વિકાસકાળના પ્રમુખ ગુજરાતી ગઝલકારો

ભગવતીકુમાર શર્મા

'ગુજારે જે શિરે તારે' અને 'કંઈ લાખો નિરાશામાં' એ ગઝલોને ગુજરાતી ભાષાની પહેલી બે 'શુદ્ધ ગઝલો' ગણીને તે સન્દર્ભમાં હાલ ગુજરાતી ગઝલની શતાબ્દી ઉજવાઈ રહી છે ત્યારે એ વાતની નોંધ લેવી જોઈએ કે તે પહેલાં પણ ગઝલ નામધારી રચનાઓ આપણી ભાષામાં રચાતી તો હતી, તેમાં ગઝલની સ્વરૂપગત શાસ્ત્રીયતા નહોતી કે ઓછી હતી એટલું જ. પણ સાચી ગુજરાતી ગઝલના આવિર્ભાવને એકસો વર્ષ થયાં છે. એમ સ્વીકારીએ તો લાગલું એવા મંતવ્ય પર આવવું પડે કે આ એકસો વર્ષમાંથી પ્રથમ લગભગ સિત્તેર વર્ષના પટ પર તો પરંપરાગત ગઝલનું વર્ચસ્વ રહ્યું છે, જ્યારે આધુનિક કે નવતર કે પ્રયોગશીલ ગઝલના અભિયાનને તો હજી માંડ ત્રણ દાયકા થયેલા લેખાય. વળી આજે આધુનિક ગઝલના વર્ચસ્વના સમયગાળામાં પણ પરંપરાગત ગઝલો તો લખાતી જ રહે છે. આમ, ગુજરાતી ગઝલ પર પરંપરાનું વર્ચસ્વ સમયના વ્યાપની દૃષ્ટિએ બહોળું રહ્યું છે.

બહુ વ્યાપક રીતે ગુજરાતી ગઝલના ત્રણ મુખ્ય તબક્કાઓ લેખી શકાય : (૧) આરંભથી લગભગ ૧૯૪૦ સુધીનો ઘડતરકાળ, (૨) ૧૯૪૦થી આશરે ૧૯૬૦ સુધીનો વિકાસકાળ અને (૩) ૧૯૬૦થી આજ પર્યંતનો પ્રયોગકાળ. આમાંથી પ્રથમ તબક્કામાં ગુજરાતી ગઝલ મુખ્યત્વે તેના બાહ્ય સન્દર્ભે શાસ્ત્રીયતા સુધી પહોંચવા માટેની મથામણમાં પડેલી જણાય છે. આ સમયગાળાની ગુજરાતી ગઝલ પર બાની, પ્રતીકો, અભિવ્યક્તિનાં બીજાં ઉપકરણો ઇત્યાદિની દૃષ્ટિએ ઉર્દૂ અને ફારસી ગઝલનો ઊંડો પ્રભાવ વર્તાય છે. છન્દશુદ્ધિ, કાફિયા રદીફ વિશેની સાચી સમજ, ગઝલના બહિરંતર માળખા વિશેનો ખ્યાલ, શે'રની ચુસ્તી અને સફાઈ, આ બધું હજી ઘડાતું આવતું હોવાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. આથી આ તબક્કામાં ગઝલ નામધારી રચનાઓ વધારે અને સાચી ગઝલો ગણીગાંઠી મળે છે જે લગીરેય આશ્ચર્યજનક નથી. ઘડતરકાળની રચનાઓ તેવી જ મહદ્અંશે હોય. કલાપી, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, બાલાશંકર કંથારિયા, 'સાગર' મહારાજ વગેરેની ગઝલો તેના પ્રમાણરૂપ છે. સૂફીવાદની ઊંડી અસર હેઠળ પણ આ તબક્કાની ગઝલો આવેલી છે. પરંતુ આ સમયગાળામાં જ ગુજરાતી ગઝલ તેની શાસ્ત્રીયતા સન્દર્ભે પગભર થતી હોવાનું જણાય છે. જેને આધારે આપણે ગુજરાતી ગઝલની શતાબ્દી ઊજવી

રહ્યા છીએ તે અને બીજી થોડીક તેની સમકાલીન ગઝલો તેના ઉદાહરણરૂપ છે.

ગુજરાતી ગઝલના આ ઘડતરકાળનાં મુખ્ય કેન્દ્રો મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર રહ્યાં, તો તે પછીના વિકાસકાળનાં મથકો રાંદેર, સૂરત અને મુંબઈ રહે છે તે નોંધપાત્ર છે. ગુજરાતનો પહેલો પદ્ધતિસરનો ગુજરાતી મુશાયરો રાંદેરમાં યોજાયો હતો અને તેની અર્ધશતાબ્દી ચારેક વર્ષ પર ઉજવાઈ ગઈ. રાંદેરના 'મુસ્લિમ ગુજરાત ગઝલ મંડળે' ગુજરાતી ગઝલને પ્રબળ ચાલના આપી અને પછી એ ક્રમ સૂરત, મુંબઈ તથા અન્યત્ર 'મહાગુજરાત ગઝલ મંડળ' જેવી સંસ્થાએ આગળ ધપાવ્યું. ઘડતરકાળની ગુજરાતી ગઝલો ગ્રંથસ્થ વધારે થઈ અને કેટલીક પાઠ્યપુસ્તકો સુધી પણ પહોંચી, જ્યારે ૧૯૪૦ની આસપાસ નીખરી ઊઠેલાં વિકાસકાળની ગુજરાતી ગઝલે મુખ્યત્વે મુશાયરાના મંચને પોતાનું માધ્યમ બનાવ્યું. રાંદેરમાં આરંભે જે મુશાયરાઓ થતા તેમાં રજૂ થયેલી ગઝલોને ગ્રંથસ્થ કરવાનું ઈષ્ટ વલણ પણ હતું. વળી આ મુશાયરાઓના પ્રમુખસ્થાનેથી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી અને બીજા સાક્ષરો અભ્યાસપૂર્ણ વ્યાખ્યાનો આપતા તે પણ ગ્રંથસ્થરૂપે સુલભ છે. આ એક સારું અને ફળને પાયાનું કામ થયું, પણ ગુજરાતી ગઝલ બહુ ઝડપથી લોકપ્રિય બની અને પછી મંચ તેનું પ્રમુખ વાહન બન્યો; ગઝલોને ગ્રંથસ્થ કરવાનું વલણ ઘટી ગયું. આ તબક્કાના મૂર્ધન્ય ગઝલકાર 'શયદા' સાહેબનો વ્યવસ્થિત ગઝલસંગ્રહ આજે પણ ઉપલબ્ધ નથી! એ ગાળાના બીજા પ્રમુખ ગઝલકારોમાંથી માત્ર 'અમીન' આઝાદનો સંગ્રહ 'સબરસ' તે કાળે મળે છે. ૧૯૫૨માં 'ગની' દહીંવાલાનો પ્રથમ ગઝલસંગ્રહ 'ગાતાં ઝરણાં' સ્વ. ઉમાશંકર જોશીની સુન્દર પ્રસ્તાવના સાથે અને રતિલાલ 'અનિલ'નો ગઝલસંગ્રહ 'ડમરો અને તુલસી' ચુનીલાલ વર્ધલાલ શાહની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના સાથે પ્રગટ થયા તે પછી જ ગુજરાતી ગઝલસંગ્રહોના પ્રકાશનનું વલણ સ્થિર થયું. ગુજરાતી ગઝલની આ વધારે પડતી મંચાભિમુખતાએ એક તરફ તેને બહોળી અને ઝડપી લોકપ્રિયતા બક્ષી તો બીજી તરફ સાક્ષરવર્ય ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા વિવેચકે અતિરંજનનાં ભયસ્થાનો જાણી લાલબત્તી પણ ધરી.

આમ છતાં એક વાત ચોક્કસ કે ગુજરાતી ગઝલે તેના બહિરંતર સ્વરૂપ પરત્વે આ તબક્કા દરમિયાન ખસૂસ ઊંચેરાં શિખરો સિદ્ધ કર્યાં. છન્દશુદ્ધિ આ સમયગાળાના ગઝલોમાં અપવાદ નહિ પણ નિયમરૂપ બની. આ તબક્કાના ગઝલકારોએ તેઓની ગઝલોમા જેટલું છન્દોવૈવિધ્ય દાખવ્યું તેટલું હજી તેઓના અનુગામીઓએ બતાવવું બાકી છે. રદીફ કાફિયાની અર્થવત્તા તથા તેના

વિનિયોગ પ્રત્યેની સમજ પણ આ તબક્કાના ગઝલકારોએ દાખવી અને પ્રયોજી, પરંતુ ગઝલપ્રવૃત્તિની મંચકેન્દ્રિતાને કારણે કેટલીક વાર આ ગઝલોમાં કાફિયાબંધી કે કાફિયાપરસ્તીનું વલણ પણ જોવા મળે છે. આ તબક્કાના ગઝલકારોએ જે મોટું અને મૂલ્યવાન પ્રદાન કર્યું તે તો ગુજરાતી ગઝલને સાચા અર્થમાં 'ગુજરાતી' બનાવવાનું. ગુજરાતી ગઝલ પરનો ઉર્દૂ-ફારસીનો અનાવશ્યક બોજ તેઓએ ઘણે અંશે ઉતારી નાખ્યો. ગઝલમાં તેઓએ શુદ્ધ શિષ્ટ ગુજરાતી પદાવલિ પ્રયોજવાનું વલણ દાખવ્યું, તેટલું જ નહિ, કેટલાક ગઝલકારોએ તેઓની ગઝલોમાં પ્રદેશ વિષેની લોકબોલીના રંગને પણ સાર્થક રીતે ઘૂંટી બતાવ્યો. શે'રની શે'રિયત, ગઝલનો મિજાજ, આ બધું પણ તેઓની ગઝલોમાં સિદ્ધ થતું આવ્યું. આપણાં તળપદાં ભાવપ્રતીકોને પોતાની ગઝલોમાં પ્રયોજવાનું પ્રશસ્ય વલણ તેઓએ પ્રગટાવ્યું. આ ગઝલ પુરુષાર્થને પરિણામે ગુજરાતી ગઝલ પોતીકી અસ્મિતા પ્રગટાવવા ભણી અગ્રસર થઈ. તે સાથે તેની પ્રત્યનશીલતા—communication પણ જળવાઈ રહ્યાં. ગુજરાતી ગઝલોની બહોળી લોકપ્રિયતા તેની પ્રત્યનશીલતા વિના સિદ્ધ થઈ જ ન હોત. જો કે આમાં પણ ઊંડાણ, નક્કરપણું તથા કાવ્યપદાર્થને ભોગે જ્યારે લોકપ્રિયતા સાધવાનું લક્ષ્ય કળાયું ત્યારે તેનું કલાકીય પરિણામ સારું ન આવે તે સ્વાભાવિક છે.

બે-અઢી દાયકા પર્યંત આ તબક્કાના ગઝલકારોનો ગુજરાતી ગઝલ પર અને મુશાયરાના શ્રોતાઓ પર ભારે પ્રભાવ રહ્યો અને લોકલબસ પરનું એ વર્ચસ્વ હજી એ કેટલેક અંશે જળવાઈ રહ્યું છે, જે 'અમૃત' ઘાયલ જેવા પીઢ ગઝલકારની સાચકલી અને અક્ષુણ્ણ લોકપ્રિયતાની સાથે કહી શકાય.

આ તબક્કાના ગઝલકારોનો વિચાર કરીએ છીએ ત્યારે એક આખી શ્રેણી આપણી સમક્ષ ઊપસી આવે છે, પરંતુ એમાંથી માત્ર ગઝલ સર્જકોને જ લક્ષમાં લેવા હોય તો તેમાં 'શયદા', 'અમીન' આઝાદ, અમૃત ઘાયલ, 'મરીઝ', 'શૂન્ય' પાલનપુરી, 'ગની' દહીંવાલા, રતિલાલ 'અનિલ' અને બરકત વીરાણી 'બેફામ'નો ઉલ્લેખ અનિવાર્ય બની રહે. બીજા પણ કેટલાક ગઝલકારો છે જ અને તેઓનું ગઝલ-પ્રદાન વિવિધ રીતે નોંધપાત્ર છે, પરંતુ હાથીના પગલામાં જેમ બીજાં બધાં પગલાં સમાઈ જાય તેમ આ આઠ ગઝલકારોની વાત કરીએ ત્યારે તેમાં તેઓના બીજા સમકાલીનોની કથા પણ શામેલ થઈ જ જાય.

જે આઠ ગઝલકારો સાથે મેં અહીં નિસબત રાખી છે તેઓનું પોત-પોતાનું આગવું પ્રદાન ગુજરાતી ગઝલમાં છે તે નિઃશંક છે. 'શયદા' સાહેબ

એ સૌમાં પ્રમુખ છે. વાજબી રીતે જ તેઓ 'ગઝલસમ્રાટ' કહેવાયા. બોલચાલની ગુજરાતી ભાષામાં ગઝલને કંડારીને તેની તેવી જ અસરકારક રજૂઆત વડે લોકહૈયા સુધી ગુજરાતી ગઝલને પહોંચાડવામાં તેમનું ઇતિહાસદૃષ્ટિએ મહત્તમ પ્રદાન છે. કેટલાંક રંજક તત્ત્વોની તેમની ગઝલોમાંની ઉપસ્થિતિનો સ્વીકાર કરીએ તોયે વાતવાતમાં ગહન મર્મ દાખવી જવાની તેમની ક્ષમતા તે કાળે તો અપ્રતિમ જેવી હતી.

'અમીન' આઝાદની લોકપ્રિયતા તો જેણે જોઈ હોય તે જ કહી શકે આઝાદી–આન્દોલનના લોકજુવાળનો વિપુલ લાભ પણ તેમને મળ્યો હતો. સુન્દર તરન્નુમ તેમની રજૂઆતની મોટી સિરાત હતી. શિષ્ટ પદાવલિમાં સફાઈદાર ગઝલો રચીને તેમણે જુદી ભાત પાડી. વળી તે કાળે તેમણે કેટલેક અંશે ગઝલ–ગુરુની ભૂમિકા પણ સફળતા અને સહજતાથી નિભાવેલી. સૂરતમાં તેમની સાઇકલની દુકાને જ રતિલાલ 'અનિલ' અને 'ગની' દહીંવાળાનું ગઝલ-ઘડતર થયેલું.

આ અઠ ગઝલકારોમાંથી ચાર તો હજી વિદ્યમાન ઓછેવધતે અંશે સક્રિય છે તે કાંઈ આપણું જેવું તેવું સદ્‌ભાગ્ય નથી. તેમાં પણ 'અમૃત' ઘાયલની સક્રિયતા તો આજે ય તેની ઉત્કટતમ સ્થિતિએ પ્રવર્તે છે! પાંચેક દાયકાથી ગઝલસર્જનમાં પરોવાયેલા ઘાયલ'સાહેબ હવે તો કેટલેક અંશે ગુજરાતી ગઝલનો પર્યાય બની ગયા છે. તેમના શરીરનું વય ૭૫ની ઉપર પહોંચ્યું છે, પણ તેમની ગઝલસુન્દરી તો ચિરયુવા છે અને નિત્યનૂતન બનતી રહી છે. 'શૂળ અને શમણાં'થી 'ગઝલ નામ સુખ' સુધીની અને તે પછી પણ ચાલુ રહેતી 'ઘાયલ'સાહેબની ગઝલયાત્રા અને તેમ તે પોતે જીવન્ત દન્તકથારૂપ બનેલાં છે. ક્યારેક વાગ્મિતામાં સરી પડતી હોવા છતાં તેમની ગઝલો ગુજરાતી ભાષાની બધી બળકટતા અને શાયર તરીકેનો તેના સર્જકનો મિજાજ અદ્દલો-અદ્દલ પ્રગટ કરે છે.

ભાષાનું કૌવત અને શાયરનો મિજાજ એ જો 'ઘાયલ'સાહેબની ગઝલોનાં આગવાં લક્ષણો છે, તો 'મરીઝ' ભાષાની બાબતમાં તેમનાથી બીજે છેડે છે, અને છતાં ગુજરાતી ગઝલમાં 'મરીઝ' એક અને અજોડ છે તે નિઃશંક છે, સૂરતી બોલીની મર્યાદાઓને વળોટીને 'મરીઝ'સાહેબ ગઝલના માધ્યમ સાથે જે સફળતાથી કામ પાડી શકે છે તેના મૂળમાં જીવન અને જગતને જોવાનો વિશિષ્ટ દૃષ્ટિકોણ અને જાત પર નિખાલસતાથી હસી લેવાનું સાયકલું વલણ રહેલાં છે. 'મરીઝ'ને 'ગુજરાતના ગાલિબ'નું બિરુદ

ન આપીએ તોયે 'મરીઝ'ની મહત્તાને કશી પણ આંચ આવે તેમ નથી. અંગત જીવનની વેદનાઓને અતિક્રમી જઈને 'મરીઝ' તેમની ગઝલોમાં 'નર્મ-મર્મયુક્ત ફિલસૂફ'ની પોતાની જે છબી ઉપસાવી છે તે અવિસ્મરણીય છે.

'શૂન્ય' પાલનપુરીની વિશાળ ગઝલ પ્રવૃત્તિનાં મને ત્રણ મુખ્ય પાસાં વર્તાય છે: એક, તેમની બહુસંખ્ય ગઝલોમાં આગળ પડતી રીતે ઝળકી ઊઠતો તસવ્વુફનો–અધ્યાત્મનો રંગ, જેને કારણે એમની ગઝલો તેમના સમકાલીનોની ગઝલોથી અલગ તરી આવે છે; બીજું, ફારસી પિંગળશાસ્ત્ર—'અરુઝ'નું તેમનું ઊંડું જ્ઞાન, જેને આધારે તેમણે બહુમૂલ્ય એવો એક શાસ્ત્રીય ગ્રંથ પણ આપ્યો; વળી ફારસી પિંગળ પરના એ પ્રભુત્વે તેમને પોતાની ગઝલોમાં છન્દોવિધાન પરત્વે ઘણા પ્રયોગો કરવા પ્રેર્યા; ત્રીજું, ફારસી કવિ ઉમર ખય્યામની રૂબાઈઓના તેમણે ગુજરાતીમાં કરેલા સફળ અનુવાદો જે અનુસર્જન—ટ્રાન્સક્રિએશન સુધી પહોંચે છે.

'ગની' દહીંવાળાનો પ્રથમ ગઝલસંગ્રહ 'ગાતાં ઝરણાં' આ તબક્કાની ગઝલ સર્જનપ્રવૃત્તિ પરત્વે સીમાચિહ્નરૂપ બન્યો, કેમકે તેનાથી ગુજરાતી ગઝલ અને બીજાં ગુજરાતી કાવ્યસ્વરૂપો વચ્ચે એક સેતુ બાંધવાનું સ્તુત્ય કામ થયું. ગનીભાઈની ગઝલો આપણું ધ્યાન ખેંચે છે તે તેમાંની પ્રચુર ઊર્મિમયતા તથા ઉત્તુંગ કલ્પનાવૈભવથી. તેમના ભાષાકર્મની સભાનતા જરાયે અછતી રહેતી નથી. તેમની 'શબ્દત્રેવડ' ઘણુંખરું સુભગ પરિણામ જન્માવે છે, તો ક્યારેક ક્લિષ્ટતા પણ સર્જે છે. ગઝલને 'ગુજરાતિતા' બક્ષવામાં તેમની શિષ્ટ-મિષ્ટ પદાવલિયુક્ત ગઝલોનું પણ મહત્ત્વનું પ્રદાન.

બરકત વીરાણી–'બેફામ'ની સમગ્ર ગઝલ સર્જનપ્રવૃત્તિનું કદાચ સૌથી આગળ તરી આવતું લક્ષણ તે તેમનું વિપુલ અને સતત મૃત્યુચિંતન. લગભગ એક નિયમરૂપે તેમની ગઝલોનો મકતા મૃત્યુવિષયક વિચાર આ સંવેદનને વાચા આપનારો જ હોય છે. એક ગઝલકાર મૃત્યુને કેટકેટલાં—કહો કે અગણિત પરિમાણોમાં જોઈ–વ્યક્ત કરી શકે છે તેનું પ્રાયઃ અજોડ દૃષ્ટાંત તે 'બેફામ' સાહેબના આ મકતાઓ છે. આ ઉપરાંત પણ તેમની ગઝલોમાં પ્રેમ, ઈશ્વર, જીવન, જગત વિશેનું સરલીકૃત ચિંતન વારંવાર વ્યક્ત થાય છે.

શ્રી રતિલાલ 'અનિલ' માત્ર ગઝલકાર નથી; ગઝલવિવેચક પણ છે. ગુજરાતી ગઝલપ્રવૃત્તિને ચાળીસ-પચાસના દાયકામાં અખબારો–સામયિકો સુધી પહોંચાડવાનું તેમનું પ્રદાન સ્તુત્ય છે. પ્રકૃતિએ ચિંતક એવા શ્રી 'અનિલ'ની ગઝલો ઊર્મિપ્રાણિત કરતાં તર્કપુષ્ટ વિશેષ હોય છે. કલ્પના–મુક્તકના સ્વરૂપનો

ઘણો કસ કાઢવામાં તેમની ચિંતનશીલતા તથા લાઘવપ્રીતિએ ઘણું ગજું બતાવ્યું છે. ગઝલના બાળખાગત અને ભાવગત સ્વરૂપની ઊંડી સમજ ધરાવતા આ ગઝલકારે કેટલેક અંશે તેમના સમયની ગઝલપ્રવૃત્તિના પ્રવક્તાની ભૂમિકા નિભાવી છે.

૧૯૬૦ પછી ગુજરાતી ગઝલનો આધુનિક આ પ્રયોગશીલ તબક્કો શરૂ થયો, પરંતુ નોંધવા યોગ્ય વાત એ છે કે એ તબક્કાના અગ્રગામી ગઝલ-કારોમાંના ઘણાનાં મૂળ પણ પરંપરાની ગઝલમાં હતાં અને પછી તેમાંથી તેઓએ પડખું ફેરવી ઉત્ક્રાંતિ સાધી. 'આદિલ' મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, આ લખનાર વગેરેની આરંભિક કાળની ગઝલો જોતાં આ વાતની પ્રતીતિ થશે. આધુનિક, પ્રગતિશીલ ગુજરાતી ગઝલે અપ્રતિમ હૈવત દાખવ્યું છે અને નવી નવી ક્ષિતિજો ઉઘાડી આપી છે તે સાચું, પણ હમેશાં અને હરેક ક્ષેત્રમાં બને છે તેમ આધુનિક, પ્રગતિશીલ, નવતર ગુજરાતી ગઝલ તેની પુરોગામી પરંપરાગત ગઝલના ખભા પર બેસીને આગળ વધી છે.

સ્વાતંત્ર્યોત્તર ગુજરાતી ગઝલ

અદમ ટંકારવી

આઝાદી આવી ત્યારે ગુજરાતી ગઝલનો એક આખો 'મસ્ત યુગ' પસાર થઈ ચૂક્યો હતો. બાલાશંકરથી લઈને સાગર સુધીના કવિઓએ ગઝલસર્જન દ્વારા આ કાવ્યસ્વરૂપને પ્રસ્થાપિત કર્યું હતું આ ગાળાની ગઝલોનો મુખ્ય વિષય પ્રેમભક્તિ અને તદ્જન્ય સંવેદનો વિરહવેદના, આરત, ફનાગીરી, મિલન-મસ્તી રહ્યાં અને તેની અભિવ્યક્તિ સાકી, સુરા, ચમન, બુલબુલ આદિ પાયમાલ પ્રતીકો દ્વારા થઈ. અલબત્ત, છેક ૧૯૧૮માં પ્રયોગશીલતાનું વલણ દાખવતાં મણિકાન્તે લખેલું, 'ગઝલમાં મુખ્યત્વે કરીને પ્રેમ અને વિરહનું જ વર્ણન હોવું જોઈએ એવો ફારસી કાવ્ય રચવાનો કાયદો છે, પણ ગઝલ જેવી સરળ રસમય અને હૃદયની લાગણી જાગ્રત કરનારી રાગણીમાં જો નૈતિક, વ્યાવહારિક, આધ્યાત્મિક વગેરે વિષયોની ગૂંથણી કરી હોય તો જનસમાજ તેનો વધારે લાભ લઈ શકશે.' બેશક, ગઝલને અપેક્ષિત મસ્તી તો મણિકાન્તમાં પણ હતી જ,

ગઝલના હોજમાં હર્ષે અહાહા યાર ન્હાવા દે
ગઝલરસથી ભરી પ્યાલી પીને મસ્તાન થાવા દે.
— મણિકાન્ત

૧૯૧૩માં સાગરનું 'ગુજરાતી ગઝલિસ્તાન' સમ્પાદન પ્રગટ થયું તેમાં એમણે ગઝલના આધ્યાત્મિક પરિમાણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, માલિકની 'અનાદ્યનન્ત લીલા ગાયા કરવામાં જ એના દીવાનની જિન્દગીનો કુલ ઉપયોગ છે.' સાચા ગઝલકાર વિશે એમણે કહ્યું કે, એ માત્ર કવિ નહિ પણ આશક છે—ભક્ત છે.' મસ્ત કવિએ ગઝલના પ્રાણતત્ત્વ અંગે ખાસ સભાન હતા તેથી જ સાગરે સ્પષ્ટ કર્યું કે, 'ગઝલ તે છંદોબદ્ધ રચનાનું નામ નથી, પણ અમુક રચનાના સૂક્ષ્મ ભાવશરીરનું નામ છે.' તેમણે ગઝલને 'ધર્મસ્તોત્રને સમરૂપ આત્મગાન' તરીકે ઓળખાવી. આ ગાળાના ગઝલસર્જનની મર્યાદા ચીંધતાં ૧૯૨૫માં નરસિંહરાવે આ ગઝલોને ફારસી કવિતાના સૂફીવાદની 'કૃત્રિમ નકલ' કહી સનમ, સાકી, મયખાના આદિ અર્થગર્ભહિન પોકળ શબ્દપ્રયોજનવાળા 'મસ્ત વિલાસ' તરીકે ઓળખાવી.

સ્વાતંત્ર્ય પૂર્વેની ગુજરાતી ગઝલપ્રણાલિની આટલી ટૂંકી ભૂમિકા પછી ૧૯૪૭થી આજ દિન સુધીના ગઝલસાહિત્યમાંથી પસાર થતાં એમાં ચાર મુખ્ય પ્રવાહો જણાય છે. એક, ૧૯૪૩થી ૧૯૬૦ સુધીનો ગાળો જેમાં ગઝલની પરમ્પરા

બંધાઈ, એની અસલિયત સિદ્ધ થઈ અને ગઝલે ગુજરાતીતા પ્રાપ્ત કરી. બે, ૧૯૬૦ થી ૧૯૭૫ સુધીનો ગાળો જેમાં પરમ્પરાના ઉન્મૂલનના અને ગઝલમાં આધુનિકતા આણવાના પ્રયોગો થયા. ત્રણ, ૧૯૭૫ થી ૧૯૮૦નો ગાળો જેમાં પ્રયોગશીલતા પ્રયોગખોરીમાં પરિણમી અને ગઝલસ્વરૂપ પોતાની 'આઈડેન્ટીટી' ખોઈ બેસે એવી સ્થિતિ સર્જાઈ. ચાર, ૧૯૮૧ પછીનો ગાળો જેમાં ગઝલ-પરમ્પરા સાથે અનુસન્ધાનના, કૃતક આધુનિકતામાંથી મુક્ત થવાના, અને નિજી ચેતના સાથે ગઝલને જોડવાના સન્નિષ્ઠ પ્રયાસો થયા/થાય છે. આ ચાર પ્રવાહોના પ્રમુખ લક્ષણોની ચર્ચા આ લેખમાં કરી છે. પૃષ્ઠમર્યાદાને લીધે બધા જ ગઝલકારોનો નામોલ્લેખ કરવાનું કે બધે ઠેકાણે ઉદાહરણરૂપે શેરો ટાંકવાનું શક્ય બન્યું નથી.

(૧)

૧૯૪૩માં સૂરતમાં 'મહાગુજરાત ગઝલ મંડળ'ની સ્થાપના થઈ. રતિલાલ અનિલને મતે, આ મંડળના 'શાયરો દ્વારા ગુજરાતી ગઝલનું સ્વરૂપ સિદ્ધ થાય છે અને તેને સાહિત્યિક માન્યતા મળે છે.' ચિનુ મોદી નોંધે છે કે, 'શયદાસાહેબે રવાનગી અને ભાષાની સાદગીથી પહેલ–વહેલીવાર ગઝલને ગુજરાતી બનાવી.' આ શેર એનું ઉદાહરણ છે,

તમારા પગ મહીં જ્યારે પડયો છું,
હું સમજ્યો કે હું આકાશે ચઢયો છું.

— શયદા

આ ગાળામાં સગીર, સાબિર, નૂરી ઉપરાંત નસીમે પણ શુદ્ધ ગુજરાતી શૈલીમાં ચિન્તનાત્મક ગઝલો આપી,

દૃશ્યો જુદાં છે, ચિત્ર છે એક જ નિસર્ગનું,
કન્દીલ છે ભિન્ન રંગની, એક જ ઉજાસ છે.

— નસીમ

મરીઝ માટે 'ગુજરાતીના ગાલીબ' એવું 'ક્લીશે' વાપરવાનું ટાળીએ તો પણ ચિનુ મોદી કહે છે તેમ, 'મરીઝ કોઈ પણ ભાષાની મોંઘી મીરાત બની શકે એવી કવિતા' આપી ગયા છે.' 'આગમન' અને 'નકશા'ની ગઝલોમાંથી પસાર થતાં બે બાબતોની પ્રતીતિ થાય છે. એક, મરીઝ માટે ગઝલ કેવળ કાવ્યસ્વરૂપ નહિ પણ જીવનપ્રણાલિ હતી,

પ્રથમ જો થાય છે આ જિન્દગી તમામ ગઝલ,
પછી લખાય તો એનું છે એક નામ ગઝલ.
— મરીઝ

અહીં દેખીતી રીતે જ, મરીઝ સર્જકચેતનાના 'મેટમોર્ફસિસ'ને ગઝલસર્જનની પૂર્વશરતરૂપે મૂકે છે. બે, મરીઝે ગુજરાતી ગઝલપ્રણાલિને સૂફીમાર્ગ સાથે જોડી. સૂફીમાર્ગમાં 'સાલિક' એટલે પ્રેમી, ખોજી, ભક્ત, મુમુક્ષુ પ્રિયતમા એટલે માલિક માશુક કે 'માબુદ'ને પામવા આધ્યાત્મિક અનુભૂતિના વિવિધ 'મુકામાત' એટલે ઘાટોમાંથી ગુજરે છે. પરમાત્માથી વિખૂટો પડી સંસારચક્રમાં ફસાયેલો આત્મા દુનિયાદારી પ્રત્યે ઉદાસીન થાય છે,

સદા ચારે તરફ જોવું અને આવી નીરસતાથી,
મેં સાચા અર્થમાં મોં ફેરવી લીધું છે દુનિયાથી.
— મરીઝ

પછી ઇશ્ક એટલે ઉત્કટ પ્રેમાગ્નિ અનુભવે છે,

તો પછી આ આગ શેની છે કણેકણમાં અહીં ?
હું નહિ માનું કે માટીથી બનાવ્યો છે મને.
— મરીઝ

અને છેવટે માલિકનું સાન્નિધ્ય પ્રાપ્ત કરે છે,

દૌલત છે અનુપમ જે ફકીરીથી માની છે,
છે મારો પરમ મિત્ર જે દુનિયાનો ધણી છે.
— મરીઝ

માનવચેતનાના વિકાસની વિવિધ 'અવસ્થાઓ'—વિરક્તિ, આરત, પ્રેમબન્ધન, વિરહાગ્નિ, મિલનની ઝંખના અને સમાધિષ્ઠતાની વિગતે ચર્ચા માટે અહીં અવકાશ નથી, પણ તાત્પર્ય એ કે મરીઝની ગઝલો સાચા અર્થમાં સાગર કથિત 'ભક્તિમાર્ગના પ્રવાસીના આત્માનુભવનું ગાન' બની રહે છે.

ગઝલને જીવનપ્રણાલિ સાથે જોડવામાં અને એનાં પ્રાણતત્ત્વો–હુસ્ને ખયાલ એટલે ભાવસૌન્દર્ય, અન્દાઝેબયાન એટલે અભિવ્યક્તિ–રીતિ, મોસીકી એટલે સંગીતતત્ત્વ અને મારિફત એટલે આધ્યાત્મિકતાની માવજતમાં અમૃત ઘાયલનું પ્રદાન પણ મહત્ત્વનું છે. ગઝલને જીવનપ્રણાલિ તરીકે પ્રસ્થાપિત કરતાં ઘાયલ કહે છે,

ગાલગા પર્વ ગૌત્ર ગાલ લગા
પૂછવું શું અમારી જાતિનું
— અમૃત ઘાયલ

'ઝાંય' (૧૯૮૨)ની પ્રસ્તાવનામાં ઘાયલ જણાવે છે કે, 'મારી તલાશ ગઝલના અપાર્થિવ સૌંદર્યને રોજિંદી વાણીને ઉંબરે સત્કારવાની છે.'

થાઉં આરો કે તમારો શું કરું ?
ધર્મસંકટ છે પધારો શું કરું ?

— ઘાયલ

સાકી, શરાબ જેવાં રૂઢ પ્રતીકોને પણ ઘાયલ નવા જ, તાજગીપૂર્ણ સન્દર્ભે પ્રયોજે છે,

તને પીતાં નથી આવડતો મૂર્ખ મન મારા
પદાર્થ એવો કયો છે કે જે શરાબ નથી

— ઘાયલ

આ ગાળામાં ગઝલ-સર્જન ઉપરાંત ગઝલની કાવ્યસ્વરૂપ તરીકે તાત્ત્વિક વિવેચનાત્મક ચર્ચા મસ્તહબીબ, શૂન્ય પાલનપુરી, બેફામ અને રતિલાલ અનિલે કરી. ૧૯૬૫માં 'ગઝલનો મિજાજ' લેખમાં મસ્તહબીબે 'પદલાલિત્ય' અને 'સહજોક્તિ'ને ગઝલરીતિનાં આવશ્યક અંગ ગણાવ્યાં છે. જલન માતરી સંપાદિત 'ઊર્મિની ઓળખ' (૧૯૭૩)માં શૂન્ય પાલનપુરી કહે છે કે, 'ગઝલને 'વિષયની મર્યાદા રહી નથી', પણ 'અભિવ્યક્તિમાં તેની આગવી લાક્ષણિકતા જળવાવી જોઈએ. આ લાક્ષણિકતાઓ તે સંકેત અને સંક્ષેપ. શૂન્યના મતે, સ્ત્રીઓ સાથે જે સંભાળપૂર્વક અને નરમાશથી વાત કરવામાં આવે છે એ જ સંભાળ ગઝલનો શેર લખવામાં લેવાની હોય છે.' બેફામ એક ઇન્ટરવ્યૂમાં કહે છે કે, 'ગઝલમાં કોઈપણ વિષયનું નિરૂપણ ભક્તપ્રેમીની દૃષ્ટિએ થવું જોઈએ.' 'છીપનો ચહેરો ગઝલ' (૧૯૮૫, સંપાદન : અમૃત ઘાયલ, મકરન્દ દવે)માં રતિલાલ અનિલે ગઝલમાં અપેક્ષિત 'રોજિન્દી વ્યવહારભાષા' અને 'ગઝલબાની'ની ચર્ચા કરી છે.

૧૯૬૧માં હરીન્દ્ર દવે સમ્પાદિત 'મધુવન' પ્રગટ થયું જેમાં શયદાથી લઈ શેખાદમ સુધીના ગાળાના 'ગઝલ વિકાસનો કાચો નકશો' આપવાનો પ્રયત્ન થયો છે. એમાં આ ગાળાનો ગઝલપ્રવાહ 'ગુજરાતી કવિતાના મુખ્ય પ્રવાહથી વેગળો રહીને વહ્યો છે,' તેવી ફરિયાદ સાથે સમ્પાદકે મુશાયરા પ્રવૃત્તિનાં 'દુષ્પરિણામો'ની ચર્ચા કરી છે. ગઝલ વિશેની આ નોંધમાં આ કાવ્યસ્વરૂપની તાત્ત્વિક ચર્ચા ઝાઝી થઈ નથી. બલ્કે, ગઝલ વિશે સમ્પાદકનો સૂર મહદ્અંશે 'અપોલજેટિક' રહે છે. ગઝલપ્રણાલિને દૃઢમૂળ કરવામાં ઉપર ઉલ્લેખ થયો તે ઉપરાંતના ગઝલકારોમાં અમીન આઝાદ, જમિયત પંડ્યા,

ગની દહીંવાલા, ગાફિલ, નઝીર ભાતરી, જલન માતરી, પરિમલ, સૈફ પાલનપુરી, સાકિન કેશવાણી, હરીન્દ્ર દવે, મનહર ચોકસી, ભગવતીકુમાર શર્મા, ખલીલ ધનતેજવી, સૈયદ રાઝ આદિને ગણાવી શકાય.

વિનોદ જોશી ઉચિત રીતે જ કહે છે, 'ગઝલની શુદ્ધ વિભાવનાનું સાચું દર્શન આ તબક્કાના ગઝલકારોની ગઝલોમાં થાય છે.' મારે મતે, આ વિભાવનાનું સ્વરૂપ નીચે પ્રમાણેનું છે :

(૧) ગઝલનું પોતાનું 'મેટફિઝિકસ્' છે. ગઝલ પ્રેમભક્તિવા રસાયેલી સર્જક-ચેતનાનું આત્મગાન છે.

(૨) ગઝલનાં પોતાનાં જીવનદર્શન, ભાવવિશ્વ અને મૂલ્યબોધ છે. ગઝલકાર જીવનને, જગતને, માનવઅસ્તિત્વને પ્રેમી-ભક્તની નજરે જુએ છે.

(૩) ગઝલનું પોતાનું 'ઈસ્થેટિક્સ' છે. ગઝલરીતિમાં પ્રેમબાની, મૃદુશૈલી, બોલચાલની લઢણ અને પ્રત્યાયનક્ષમ અભિવ્યક્તિનો સમાવેશ થાય છે.

(૪) ગઝલનું ભાવવિશ્વ સીમિત નથી. એમાં આધુનિક સંવેદના સમેત ગમે તે વિષય આવે પણ તે ગઝલની રીતભાતે આવે એવું અપેક્ષિત છે.

(૨)

૧૯૫૬ની આસપાસ ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનું પ્રસ્થાન સુરેશ જોષી દ્વારા આરંભાયું અને પગલે ગઝલમાં પરમ્પરા વિચ્છેદ, નૈરાશ્ય, વિચ્છિન્નતા, નિર્ભ્રાંતિ આદિ સંવેદનો વ્યક્ત થવા લાગ્યાં. રૂઢિબદ્ધતાના વલણને પરિણામે અનુભૂતિ સન્દર્ભે ગઝલનું ભાવવિશ્વ બદલાયું અને ભાષાકર્મ તથા નવ્ય ઉપકરણોને લીધે અભિવ્યક્તિના તરાહો પણ બદલાઈ. આધુનિક સંવેદન મહદ્અંશે આદિલ મનસુરી, ચિનુ મોદી, મનહર મોદી અને મનોજ ખંડેરિયાની ગઝલોમાં પ્રગટ થયું. આ કવિઓ ગઝલની પરમ્પરાથી વાકેફ હતા એટલે આરંભની ગઝલોમાં ગઝલના મિજાજ સાથે સૂક્ષ્મ અભિવ્યક્તિ અને ભાષાકર્મનો સુમેળ રહ્યો. ગઝલને અનુરૂપ નાજુક ભાવો, ખુમારી અને મસ્તી પણ એમની આરંભની ગઝલોમાં હતાં. બોલચાલની ભાષા પ્રયોજી શુદ્ધ કવિતા તાગવાના પ્રયાસો પણ આ ગઝલકારોએ કર્યા. અહીં ઉદાહરણરૂપ એકેક શેર આપ્યો છે,

ઝુલ્ફ કંઈ એમ ગૂંચવાઈ છે
જાણે મારી જ ભાગ્યરેખાઓ
— આદિલ મન્સૂરી

તું જલાવી ઠારી શકશે શું મને
આગિયો છું, આગિયો, ફાનસ ન ગણુ
— ચિનુ મોદી

એમની આંખોથી ઘર ખાલી કરું
કોઈ દર્શાવો મને એવી જગા
— મનહર મોદી

મારો અભાવ મોરની માફક ટહુકશે
ઘેરાશે વાદળો અને હું સાંભરી જઈશ
— મનોજ ખંડેરિયા

એ પછી રાજેન્દ્ર શુક્લ, રમેશ પારેખ, ભગવતીકુમાર શર્મા આદિની ગઝલોમાં આધુનિકતા તરફની ગતિ ચાલુ રહી. પણ દાયકાને અંતે આધુનિક ગઝલમાં રણ, મૃગજળ, દર્પણ, ઘૂવડ, અંધકાર, પડછાયો આદિ શબ્દો અપ્રતીતિકર રીતે પ્રયોજાવા લાગ્યા. ગઝલમાં ભાષાની ચબરાકીને લીધે આયાસપૂર્ણ દુર્બોધતા આવી. ૧૯૭૧માં ખુદ સુરેશ જોશીએ આ ગાળાની કવિતાને 'કુણ્ઠિત સાહસ' જાહેર કરી.

ઉક્ત ગઝલકારોની ગઝલોમાં પ્રયોગો તરફનાં આત્યંતિક વલણોને કારણે ગઝલત્વના પ્રશ્નો ઊભા થયા. ઘણે ઠેકાણે એમણે પ્રયોજેલી શૈલી તગઝ્ઝુલને અનુરૂપ ન હતી. રમેશ પારેખની 'કાગડો મરી ગયો' કૃતિને ગઝલ ગણવી કે નઝમ? એવો પ્રશ્ન ઊઠ્યો. એ જ રીતે મનહર મોદીની 'હોંચી કરે છે ગધાડું' રચના એમાંના ઉપહાસભાવને કારણે હઝલ પ્રકારની કૃતિ બનતી હોય એવો મત પ્રગટ થયો. તેમ છતાં આ ગઝલકારોએ ગુજરાતી ગઝલને આધુનિક બનાવવામાં ભાવ–ભાષા–અભિવ્યક્તિની દૃષ્ટિએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે, એની ઉપેક્ષા ના થઈ શકે. વળી આ ગાળામાં પ્રવૃત્ત બે ગઝલકારો–મનોજ ખંડેરિયા અને શ્યામ સાધુ તો આજપર્યંત ગઝલત્વને સાચવીને પ્રયોગશીલ રહ્યા છે. શ્યામે નૈરાશ્ય કે વિફળતાનું આધુનિક સંવેદન પણ ગઝલને અનુરૂપ બાનીમાં વ્યક્ત કર્યું છે,

જુસ્તજુ મેના સમી ટહુકી શકે પણ
એવું ક્યાં જાદુ હવે વાતાવરણમાં
— શ્યામ સાધુ

પણ ત્યાર પછીના ગાળામાં મોટા ભાગના ગઝલકારોમાં આ પ્રયોગશીલતા પ્રયોગખોરીમાં પરિણમતાં ગઝલસ્વરૂપની અસલિયતની સામે જ ભય ઊભો

થયો. ૧૯૬૯માં રે મઠનું સંપાદન 'ગઝલ ઉસને છેડી' પ્રગટ થયું. એમાં બેફામની પરમ્પરાગત ગઝલની સાથે મનહર મોદીની 'હોંચી કરે છે ગધાડું' રચનાઓ સામેલ છે.

૧૯૭૫માં કાંદિવલીમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું આઠમું જ્ઞાનસત્ર મળ્યું તેમાં આધુનિક ગુજરાતી ગઝલની ચર્ચા થઈ. જમિયત પંડ્યાએ ગઝલની 'આગવી પરિપાટી' જાળવવા પર ભાર મૂક્યો. ચિનુ મોદીએ કહ્યું કે, 'ગુજરાતી ગઝલે ચિત્તમાં રહેલી શૂન્યતાથી માંડીને અસ્તિત્વના બોજ સુધીનાં અનેક સૂક્ષ્મ સંવેદનોને, તદ્દન નવાં ઉપકરણો દ્વારા પ્રગટ કરવાના ભરચક પ્રયત્નો કરેલા છે.' પણ તેમણે નિખાલસતાથી એ પણ કબૂલ્યું કે, 'ગુજરાતી ગઝલોમાં થયેલા પ્રયોગોમાં હજી સિદ્ધિઓ નથી મળી.'

(૩)

૧૯૭૫ પછીની મોટાભાગની ગઝલો પડઘાશૈલીની રહી અનુભૂતિ સંદર્ભે શૂન્યતા, ખાલીપો, હતાશા, નૈરાશ્ય, એકલતા આદિ ઓઢી લીધેલાં સંવેદનોના શુકપાઠ થવા લાગ્યા. તો અભિવ્યક્તિ સંદર્ભે રણ, મૃગજળ, દર્પણ, રેતી, ટેરવાં, ઉદાસી, પડછાયો, અંધકાર, સૂરજ આદિ બેએક ડઝન શબ્દો ગઝલોમાં વારંવાર પડઘાવા લાગ્યા. બહેર, કાફિયા–રદીફવાળી કોઈપણ રચના ગઝલ કહેવાય એવી ગેરસમજ વ્યાપક બની. રદીફ કે કાફિયાશૂન્ય ગઝલ કરવી, દોઢ કે ત્રણ લીટીની શેરરચના કરવી, હોજી કે રે લોલ જેવા ગીતગંધી રદીફો પ્રયોજવા, અંગ્રેજી શબ્દો શેરમાં ચીટકાડવા, મિસ્રરએઉલા હિન્દીમાં લખવો કે ગણિત–ભૂમિતિની પ્રભાષા પ્રયોજવી–આવા ગઝલના બાહ્ય સ્વરૂપની તોડફોડના પ્રયોગો ગઝલના અંતઃતત્ત્વને ઉપકારક રહ્યા નથી.

૧૯૭૬માં ચિનુ મોદી, આદિલ મનસૂરી, મનહર મોદી સંપાદિત 'ગમી તે ગઝલ' પ્રગટ થયું. સમ્પાદકોના જાહેરનામા અનુસાર એનો હેતુ 'વિસ્મરિત થયેલી ગઝલોને પુનઃ સ્મરણપટ પર લઈ આવવાનો અને અતિશય પરિચિત પ્રતિષ્ઠા પામેલી નબળી ગઝલોને સ્મરણપટ પરથી ભૂંસી નાખવાનો હતો.

૧૯૭૭માં હરીશ મીનાશ્રુ, રાજેન્દ્રસિંહ જાડેજા, જયેન્દ્ર શેખડીવાળા, અદમ ટંકારવી સંપાદિત 'નખશિખ' બહાર પડ્યું. તે નિમિત્તે ગઝલની અસલિયત અને પ્રયોગ વિશે ખાસો ઊહાપોહ જાગ્યો. આજે 'નખશિખ'માંથી પસાર થતાં લાગે છે કે, સમ્પાદકોની ગરજ, એવના ગઝલત્વ કરતાં કાવ્યત્વની વધારે હતી. પસંદગી પામેલી કૃતિમાં કાવ્યત્વ સિદ્ધ થાય છે કે નહિ એવો પ્રશ્ન

પુછાયો, પણ ગઝલત્વ જળવાયું કે નહિ એ બાબતની ઉપેક્ષા થઈ. પરિણામે, ગઝલની સ્વરૂપગત લાક્ષણિકતાને ભોગે થયેલા પ્રયોગોનો અહીં મહિમા થયો.

૧૯૭૮માં 'કવિલોક'નો પ્રયોગવિશેષાંક પ્રગટ થયો હતો. તેમાં મણિલાલ હ. પટેલે છઠ્ઠા, સાતમા દાયકાની 'અધિકાંશ ગઝલો કાચી અને નબળી' છે. તથા બહુધા 'અર્થહીન પ્રલાપો'માં સરી પડે છે, એવો મત પ્રગટ કર્યો. ભગવતીકુમાર શર્માએ 'સામ્પ્રત ગુજરાતી ગઝલમાં પ્રયોગશીલ અભિગમ'ની વિશદ ચર્ચા કરી છેવટે અત્યંત મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો કે, 'આ બધાને અંતેય પાયાનો પ્રશ્ન તો એ રહેવાનો જ કે આ સર્વ પ્રયોગશીલતાએ ગઝલના ગઝલ તરીકેના અસ્તિત્વને વધારે સાર્થ બનાવાયું છે કે કેમ?'

૧૯૮૨માં 'આઠમા દાયકાની કવિતા'માં સુમન શાહે 'રદીફ કાફિયાનું ઠેકાણું ન હોય તેવા બેખબર ગઝલકારો'ની રચનાઓને 'અળવીતરા પ્રયોગો' તરીકે વર્ણવી. ૧૯૮૫માં મરીઝના ગઝલ સંગ્રહ 'નકશા'ની પ્રસ્તાવનામાં સિત શુ યશશ્ચંદ્રે કહ્યું કે, કાવ્યતત્ત્વને ન સમજતાં મનોરંજકો, ઈશ્કીઓ, કીર્તિલોલુપ ધનપતિઓ, અને કમઅક્કલ કિશોરોનું એક વિચિત્ર ટોળું જેના પર સામૂહિક અત્યાચાર ગુજારી ચૂક્યું હોય તેવી સ્ત્રીને તેનું શિયળ પાછું અપાવવાનું કામ સાચા ગઝલકાર-કવિએ કરવાનું છે.

૧૯૮૮માં વિનોદ જોશીએ આધુનિકતાના આક્રમણને પરિણામે 'ગઝલનું જીવાતુભૂત તત્ત્વ–તેનું તગઝ્ઝુલ–નષ્ટ થયું' એવું નિરીક્ષણ કર્યું. આ ચર્ચાથી સ્પષ્ટ થાય છે કે આઠમા દાયકાના અંત ભાગે ગઝલનો અસલ રંગરૂપનું જતન કરવાનો પડકાર ઊભો થયો.

(૪)

નવમા દાયકાના ગઝલકાર સામે યક્ષપ્રશ્ન હતો : કાવ્યત્વ સિદ્ધ કરવાને બહાને અને પ્રયોગશીલતાને નામે ગઝલને અન્ય કાવ્યસ્વરૂપો સાથે એકરૂપ કરી દેવી કે ગઝલપ્રણાલિનાં મૂળ સુધી પાછા જઈ, ગઝલના મિજાજને આત્મસાત્ કરી, કૃતક આધુનિકતામાંથી મુક્ત થઈ, પોતીકા પરિવેશ સાથે મુકાબલો રચી, લોકલઢણો અને બોલચાલની ભાષા પ્રયોજી ગઝલને એની અસલિયત પાછી અપાવવી? સદ્ભાગ્યે આપણા ગઝલકારે આ બીજો વિકલ્પ પસંદ કર્યો. અને એટલે જ એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે નવમા દાયકાની ગઝલનું પ્રસ્થાન 'પરિષ્કૃતિ'ની દિશામાં છે. અલબત્ત, પરિષ્કૃત ગઝલ એટલે 'પરફેક્ટ' એવું અહીં અભિપ્રેત નથી. અહીં એટલો જ સંકેત કરવાનો છે કે, આજનો ગઝલકાર ગઝલપરમ્પરાથી ખાસો સભાન છે, અને એનાં સશક્ત પાસાંની એ કદર

કરે છે. વળી, નૈરાશ્ય, વિચ્છિન્નતા, વિરક્તિ, ખાલીપો, નિર્ભ્રાન્તિ આદિ આધુનિકતા સાથે જોડાયેલાં સંવેદન એ ઉછીપાછીનાં લઈને ફેશન તરીકે અપનાવતો નથી। આખી સુરેશ જોષી નામની ઘટના ગુજરાતી સાહિત્યમાં ઘટી એને કારણે આજનો ગઝલકાર આધુનિકતા સાથે તો સમ્બન્ધાયેલો છે જ, પણ એ એની 'હિપ્નટિક ટ્રાન્સ'માંથી મુક્ત થયો છે. શેલ્ડન પોલક આને 'પોસ્ટમૉડર્નિઝમ'નું લક્ષણ ગણાવે છે. સર્જક પશ્ચિમમાંથી આયાત કરેલી 'માંદલી આધુનિકતા'ને નકારે અને પોતીકી પ્રણાલી સાથે સાચુકલી આધુનિક સંવેદનાનો અનુબન્ધ રચી આપે એ જ, પોલકના મતે, 'પોસ્ટમૉર્ડનિઝમ.' નવમા દાયકાની ગુજરાતી ગઝલમાં આ સિદ્ધ થયું છે એમ ન કહીએ તો પણ આપણા ગઝલકારનું વલણ એ દિશામાં છે એવું શ્યામ સાધુ, અશોકપુરી ગોસ્વામી, જવાહર બક્ષી, રાજેશ વ્યાસ, શોભિત દેસાઈ, હેમંત ધોરડા, હનીફ સાહિલ, જયન્ત વસોયા, ભરત વિંઝુડા, આહમદ મકરાણી, દિલીપ વ્યાસ, હર્ષદ ત્રિવેદી, હુમેન શાહ, ઈકબાલ મોતીવાલા, હરીશ ધોબી, બાપુભાઈ ગઢવી, અદમ ટંકારવી આદિની ગઝલોના ઉદાહરણોથી સમજાય છે. ભાવવિશ્વ, અનુભૂતિ સન્દર્ભે આ ગઝલકારો મરીઝ, ઘાયલની તો ગઝલરીતિ, અભિવ્યક્તિ સન્દર્ભે શ્યામ સાધુની નજીક છે. ગઝલને ફરી પાછો આ ગઝલકાર જીવનપ્રણાલિ તરીકે સ્વીકારે છે,

તું ગઝલ ગણવાનું કાં ભૂલી ગયો ?
હું અને તું બે નહીં પણ ત્રણ હવે
— અશોકપુરી ગોસ્વામી

ફરી પેલી પ્રિયતમાનો મહિમા થાય છે, અને એ ગઝલના કેન્દ્રસ્થાને આવે છે.

આખરે હું ગઝલ લખી બેઠો
રાહ જોઈને ક્યાં સુધી બેઠો
— જવાહર બક્ષી

ગઝલમાં વિરહની વેદના વ્યક્ત થાય છે,

તારા વિનાનું રાજ્ય આખું સર કરી લીધું
મારામાં ઉદાસીએ હવે ઘર કરી લીધું
— દિલીપ વ્યાસ

ફરી ગઝલમાં ખોવાયેલા મિજાજની શોધ આરમ્ભાય છે,

ખોવાઈ ગયો મારો ઉદાસીનો એ મિજાજ
એની જ શોધખોળમાં ગઝલો રચાય છે
— દિલીપ વ્યાસ

આ ગઝલકાર બોલચાલની ભાષામાં ગઝલત્વ સિદ્ધ કરવા મથે છે,

હું બન્યો છું એક ભાંગેલુ હડપ્પા
એર, તારી વાત કર તું શું બની છે?
— દિલીપ વ્યાસ

નર્યું થઈ ગયું આમ ચલચિત્ર જીવન
ને થઈ ના શકાયું અમિતાભ બચ્ચન
— ભરત વિંઝુડા

ગઝલ ભાષાની ચબરાકી અને શબ્દછળનું નહિ પણ સર્જકચેતનાના ફકીરી હાલને વ્યક્ત કરવાનું માધ્યમ બને છે,

બારાખડી વટાવ પછી એક મુકામ છે
ભાષા ભવનને પાર ફકીરોનું ધામ છે
— અદમ ટંકારવી

ગઝલ દ્વારા સ્વ–ને વ્યક્ત કરવા વિશેની એને ભારોભાર શ્રદ્ધા છે,

જે સ્વયં નિર્ભયપણે નિરખ્યા કરે
એવા થોડા લોક સર્જે છે ગઝલ
— અશોકપુરી ગોસ્વામી

આપણે હંમેશ કાગળનાં ફૂલો જેવાં રહ્યાં
તો પછી કોણે સુગંધી જાળ ફેલાવી હશે?
— હર્ષદ ત્રિવેદી

આ ગઝલકાર ફેશન પરસ્તીથી નહિ, વાહ વાહ–દુબારા ઉઘરાવવા માટે નહિ, ગઝલને 'કેશરહિતા વિપ્રવિધવાનું સહકારી કૃષિક્ષેત્ર' સમજીને નહિ પણ નિજી અનિવાર્યતાથી ગઝલસ્વરૂપ પાસે પહોંચ્યો છે. માનવચેતનામાં પડેલા ગહનતમ્‌ને એ તદ્દન બોલચાલની લઢણમાં વ્યક્ત કરવા તાકે છે,

ગઝલ લખી દો સીધીસાદી અદમ
જીવીકાકીની સવિતા જેવી
— અદમ ટંકારવી

ચિનુ મોદી કહે છે તેમ,

'ગઝલનું આગંતુકપણું' તો છેક ૧૯૬૫થી ટળેલું. આજે તો હવે એ આપણા માટે 'ધ ગર્લ નેક્સ્ટડોર' જેટલી પરિચિત છે.

ગુજરાતી ગઝલની ભાષા

ચિનુ મોદી

ગઝલ ગુજરાતીમાં ઉર્દૂ દ્વારા, ઉર્દૂમાં ફારસી દ્વારા અને ફારસીમાં અરબી દ્વારા પ્રવેશી. આ એક ક્રમને મનમાં રાખીએ તો ગુજરાતી ગઝલમાં પ્રયોજાયેલ ઉપરોક્ત ભાષાઓના શબ્દને ક્ષમ્ય લેખી શકાય.

આપણી પ્રારંભિક ગઝલોમાં ઉર્દૂ અને ઉર્દૂમાં ભળી ગયેલા અરબી-ફારસી શબ્દો સ્વાભાવિક રીતે જ પ્રવેશેલા. 'સ્વાભાવિક' શબ્દ–પ્રયોગ સહેતુક છે. એમ કહેવા પાછળનો મારો હેતુ એ જ છે કે મૂળ સ્વરૂપની અસલિયત, એ સમયના લખનારાને આ ભાષાઓના શબ્દપ્રયોગો દ્વારા સિદ્ધ થતી લાગે, એ સ્વાભાવિક હતું.

એક નોંધવા જેવી બાબત એ છે કે જે શબ્દો ઉર્દૂમાં વપરાશમાં આવેલા, એટલા જ અરબી–ફારસી શબ્દો ગુજરાતી ગઝલકારોએ ઉપયોગમાં લીધા છે. અરબી–ફારસીનો સ્વતંત્ર અભ્યાસ કરનારની ઓછપ, આ માટે જવાબદાર છે.

મોગલ સૈનિકો પોતાના દેશથી હિંદુસ્તાનમાં આવ્યા પછી, હિંદુસ્તાની ભાષા બોલવા માંડયા. એમાં અરબી–ફારસી ઉપરાંત હિંદી ભાષાનો રંગ પણ બેઠેલો હતો. આ લશ્કરીભાષા એ જ ઉર્દૂ. બાબર હિંદુસ્તાન આવ્યો ત્યારે અહીં વસી જવાનો એનો ઇરાદો નહોતો, પરંતુ, એણે અંતે અહીં રહી જવાનું નક્કી કર્યું. આથી, એ લશ્કર સાથે જ આવેલો. અરબી–ફારસીના પંડિતો સાથે આવ્યા નહોતા. બાબર સ્વયં આ બન્ને ભાષાનો માહેર હતો, પરંતુ, હિંદુસ્તાનમાં મૂળ નાંખવામાં જ એનો સમય વ્યતીત થયો. આથી ફારસી રાજભાષા અચૂક બની, પણ, આમભાષા કદી ન બની શકી.

આપણા ગુજરાતમાં કેવળ નાગરો ફારસી શીખ્યા, કારણ કે એ રાજ્યભાષા હતી. બાકી આખી પ્રજાને ફારસી કે અરબી સાથે સીધો સંબંધ થયો નહીં. એમનો વહેવાર ચલાવવા ઉર્દૂ જ કામ આવી. આમ, ગુજરાતી ગઝલની ભાષાનું પ્રાથમિક કાઠું ઉર્દૂ આધારિત રહ્યું. અરબી–ફારસી ઉર્દૂ દ્વારા પ્રવેશી, એટલી જ પ્રવેશી.

નર્મદના રેખ્તા, બાલાશંકર–મણિલાલ–કલાપીની ગઝલો તથા સુધારક યુગથી માંડી પંડિતયુગ સુધીનાં નાટકોમાં આવતી બેતબાજી તથા ગઝલોમાં ઉર્દૂ શબ્દ અગ્રસ્થાને રહ્યા. 'કયહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' જેવી રૂઢ થયેલ પંક્તિ પછી, મણિલાલ નભુભાઈ બેધડક (!) આવી પંક્તિ કરે છે :

'ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે.' બાલાશંકર અને કલાપી પણ આ અસરમાંથી મુક્ત નથી.

ગુલ, ગુલઝાર, ચમન, આશિક–માશૂક, સાકી–શરાબ, ખફા–ખંજર, વસ્લ, વફા–બેવફા જેવા અનેક શબ્દોથી જ ગઝલ થઈ ગયાનો તોષ, એ સમયના ગઝલકારોએ લીધેલો *. ઉ. ત.

ઊડો નાદાન મન બુલબુલ, રહો ગુલઝારમાં ના ના,
વફાઈ એક પણ ગુલની દીઠી ભર–પ્યારમાં ના ના.'
(બાલાશંકર)

બોલાતી ગુજરાતી ભાષા ગઝલ માટે અનિવાર્ય લેખવાનો ઉપક્રમ શયદાસાહેબે ખૂબ મોડો મોડો વિચાર્યો. એમના સમકાલીનો નસીમ, મજનૂ, શાહબાઝ, સગીર અને સાબિરની ગઝલોમાં ઘણીવાર Oad–કાનને કઠે એમ સંસ્કૃત–ઉર્દૂના વિનિયોગ જોવા મળે છે. શયદા આવા સંયોજનથી લગભગ મુક્ત રહ્યા છે, પરંતુ, એમની છેવટની ગઝલોને બાકાત કરતાં, ઘણી ગઝલોમાં ઉર્દૂ શબ્દો નહીં, ઉર્દૂ વ્યાકરણ પણ પ્રવેશે છે. આ વ્યાકરણ પ્રવેશ એમની ગઝલોમાંની રવાનગીને ખંડિત કરે છે. શયદાસાહેબે બને ત્યાં સુધી ગુજરાતીમાં વપરાશમાં આવેલા ઉર્દૂ અને ઉર્દૂ દ્વારા પ્રવેશેલા અરબી–ફારસી શબ્દોને જ ગઝલમાં પ્રતિષ્ઠિત કર્યા હતા, આથી, એમની ગઝલોમાં આ ત્રણેય ભાષાના શબ્દો હોવા છતાં, એ આગંતુક સિદ્ધ થતા નથી. શાહબાઝ અને સગીરમાં અને ક્યારેક સાબિર-સાહેબમાં એમના ઈસ્લામ સમાજમાં ખૂબ જ બહોળા ઉપયોગમાં, પણ, ગુજરાતી ભાષકોમાં જૂજવાર ઉપયોગમાં આવતા અરબી–ફારસી–ઉર્દૂ શબ્દો ડિકસનરીનાં પાનાં ફેંદાવે એ પ્રકારના છે. આમ છતાં આ સૌનો ગુજરાતી તરફનો ઝોક અચરજ પમાડે એવો છે. ગુજરાતી ભાષા માટેનો આ સૌનો આગ્રહ આવા ઉત્તમ શેર પાસે આપણને મૂકી આપે છે :

રૂપ તો દિવ્ય છે, બધા રૂપે
એક દૃષ્ટિ, વિકાર મારો છે.
(નસીમ)

---

* લવે છે બેત નદીઓ જ્યાં, ગઝલ દરખત રહ્યાં ગાતાં
હમે ત્યાં નાચતા નાગા, હમારા રાહ છે જુદા.
— કલાપી

અહીં 'દરખ્ત' શબ્દનું કલાપી દ્વારા છેદન જુઓ.

શી મુસીબત, શું દુઃખો, મુશ્કેલીઓ શી, શું દુઃખો
પૃષ્ઠ જીવનનાં હતાં, પલટાવતો ચાલ્યો ગયો.
(સગીર)

હરદમ ગુલાબ છાબભરી ઙ્હેંચતો રહ્યો
માળીથી તાજાં ફૂલનું અત્તર ન થઈ શક્યું.
(સાબિર)

જિંદગીનો સાર જો પાણી મહીં
એક પરપોટો થયો ફૂટી ગયો.
(શયદા)

પણ, શયદાસાહેબની અંતિમ ગઝલોની ભાષામાં એમના તરતના અનુજો શૂન્ય, ગની, સૈફ, બેફામ નઝીર અને મરીઝમાં જવલ્લે જ જોવા મળે છે. કોઈ પણ કવિતા, કવિની દૂધભાષામાં લખાય, તો એ સ્વાભાવિક લેખાય. આ ગઝલકારોએ પોતાના ઘરમાં, પોતાના સમાજમાં ઉપયોગમાં આવતી ભાષામાં ગઝલો લખી છે. એમાં ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિના ખૂબ જ સ્વાભાવિક રીતે પડઘા પડે છે. આ પડઘા તે તે શાયરો અને એમના સમાજ માટે પ્રત્યાયનની કોઈ સમસ્યા ઊભી નથી કરતા, પણ, આ શાયરોની ગઝલોના ભાવક, ઈસ્લામ ધર્મ અને સંસ્કૃતિ સિવાયના, ખાસ્સી સંખ્યામાં, ભારે બહુમતીમાં હોવાથી, આ ભાવકો માટે કેવળ પ્રત્યાયન જ નહીં, એની રસનિષ્પત્તિમાં પણ બાધારૂપ બને છે. આ ગઝલકારોમાં મરીઝ ખૂબ જ સાચકલા શાયર હોવાથી, એમના જન્મગત ધર્મ અને સંસ્કૃતિમાં વારંવાર ખૂંપી જાય છે. શૂન્યસાહેબ અભ્યાસી અને સભાન સર્જક હોવાથી, એ આ ભાષાગત સમસ્યામાંથી બહુ આસાન રીતે છૂટી જાય છે. એમનો એક શેર જોઈએ :

દૈવીપુસ્તક કોણ ન ચૂમે ?
લાવ, રૂપાળા મુખને આમ
(શૂન્ય)

દૈવીપુસ્તકની જગાએ કુરાન શબ્દ હોત તો આ શેરનો ભાવકવ્યાપ ઘટત. શૂન્યસાહેબના ચિત્તમાં દૈવીપુસ્તક દ્વારા કુરાન જ છે, આમ છતાં દૈવીપુસ્તક દ્વારા એ શબ્દને સાધારણીકૃત બનાવે છે. બીજા મિસરામાંનો તત્સમ શબ્દ 'મુખ' એમની આ પ્રક્રિયાને વિશેષ જડબેસલાક બનાવે છે. સૈફ, બેફામ અને શૂન્યનો માન્ય ગુજરાતી ભાષકો સાથેનો ગાઢ સંબંધ અર્થાત્ ઘરોબો પણ ભાષાપ્રક્રિયા સંદર્ભે ખાસ્સો કામ આવ્યો છે. પ્રમાણમાં સારું ભણેલા આ ત્રણ ગઝલકારોની,

ઈસ્લામ સિવાયના સમાજમાં પણ, ખાસ્સી હરફર છે. આ ચારેય ગઝલકારોમાં સૈફની ભાષા વિશેષ સરલ, વિશેષ બોલચાલની–રૂઢપ્રયોગવાળી છે. ખૂબ જ સહજ રીતે સૈફ ગુજરાતીમાં વાતચીત તો ઠીક, મુશાયરાનાં સંચાલન પણ કરી શક્તા.

એવો ડરી ડરીને હું જન્નત તરફ ગયો
જાણે કે એની ભૂલ થઈ છે હિસાબમાં.
— મરીઝ

સાત સમંદર તરવા ચાલી જ્યારે કોઈ નાવ અકેલી
ઝંઝા બોલી ખમ્મા ! ખમ્મા ! હિંમત બોલી અલ્લાબેલી
— શૂન્ય

મેં કર્યો એક જ સ્થળે ઊભા રહીને ઈન્તેઝાર
એટલે તારા સુધી મારાથી પ્હોંચાયું નહીં
— બેફામ

ગાય છે ને ઘૂમે છે એમ જિંદગી મારી
રાત્રિએ દળે દળણાં, જેમ કોઈ દુખિયારી.
— ગની

આ મારું મન રડયું તો છે—પરંતુ, ઓછું, બહુ ઓછું
મને આ સુખ મળ્યું તો છે—પરંતુ, ઓછું, બહુ ઓછું.
— સૈફ

અંધશ્રદ્ધાનો ન એને દોષ દો
અંધને શ્રદ્ધા નહીં તો હોય શું ?
— નઝીર ભાતરી

આ ચારેયના સમકાલીન ઘાયલ, અનિલ, ગાફિલ અને મકરંદભાઈ છે. આ ચારેય ગઝલકારોમાં ઘાયલસાહેબનો એક પગ મુસ્લિમ સમાજમાં છે અને બીજો પગ રૂઢ હિંદુધર્મમાં છે. એ ઉર્દૂના પણ એટલા જ માહેર છે અને તળપદી ગુજરાતીના એવા જ ભાષક છે. પાજોદ દરબારના સહવાસમાં અને શૂન્યની સંનિધિમાં ઘાયલસાહેબના પટુ કાને, દરબારી તૌર–તરીકા સાથેના મુસ્લિમ સમાજમાં બોલાતી ઉર્દૂને ઝીલી છે. અરબી–ફારસી અને ઉર્દૂના મૂળ-અર્થથી અને એની અનેક અર્થચ્છાયાઓથી પણ એ પૂરેપૂરા પરિચિત છે. ઘાયલની ગઝલો ઈસ્લામની સંસ્કૃતિની છાંટવાળી શબ્દાવલિનો ક્યારેક અંગીકાર કરે છે, તો ક્યારેક રૂઢ હિંદુની શબ્દાવલી પણ ઘાયલની ગઝલોમાં પ્રવેશે છે. એ જ રીતે સૌરાષ્ટ્રની રાજકોટ આસપાસ બોલાતી બોલી બેધડક એમની

ગઝલોના ભાષાપોતને ભાતીગળ બનાવે છે. આવી ભાષાપટુતા આપણા ભાગ્યે જ કોઈ ગઝલકારે પ્રગટ કરી છે :

રંગ પી, રોશની પી, લાલી પી
એક શું કામ, લાખ પ્યાલી પી.
— ઘાયલ

અન્ય ગઝલકારોના થોડા શેર જુઓ :

કાંઠે ઊતરતાં કહેવું પડયું વિશ્વસિંધુને
જીવન ગમ્યું, જુવાળ ગમ્યો, જાતરા ગમી.
— ગાફિલ

શું અષાઢી મેઘથી તે શ્રાવણી ઝરમર સુધી
તું જ છે વ્યાપેલ ઝંઝાવાતથી મર્મર સુધી.
— અનિલ

મૌન અને વાણીનો સંગમ
જંગલ નીરવ, ઝરણાં કલકલ
— શેખાદમ

બુદ્ધિનાં સાધનોથી ન સૌંદર્ય શોભતું
ઝાકળ પડે તો દાગ રહે છે ગુલાબમાં.
— હરીન્દ્ર દવે

શ્રી મકરન્દ દવેની એક નઝમમાંની બે પંક્તિઓ પણ વિષય બહાર જઈ જોવી પડે એવી છે :

હવેલીની પાછળ નમ્યો ચાંદ કેરો
પરેશાન, ગમગીન, પીળો ચહેરો.

ગઝલ અને નઝમ બન્ને ફારસી કાવ્યપ્રકાર છે અને બન્નેની એકબીજા પર ભાષાકીય અસરો હોવાથી આ પંક્તિઓ અહીં ટાંકી છે.

ગુજરાતી સર્જાતી કવિતા સાથે સુમેળમાં ગઝલ ૧૯૬૦થી લખાવી શરૂ થઈ. એને કારણે ગુજરાતી ગઝલની ભાષા વિશેષ કાવ્યાત્મક બની છે. કાવ્ય-ભાષાનાં અનેક ઉપકરણો જેવાં કે કલ્પન-પ્રતીક ઇત્યાદિ સભાનતાથી ગઝલ-ભાષામાં પ્રવેશ્યાં. સર્જાતી નવી કવિતાની ભાષાનો સ્વાદ ગઝલની ભાષામાંથી પણ મળવા માંડયો. કેવળ માન્ય ગુજરાતી ભાષા તરફ નહીં, નવી સર્જાતી કવિતા તરફ ગઝલે કૂચ આરંભી અને આથી, ગઝલમાં પહેલીવાર સાહિત્યિક અનેકવાદની પરિભાષાએ દેખા દીધી. કેવળ ઉપમા, ઉત્પ્રેક્ષા અને રૂપકમાં રાચતી

ગુજરાતી ગઝલ વધુ સૂક્ષ્મ શબ્દસૂઝ દાખવતી થઈ. પહેલીવાર પરિચિત સંદર્ભોનો પરિહાર થયો. પહેલીવાર ગુજરાતી ગઝલમાં ભાષાતાજગીનો અનુભવ થયો. વાસી ડેડ ભાષાને સ્થાને, આ નૂતન ભાષાએ ગુજરાતી ગઝલનું કાઠું બદલી નાખ્યું, બદલાયેલાં સંવેદને, ભાષાબદલો પણ અનિવાર્ય લેખ્યો અને આ ભાષાબદલો ભોંયબદલો જેવો કષ્ટકારક હોવા છતાં, '૬૦ પછીના ગઝલકારોએ એ કષ્ટ વેઠી. ભાષાગત સુંદરતા ગઝલોમાં સિદ્ધ કરી. મનહર, ચિનુ, રાજેન્દ્ર, રમેશ, મનોજ અને આદિલસાહેબના આ સંદર્ભે આપણે ખરેખર ઓશિંગણ છીએ. કેટલાક ઉદાહરણમાં જોઈએ :

ફફડાટ એની પાંખનો છે મારા લોહીમાં
રહેવાનું જે કબૂતરો રાખે છે વાવમાં (પ્રતીક)
— મનોજ ખંડેરિયા

આમ તો પર્યાપ્ત છે એ આંખનો વિસ્તાર, પણ
પૂર આવેલી નદીને પટ ઘણો નાનો પડ્યો.
— ચિનુ મોદી

મકાનોમાં લોકો પુરાઈ ગયા છે
કે માણસને માણસનો ડર હોય જાણે.
— આદિલ મન્સૂરી

હે મારા હાથ, આ દમયંતીવેડા ફોગટ છે
મત્સ્ય જીવે છે અને જળ, મરી ગયેલાં છે
— રમેશ પારેખ

બને તો એમને કહેજો કે ખુશ્બો ધ્યાનમાં રાખે
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે.
— મનહર મોદી

હજીયે મનમાં ખટકે છે કશું કંઈ
હજીયે આંખ શંકાયા કરે છે
— આદિલ

ઝાંઝવા આમતેમ રખડે છે
કોઈ રહેઠાણ હોય તો સારું.
— મનહર મોદી

શ્રી રાજેન્દ્ર શુક્લ સંસ્કૃતના અધ્યાપક અને પંડિત હોવાથી એમણે તત્સમ શબ્દ ગઝલોમાં પ્રયોજ્યા નથી. પરંતુ, એનાં અમુક સંવેદનોએ એને

તત્સમશબ્દ પાસે લઈ જવાનું અનિવાર્ય લેખ્યું છે. આ સંવેદનોની સચ્ચાઈ વિશે કોઈ શંકા ન હોવાથી, રાજેન્દ્રની ગઝલોમાં સંવેદનસહજ પ્રવેશેલા તત્સમ શબ્દો પ્રત્યાયનને અઘરું બનાવતા હોવા છતાં, અસહજ નથી જ લાગતા. આમ છતાં ગઝલને અરબી–ફારસી–ઉર્દૂનું આક્રમણ અસહ્ય નહોતું લાગ્યું, એવું સહ્ય આ તત્સમ શબ્દોનું આવવું નથી બનતું. રાજેન્દ્રની માન્ય ભાષા અને બોલી પરની પકડ જેવી જ અચરજકર પકડ મધ્યકાળની વ્રજ-છાંટવાળી હિંદી–ગુજરાતી પર પણ છે. રાજેન્દ્રની ગઝલોની ભાષા બળને બદલે કોમળતા વધુ સિદ્ધ કરે છે.

જંતરને બાઝયા છે જાળા
જાંઈ હવે ગળવા હેમાળા
— રાજેન્દ્ર શુકલ

અનાદિકાલ અહીં ઓગળે પલકભરમાં
અજલથી આ જ હશે ખૂબ ખાનકાહે સુખન
— રાજેન્દ્ર શુકલ

અંગુલિથી અણઅડયું આકાશ પણ
મૃતિકા સાથે મળે તો ઘટ બને.
— રાજેન્દ્ર શુકલ

છેલ્લા દોઢ દાયકામાં રમેશ ભિભડક રીતે અને અદમ ખૂબ સુઝબૂઝ સાથે ગુજરેજી (ગુજરાતી + અંગ્રેજી)માં ગઝલો લખે છે. ભગવતીકુમાર જેવા શિષ્ટ સર્જક પણ આ નવેઈનો સર્જનાત્મકક્ષાએ મહિમા કર્યા વગર રહી શકતા નથી.

પુશ બટન છું, હરક્ષણે ઈન્સ્ટન્ટ છું
રિક્ત કૉફી કપમાં છલકાયા કરું.
— ભગવતીકુમાર શર્મા

યાદોનાં પરફ્યૂમ્સ ઊડે છે
ડનલોપી સપનાં આવે છે
તારા શ્હેરની રોનક કેવી
સઘળી ટ્રેનો ત્યાં થંભે છે.
— અદમ ટંકારવી

ભૂસો રંગ ઘેરા લીલા લાલ બ્લ્યૂ
બંને જર્દ ચ્હેરા લીલા લાલ બ્લ્યૂ
— રમેશ પારેખ

બોલીઓના વિનિયોગ દ્વારા ગઝલનું ભાષાપોત બદલવાનો ખાસ્સો ઉદ્યમ છેલ્લા દોઢ દાયકાના સર્જકોએ કર્યો છે, પરંતુ એનાં રસસિદ્ધ પરિણામ હજી જોવાં મળ્યાં નથી.

ટૂંકમાં ગુજરાતી ગઝલની ભાષા અંગે સર્જકોની સભાનતા અચરજ પમાડે એવી છે. અનેક રદીફ, અનેક અજાણ્યા કાફિયા, કલ્પન-પ્રતીકની તાજપ તથા ભાષાગત સાહસ માટેની કેટલાક સર્જકોની હિંમત કાબિલેદાદ છે. અન્‌અર્થ-ની સીમા સુધી ખેંચી જવાના ગઝલભાષા પ્રયોગ, અન્ય ભાષાની ગઝલોમાં જોવાં મળ્યા નથી. ગુજરાતી ગઝલ આમ ભાષા સંદર્ભે પણ પ્રગલ્ભ અને છીછરા-બન્ને પ્રયોગોમાં રાચી શકી છે—એ જ એના ભાષાગત રૂઢ બંધિયારપણાને તોડશે.

તા. ક. કેટલીક પ્રબળ સાહસિક ગઝલો કેવળ ભાષાના તાપ પ્રતાપે છે એમાં શ્રી મનહર મોદીની 'અહંહં', શ્રી આદિલ મન્સુરીની 'અનર્થોના જંગલમાં', શ્રી ચિનુ મોદીની 'સાલ્લા', શ્રી ભગવતીકુમારની 'ગઝલબઝલ', શ્રી નયન દેસાઈની 'ઉર્ફે' રચનાઓ સવિશેષ ઉલ્લેખનીય છે. આ ગઝલોની કેવળ ભાષાગત તપાસ કોઈક અભ્યાસીએ કરવા જેવી છે.

ગુજરાતી ગઝલ અને છંદ

રાજેશ વ્યાસ

આજે ગઝલને સો વરસ થઈ ગયા છે ત્યારે ગુજરાતી ગઝલ અને છંદ વિશે થોડી વાત કરવાનું અહીં વિચાર્યું છે.

છેલ્લા સો વર્ષની ગઝલો ઉપર નજર કરીએ છીએ ત્યારે ગઝલના વિષયોની ક્ષિતિજોનો થયેલો વિસ્તાર નજરે પડે છે પરંતુ ગઝલના છંદો પરત્વે તો નિરાશા જ જન્મે તેવું વાતાવરણ રહ્યું છે. જો કે તેને એકમાત્ર કારણ ગણાવવું હોય તો ગઝલની સરળતાનાં ભ્રામક ખ્યાલને ગણાવી શકાય. ગઝલની સરળતાએ સૌને એટલા આકર્ષ્યા છે કે ગઝલ રચના ડાબા હાથનો ખેલ છે તેવું માનનારા છેક બાલાશંકરના સમયથી આજસુધી ઓછા નથી થયા. અને આને કારણે અન્ય કાવ્યસ્વરૂપને સિદ્ધ કરવા માટે જે અભ્યાસ અને નિષ્ઠા અનિવાર્ય ગણી શકાય તેવા અભ્યાસ અને નિષ્ઠાનો ગઝલ બાબતમાં છેદ ઉડી જતો જોવા મળે છે.

સાર્થ જોડણીકોષમાં ગઝલ એટલે એક ફારસી રાગ કે એ રાગનું કાવ્ય એવી સમજૂતી છે. આજે પણ ઘણાને માટે આથી વિશેષ કોઈ સમજ ન હોય તેવું જણાય.

બાલાશંકર-કલાપીના ગાળામાં ગઝલનો ઉદ્ભવ ગણીને ચાલીએ તો એ સમયમાં ગઝલના સ્વરૂપને મુગ્ધતાથી અપનાવેલું વિશેષ જણાય છે. બિનજરૂરી એવા ઉર્દૂ-ફારસી શબ્દો ઉંચકીને ચાલવાની મજબૂરી પણ ત્યાં દેખાય છે. છંદો પરત્વે બાલાશંકરના સમયમાં લાંબી લહેરોમાં લખાયેલી ગઝલો વિશેષ જોવા મળે છે અને એ સમયે લગાગાગાના ચાર આવર્તનવાળી બહરનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. પરંતુ આ જ બહર અંતે એટલી સરળ અને પ્રિય થઈ પડે છે કે ત્યારથી આજ સુધીનો ભાગ્યે જ કોઈ એવો ગઝલકાર હશે જેણે આ બહેરમાં પાંચ દસ ગઝલો ન લખી હોય. વળી બરકત વિરાણી 'બેફામ' જેવા ગઝલકારના સંગ્રહમાં ૭૦ ટકા ગઝલો આ છંદમાં ચાલી હોય તેવું જણાયું છે. આમ ગુજરાતી ગઝલમાં ૧૫-૨૦ છંદ એવા પ્રચુર-માત્રામાં જોવા મળે છે જેમાં ગુજરાતી ગઝલના સો વર્ષ પૂરા થતાં હોય. 'ઈલ્મે અરુઝ'ની દૃષ્ટિએ રણછોડભાઈ ઉદયરામે 'ફારસી કવિતા રચના'માં જણાવ્યા મુજબ મુખ્ય છંદો અને તેના વિકારમાંથી જન્મતા પેટા છંદોની કુલ સંખ્યા ૩૫૬ જેટલી છે. જો કે તમામ છંદો ગુજરાતી ભાષાના બંધારણને અનુકૂળ ન પણ ગણી શકાય છતાં નવા છંદોનું ખેડાણ વિશેષ જોવા નથી મળતું.

મરીઝ-ગની-ઘાયલ-બેફામ, શૂન્ય, સૈફના ગાળા દરમ્યાન ગઝલોના છંદો

પરત્વે સભાનતા, અને વિશેષ પ્રતિષ્ઠા કેળવાયેલા નજરે પડે છે. ગઝલના છંદ-શાસ્ત્રોનો અભ્યાસ અને મોટાભાગના એ ગાળાના શાયરો ઉર્દૂ જાણતા હોવાથી ગઝલના સ્વરૂપની ઉપાસના ઉડીને આંખે વળગે તેવી છે. શૂન્ય પાલનપુરી પાસેથી ગઝલના સ્વરૂપ વિશે પુસ્તકો મળશે તેવી આશા જન્મે છે. પરંતુ તે પણ મળતી નથી. તે અગાઉ શયદાના સમયગાળામાં નસીમ તેમના ધુપદાન સંગ્રહમાં જણાવે છે તેમ ગઝલના છંદશાસ્ત્ર ઉપરનું તેઓ પુસ્તક આપવાના હતા પરંતુ સંજોગોવશાત્ તે પ્રાપ્ત થતું નથી અને છંદપરત્વે ગુજરાતી ગઝલ શાપિત હોય તેવું જણાય છે. ગઝલના અભ્યાસ માટે સરળ અને શ્રધ્ધેય એવું પુસ્તક ઝાર રાંદેરીનું 'શાઈરી ભાગ ૧-૨' ગણી શકાય. પણ તેમાંય ઘણાં ઓછાં છંદોની ચર્ચા જોવા મળે છે. આદિલ-ચિનુના ગાળામાં ગઝલ વિષયની દૃષ્ટિએ વૈવિધ્ય ધરાવતી થાય છે, છંદની દૃષ્ટિએ ટૂંકી બહેરો જોવા મળે છે અને નવી હવા અને નવી આશાઓ જન્મે છે, પણ ખાટલે જે મોટી ખોટ હતી એ પુરાતી નથી. આદિલ-ચિનુના ગાળામાં પણ છંદની દૃષ્ટિએ બહેર ટૂંકી થઈ પણ છંદો પ્રત્યેની જાગૃતિ બેચાર ગઝલકારોને બાદ કરતા વિશેષ જોવા નથી મળતી. બાલાશંકરથી આદિલ સુધીના ગાળામાં ગઝલના છંદોની ચર્ચા કરતા પુસ્તકો મળે છે ખરા પણ એય ન મળ્યા જેવા જ છે. રણછોડભાઈનું રણપિંગલ ઈ. સ. ૧૯૦૭માં મળે છે પછી પૂરા ૬૧ વર્ષે ૧૯૬૮માં શૂન્ય પાલનપુરીનું 'અરુઝ શેર' જોવા મળે છે. અરુઝને અથથી ઇતિ સુધી સમજાવતો એકપણ ગ્રંથ ગુજરાતીમાં નથી આથી શૂન્ય પ્રવૃત્ત થયેલા. અરુઝ-શેર દ્વારા એ શ્રેણી શરૂ કરી પરંતુ એ પછી બીજા પુસ્તક કમનસીબે ન મળી શક્યા. એ પછી ૧૯૭૬માં શ્રી જમિયત પંડ્યા 'ગઝલનું છંદશાસ્ત્ર' આપે છે. પરંતુ એ ગઝલમાં થયેલી કે થતી ચર્ચાઓમાં વિશિષ્ટ ઉમેરો કરતું નથી. ક્યાંક તો ગેરસમજો ફેલાવાનું નિમિત્ત પણ બને છે. છંદશાસ્ત્રનું પુસ્તક હોવા છતાં તેમાં જ છંદ દોષો જોવા મળે છે. આમ ૧૦૦ વર્ષના ગાળામાં બે આંગળીના વેઢા પણ વધારે પડે એટલાં પુસ્તકો ગઝલને માટે મળે છે અને તેમાંય અડધા તો નબળાં.

ગઝલ વિશે લખાતા લેખો જોઈ જતાં સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના લેખો તો આસ્વાદના છે અથવા તો અવલોકનરૂપે સંગ્રહોના અને ગઝલકારોના પરિચય કરાવનારા છે. મોટાભાગના લેખો ગઝલની પ્રાથમિક સમજણ અપાયા કરે છે તેનું રટણ પુનઃરટણ કર્યા કરે છે. ગઝલના છંદશાસ્ત્ર વિશે ચર્ચા કરતા લેખો નહીંવત્ છે. બાકી તો લેખ હોય, વિદ્યાર્થી માટે લખાયેલું પુસ્તક હોય, પી.એચ.ડી.નો શોધ-નિબંધ હોય. ગઝલ વિશે આંધળાના હાથીની જેમ લખાયેલું પુષ્કળ જોવા મળે છે.

છંદની બાબતમાં ગુજરાતી ગઝલકાર પાસે જ્યારે આ ભૂમિકા છે ત્યારે ગઝલોનું વાચન, છંદોનું લયનું રટણ, અનુસરણ અને અનુકરણ જ રહે છે. આમ સર્જાયેલી ગઝલોમાં છંદો વિધાન જોવા મળે છે.

કવિલોકમાં 'ગઝલનું સ્વરૂપ' લેખમાં શ્રી ભગવતીકુમાર શર્મા જણાવે છે 'છેલ્લા પંદરેક વર્ષથી આ સ્થિતિમાં સુખદ પરિવર્તન આવ્યું છે.' અને આ પરિવર્તન એટલે ગઝલ વિશેષાંકો, સેમીનારો, લેખમાળાઓ જોવા મળે છે. સંનિષ્ઠ વિવેચકો ગઝલની તાત્ત્વિક ચર્ચા તરફ વળતા જણાય છે. આવી સુખદ પરિસ્થિતિમાં આજની ગુજરાતી ગઝલ આવી ઊભી છે. ફેશનની બાબતમાં જેમ કાંડાથી ખભા સુધીની વધઘટ થયા કરે તેમ છંદના પ્રવાહનું પણ જોવા મળે છે. આજકાલ પલંબ લયની ગઝલો પાછી લખાતી થઈ છે. આદિલ, ચિનુ, રમેશ પારેખ, રાજેન્દ્ર શુક્લ, મનોજ ખંડેરિયાની ગઝલોમાં છંદોનો પ્રયોગ અને છંદોની વિશેષ માવજત થતી જોવા મળે છે. જેનો લાભ તે પછીના ગાળાના ગઝલકારોની ગઝલો જોતાં જોવા મળે છે

આમ તો બાલાશંકરથી આજસુધી ગઝલમાં છંદ પરત્વે પ્રયોગો થયેલા જોવા મળે છે. સાગર સંપાદિત 'ગુજરાતી ગઝલિસ્તાન'માં શ્રી ડાહ્યાભાઈ દેરાસરીની રચના 'પ્રેમીની કબૂલાત' આરંભનો નોંધપાત્ર પ્રયોગ ગણી શકાય.

ખરે ! દિલદાર મારે તું સલૂણી યાર તારે હું.
સુખદે, દુઃખ દે મુજને કર ફરી ઘાયલ માર,
અધર અમી પા તાહરું, પાઈ અધમ ઉદ્ધાર,
અધમનું નેહની દષ્ટે, લગીરેક પ્રેમની વૃષ્ટિ
દયાળુ કાપ તું કષ્ટે, મને ભવપાર તારે હું.

—ડાહ્યાભાઈ દેરાસરી

ગઝલમાં શેરની વચ્ચે દોહરા મૂકવાનો તેમણે પ્રયોગ કર્યો છે. તે પછી પણ પ્રયોગો થયા છે પણ છુટાછવાયા. છંદોવિધાનમાં સંસ્કૃત અક્ષરમેળ વૃત્તોમાં ગઝલ લખવાના પતીલના પ્રયોગ નોંધપાત્ર છે. ક્યાંક કુંડળિયાની છટાથી મત્લા લખે છે.

જતાં મદફન તરફ ઘરથી બજવવા ઢોલ તાસાં શા ?
બજવવા ઢોલ તાંસા શા ? ઉજવવા આ તમાસા શા ?'

શેખાદમની ટૂંકી બહેરોમાં થયેલું કામ ઉલ્લેખનીય છે.

સત છે અસત છે
સરતું જગત છે

કેવી લડત છે
હું શું જગત છે

રતિલાલ અનિલને બે મિસરાના શેરનું ફલક મર્યાદિત લાગતાં ત્રણ ત્રણ મિસરાના શેર કર્યા છે. ગની–ઘાયલનું છંદો પરત્વેનું કામ વિશેષ ઉલ્લેખનીય છે. તેમના ગાળામાં ગની અને ઘાયલે જ સૌથી વધુ છંદ પ્રયોજેલા જણાય છે. સાંપ્રત ગુજરાતી ગઝલમાં થયેલા ગઝલ અંતસ્તત્વ પરત્વે થયેલા પ્રયોગો નોંધપાત્ર છે. છંદને દોઢા કરવાના, બેવડાવાના પ્રયોગો જોવા મળે છે.

ક્યાંક ઝરણાંની ઉદાસી પથ્થરો વચ્ચે પડી છે
ક્યાંક તારી યાદની મોસમ રડી છે.
—શ્યામ સાધુ

બંને પંક્તિમાં છંદ તો એક જ છે પરંતુ પહેલી પંક્તિમાં ગાલગાગાના ચાર આવર્તન છે. જ્યારે બીજી પંક્તિમાં ત્રણ આવર્તન છે. આજ ગઝલના મત્લા પછીના શેરમાં કવિએ પંક્તિઓના માપ પરત્વે ઊલટોક્રમ અપનાવ્યો છે. અહીં એ વાત નોંધવી જોઈએ કે શ્યામ સાધુની આ રચના વિશે નખશિખ ગઝલસંગ્રહના સંપાદકોએ જણાવ્યું છે કે 'શ્યામ સાધુ જેવા સભાન સર્જક અહીં પૂર્વ અને ઉત્તર પંક્તિમાંથી લગભગ અર્ધી પંક્તિને પીગળી જવા દઈ દોઢ પંક્તિનો સુંદર શેર નીપજાવે છે.'

જો કે શ્યામ સાધુની ગઝલ દોઢ પંક્તિની નહીં પણ પોણાબે પંક્તિના શેરના સમૂહની બનેલી છે. જયેન્દ્ર શેખડીવાળા અને મણિલાલ હ. પટેલે તેમની ગઝલમાં છંદ પરત્વે પ્રયોગો કર્યા છે તેમાં એક છદ નક્કી કરીને તે શેર વધારતા–ઘટાડતા ગયા છે. શિલ્પિન થાનકીએ 'નભસ્મધ્યે'માં છંદને પ્રવાહી બનાવવાના વિલક્ષણ પ્રયોગ કર્યો છે. એમાં છંદનું બંધારણ (ગાલગાગા ગાલગાગા ગાલગા) બરાબર જળવાયું છે છતાં શ્લોકભંગ, યતિભંગ, શ્રુતિભંગ વગેરે ભંગો કાવ્યમયભંગીઓથી કાવ્યદૃષ્ટિએ અનિવાર્ય બનીને આપ્યા છે. સળંગ પદ્યનો ગઝલમાં થયેલો આ એક પ્રૌઢ પ્રયોગ છે. ગઝલની આ એક સિદ્ધિ ગણાય. ગઝલના બધા જ નિયમો જળવાયા છતાં આ પ્રયોગ સંસ્કૃતાઢયા વૃત્તબદ્ધ કવિતા જેવો લાગે છે.

એક પળ ઠહરું, હરીતિમ ઘાસમાં—
–થી ભરી લો તાઝગી, ઉચ્છ્વાસમાં
છે હજીયે ગ્રીષ્મની પીળી પચક
જીર્ણ ધૂસરતર હવા, મધુમાસમાં

સ્વપ્ન જે ખિલ્યાં હતાં કિંશુક બની
ને, પુનઃ ગન્ધી જશે, વાતાસમાં
આર્દ્ર મિટ્ટીની સઘન સૌરભવડી
આવતી, ભળતી જતી મુજ શ્વાસમાં.
— શિલ્પિન થાનકી

ગઝલને સોનેટરૂપે લખવાનો પ્રયાસ અદમ ટંકારવીએ અને માધવ રામાનુજે કર્યો છે. ગીત ગઝલના પ્રયોગો પણ છંદપરત્વે થયેલા જોવા મળે છે. સંખ્યામેળ, અક્ષરમેળ કે માત્રામેળ સંસ્કૃતવૃત્તોને ગઝલમાં પ્રયોજવાના પ્રયત્નો પણ નોંધપાત્ર છે. રાજેન્દ્ર શુક્લે મનહર, સવૈયા, ચોપાઈ લલિતમાત્રા, હરિગીત, ઝૂલણા રમેશ પારેખે શિખરિણી, પૃથ્વી વગેરે છંદો પ્રયોજ્યા છે. આ પળે છંદની દૃષ્ટિએ સરસ કામ થયું હોય કે રસ પડે તેવી થોડી ગઝલો યાદ આવે છે. પરંતુ તેમાંથીય થોડીક ગઝલોના શેર મૂકીને જ વિરમું છું.

કૈં ઝળહળ ઝળહળ જેવું છે દરવાજો ખોલ
આ મરવું ઝાકળ જેવું છે દરવાજો ખોલ
તેજ હશે કે ઝરમર ? સૌરભ ? કોણ હશે આ ?
કૈં નમણી અટકળ જેવું છે દરવાજો ખોલ.
— મનોજ ખંડેરિયા

મોતી પ્રોવી આપનારી વીજ – ઝબકારે ગઝલ
આથડે છે કૈંક ધૃતરાષ્ટ્રોની મોઝારે ગઝલ.
— ચિનુ મોદી

ભટકતાં ભટકતાં ભટકતાં ભટકતાં પહોંચ્યો હું મારા અનાગત સુધી
અપેક્ષાઓ રાખી હતી ધોધની ત્યાં મળ્યા માંડ સુક્કાં ઝરણુ એક બે.
— રમેશ પારેખ

આ મીન બધાં જળના નિવાસી છે ખબર છે
બે ચાર ઘડીનાં એ વિલાસી છે ખબર છે
— અમૃત ઘાયલ

સભર સુરાહી, લલિત લચક કટિ, કોમલ-સ્કંધા ગઝલ
વનવન ભમતાં મિલત અતર્કિત યોજનાગંધા ગઝલ.
— રાજેન્દ્ર શુક્લ

ગુજરાતી ગઝલમાં કલ્પનનો વિનિયોગ

ડૉ. નીતિન વડગામા

ગુજરાતી ભાષામાં ગઝલને યશ અપાવનાર બાલાશંકર કંથારિયાથી માંડીને નવમા દાયકાની ઇતિશ્રી સુધીમાં ગુજરાતી ગઝલ અનેક સ્થિત્યંતરોમાંથી પસાર થઈ છે. એમાંયે છેલ્લા બે દાયકામાં ગઝલનો નવો જ મિજાજ જોવા મળે છે. આ સમયગાળામાં ઈબારત-બાની (Diction) અને અભિવ્યક્તિની તરાહો (Technique)ની બાબતે ગઝલની સિકલ બદલાયેલી માલૂમ પડે છે. નવું રૂપ ધારણ કરતી ગઝલ અગાઉની ગઝલ કરતાં સર્જકનું સંવેદન, રચનાકૌશલ અને અભિવ્યક્તિની ટેક્‌નિકની બાબતે વ્યાવર્તન ધરાવે છે.

ગઝલ પ્રત્યેના પ્રયોગશીલ અભિગમને પરિણામે એક બાજુ આપણે ત્યાં ગીત-ગઝલ, સૉનેટ-ગઝલ, હાઈકુ-ગઝલ, ગદ્ય-ગઝલ, ભૂમિતિ-ગઝલ જેવા કેટલાક પ્રયોગો થયા છે, તો બીજી બાજુ સર્જકના સૌન્દર્યલક્ષી અભિગમના સુફળરૂપે ગઝલમાં કલ્પન, પ્રતીક, પુરાકલ્પન જેવાં અભિવ્યક્તિનાં નૂતન ઉપકરણો પણ પ્રયોજાયાં છે. આપણે ત્યાં સ્વાતંત્ર્યોત્તરકાલીન ગુજરાતી ગઝલકારોનું કલ્પનરાગી વલણ ઉત્તરોત્તર બળવત્તર બનતું જણાય છે. અહીં, કલ્પનના વિનિયોગને પરિણામે ધ્યાનાર્હ બનેલા કેટલાક પ્રતિનિધિ ગઝલકારો આદિલ મન્સૂરી, રાજેન્દ્ર શુક્લ, મનહર મોદી, ચિનુ મોદી, મનોજ ખંડેરિયા શ્યામ સાધુ, મુકુલ ચોકસી અને જયેન્દ્ર શેખડીવાળા—ની ગઝલોમાં કેટલાંક નમૂનારૂપ દૃષ્ટાંતો દ્વારા, ગુજરાતી ગઝલમાં અભિવ્યક્તિના એક નવ્ય ઓજાર રૂપે કલ્પન કેટલું કારગત નીવડ્યું છે એને ચીંધવાનો ઉપક્રમ રાખ્યો છે.

આદિલ મન્સૂરીનું પ્રભાવક ગઝલકર્મ તેમને નવી ગઝલની નેકી પોકારનાર પ્રમુખ કવિ તરીકે પ્રસ્થાપિત કરવા માટે પર્યાપ્ત છે. ૧૯૬૬માં પ્રગટ થયેલા તેમના પ્રથમ ગઝલસંગ્રહ 'પગરવ'માંથી જ જાણે કે નૂતન ગઝલના પગરવ સંભળાય છે. સંવેદનની સચ્ચાઈ અને ઉપમા, ઉત્પ્રેક્ષા રૂપક આદિ અલંકારો કે નાવીન્યપૂર્ણ કલ્પનોના વિનિયોગથી થતી નૂતન અભિવ્યક્તિ દ્વારા આદિલની ગઝલો સૂરા, સાકી અને સનમની વાતમાં જ સીમાબદ્ધ એવી અગાઉની ગઝલો કરતાં જુદી પડે છે.

સૂરજ, પવન અને અંધકાર એ આદિલનાં પ્રિય પ્રકૃતિરૂપો છે. તેમની એક ગઝલમાં ક્ષિતિજનાં ડૂબતાં સૂરજને કોઈની ઢાળેલી નજરનું રૂપ આપી સંધ્યાનું નજાકતભર્યું ચિત્ર અંકાયું છે—

'ક્ષિતિજરેખ પર અર્ધ ડૂબેલ સૂરજ,
કોઈની ઢળેલી નજર હોય જાણે.'
('સતત', ૭)

ઇન્દ્રિયગોચરતાનું પ્રવર્તન મુખ્ય હોવાને કારણે આ શે'ર રૂઢ ઉત્પ્રેક્ષાનું ઉદાહરણ બની રહેવાને બદલે બળવાન દૃશ્યકલ્પન બની શક્યું છે.

અનરાધાર વરસાદ વરસી ગયા પછી ભીની માટીમાંથી ઊગી નીકળતી મહેક માણવા જેવી હોય છે. પરંતુ આ તો થઈ સાધારણ વાત. આદિલ તો આ વાતને કવિકર્મના વિશેષ સાથે પ્રગટ કરે છે. ધોધમાર વરસાદમાં ભીંજાયેલી હવાનો પાલવ નીતરે છે એમ કવિ કહે છે ત્યારે તેમની કવિપ્રતિભા પણ નિખરે છે એમ કહેવાનું પ્રાપ્ત થાય છે—

'હવે વરસાદ તો થંભી ગયો ને,
છતાં પાલવ હવાનો નીતરે છે.'
('સતત', ૨૪)

હવાના પાલવની વાત કરીને કવિ ભાવકની ત્વચા પાસેથી લેવાનું કામ ચક્ષુ પાસેથી લે છે. અન્ય એક ગઝલના શે'રમાં પણ ચાંદનીની નીતરતી આંખ દ્વારા પવનમાં પલળવાની વાત કરીને પવનનું અને ચાંદનીનું મૂર્તીકરણ થયું છે. અહીં, ચાંદનીની આંખની નીતરવાની ક્રિયા અને એને પરિણામે પવનના વસ્ત્રની ભીના થવાની પ્રક્રિયામાંથી એક મનોહારી દૃશ્ય સર્જાય છે—

'ને પવનનું વસ્ત્ર ભીનું થઈ ગયું,
ચાંદનીની આંખ નીતરતી રહી.'
('સતત', ૨૮)

આદિલને અંધકારનું અનન્ય આકર્ષણ છે. આ આકર્ષણને પરિણામે કવિ પાસેથી અંધકારનાં અનેકવિધ રૂપો પ્રાપ્ત થાય છે. અગાઉ એક ગઝલમાં જોઈ ગયા તેમ ક્ષિતિજમાં અરધા ડૂબેલા સૂરજને કોઈની નજર સાથે સરખાવી કવિએ સંધ્યાનું એક મૃદુ-મુલાયમ ચિત્ર આંક્યું છે. આ જ કવિ સૂરજના ડૂબવાની વાત અન્ય ગઝલમાં જુદી જ રીતે કરે છે. કઈ રીતે સૂરજ ઢળે છે અને રાત પડે છે એનું કવિની કલમે આંકેલું કલ્પનયુક્ત ચિત્ર નિહાળો—

'ભાલાઓ અંધકારના ભોંકાય સૂર્યમાં,
તડકાનાં તીર વાંકા વળી જાય સૂર્યમાં.'
('સતત', ૧૫)

અંધકારને અપાયેલું ભાલાનું અસ્ત્રનું રૂપ આસ્વાદ્ય છે, તો 'તડકાનાં તીર'

પ્રયોગ પણ કલાત્મક છે. અંધકારના ભાલા અક્ષુણ્ણ રહે અને તડકાનાં તીર વાંકા વળી જાય એવું ભાલા અને તીરની આતશબાજીનું દૃશ્ય ભાવકના દૃષ્ટિપટ ઉપર ભજવાય છે.

'સતત'ની બીજી કેટલીક ગઝલોમાં પણ 'અંધકારના સર્પ', અંધકારની ભીંતો', 'અંધકારનું કણસવું', એમ અંધકાર વિશેનાં કેટલાંક કલ્પનો સુલભ બને છે. આમ, આદિલની ગઝલોને વિશેષ આકર્ષક બનાવવા માટે કવિનું કલ્પનનિયોજન પણ ઉપકારક બની રહે છે.

ગઝલને એક સ્વાયત્ત કાવ્યસ્વરૂપ તરીકે પ્રતિષ્ઠા અપાવવામાં અને ગુજરાતી ગઝલની તાસીર બદલવામાં આદિલની જેમ રાજેન્દ્ર શુક્લનું ગઝલ-કર્મ પણ નોંધપાત્ર છે. રદીફ-કાફિયાની સાહજિક જાળવણી, ગહન સ્તરમાંથી આવતો ભાવ, સૂક્ષ્મ સૌન્દર્યનું સર્જન કરતું કલ્પનાબળ, પોતીકું ભાષાકર્મ અને અમૂર્તને મૂર્ત કરવાની-કલ્પનપ્રયોજનની પ્રયુક્તિને કારણે રાજેન્દ્રની ગઝલો નોખી તરી આવે છે.

'કોમલ રિષભ'ની ઘણી ગઝલોમાં નાયક-નાયિકાની વિરહવિકલતા વ્યક્ત થઈ છે. પ્રિયજનના મિલનના અભાવે નૂતન અભિવ્યક્તિનો સ્પર્શ પામીને આવે છે, તો 'ગ્રીષ્મ' જેવી સાદ્યંત પ્રકૃતિચિત્રણની ગઝલ પણ આ સંગ્રહ-માંથી સાંપડે છે. પ્રકૃતિના કરાલ રૂપને પ્રગટ કરતી 'ગ્રીષ્મ' ગઝલમાં ઉનાળાનું આકરાપણું તાદૃશ બનીને રજૂ થયું છે. અહીં ગ્રીષ્મનું સંતપ્ત વાતાવરણ સજીવ બની ઊઠયું છે. સુક્કાભઠ્ઠ ઝાડની પર્ણવિહીન દશા દર્શાવી તડકાની તીવ્રતા અને હવાના અભાવને પરિણામે અનુભવાતી ઉનાળાની અકળામણને વ્યક્ત કરવા કવિ એક સુંદર દૃશ્યકલ્પન યોજે છે—

'સૂરજપારધી દાંત ભીંસે ગગન પર,
ધરા પર હવાનાં હરણનું ન હોવું.'

('કોમલ રિષભ', ૫૫)

સૂરજના પ્રચંડ પ્રભાવ અને હવાના અભાવને વ્યક્ત કરવામાં આ કલ્પન અત્યંત ભાવોપકારક નીવડે છે.

'કોમલ રિષભ'ની ગઝલોમાં શૂન્યતાનો ભાવ વિવિધ રીતે શબ્દસ્થ થયો છે. ક્ષણોના જામથી છલકતી શૂન્યતા, નશો ઊતરતાં જ ખળભળી ઊઠતી શૂન્યતા, સતત ગાતી રહેતી શૂન્યતા-એમ અનેક રીતે સહૃદને શૂન્યતાનો સાક્ષાત્કાર થાય છે. એક ગઝલમાં કલ્પનયોજનાની સહાયથી શૂન્યતાને સીમનું રૂપ અપાયું છે, તો અન્ય ગઝલમાં ચાલ્યાં ગયેલાં અસવારનું અસ્તિત્વ

ચળકતાં ભાલાના કલ્પન દ્વારા પ્રગટ થયું છે. અહીં નિરાકાર અસ્તિત્વને અશ્વનો આકાર અપાયો છે તે તાજગીપ્રદ છે—

'ભાલા સમું ચળક્યા કરે છે શૂન્યમાં,
અસ્તિત્વ એ ચાલ્યા ગયા અસવારનું.'

('કોમલ રિષભ', ૬૯)

રાજેન્દ્રને મન મૌનનો પણ અભલખ મહિમા છે. તેમની અનેક ગઝલોમાં મૌનનું મહિમાગાન વિવિધ રીતે થયું છે. 'મૌન' શીર્ષકની ગઝલમાં તો અમૂર્ત અને નિરાકાર એવાં મૌનને વિવિધ આકારો આપી વ્યક્ત કરાયું છે. ઓરડાને અડકતું, આંગણામાં સરકતું, સમયના ટુકડાને ચગળતું, ભીડથી ભડકતું — એમ મૌનને કવિએ અનેકવિધ રૂપો આપ્યાં છે. આમ, સંવેદનાની તાજપ અને કલ્પનલીલા એ રાજેન્દ્રની ગઝલોને વિશેષ આસ્વાદ્ય બનાવે છે અને ગુજરાતી ગઝલ સાહિત્યમાં નિજી સ્થાન અપાવે છે.

ગુજરાતી ગઝલમાં ચીલો ચાતરીને, પોતીકું પ્રયાણ આદરીને ધ્યાનાર્હ બનતા મનહર મોદી ગઝલક્ષેત્રે નોંધપાત્ર સ્થાન ધરાવે છે. 'આકૃતિ'થી 'અગિયાર દરિયા' સુધીની મનહરની ગઝલોમાંથી તેમનું પ્રયોગશીલ વલણ પ્રગટ થાય છે. કલ્પનયુક્ત અભિવ્યક્તિને પરિણામે મનહરની ગઝલો પણ વિશેષ આકર્ષક બની રહે છે. તાજગીયુક્ત અભિવ્યક્તિ અને કલ્પનસ્પર્શને પરિણામે આકર્ષક બનેલી 'કૂકડો' ગઝલ ગુજરાતી ગઝલની બદલાતી અભિવ્યક્તિની અને મનહરની કલ્પનપ્રતિભાની પરિચાયક બની રહે તેવી રચના છે. અંધકાર ઓગાળતાં અને પ્રકાશ પાથરતાં પ્રભાતનાં પ્રાગટ્યનું અહીં નજાકતભર્યું નિરૂપણ કવિએ કર્યું છે—

'રાતને અળગી કરે છે કૂકડો,
આંખ કિરણોથી ધૂએ છે કૂકડો.'

('અગિયાર દરિયા', ૧૧૨)

સવારની સાથે સંકળાયેલી આંખ ધોવાની પ્રક્રિયાને કવિપ્રતિભા અહીં નૂતન અને તાજગીપૂર્ણ રીતે પ્રગટ કરે છે. પ્રભાતની નેકી પોકારનાર કૂકડો આંખ ધૂએ, અને જળને બદલે સૂર્યકિરણથી આંખ ધૂએ એ દૃશ્ય કેવું કમનીય છે! ઉષાના ઉઘાડનું આ એક આહ્લાદક ચિત્ર છે. પંક્તિના પૂર્વાર્ધના સાધારણ વાત ઉત્તરાર્ધમાંના કલ્પનને કારણે આસ્વાદ્ય બની શકી છે.

મનહર સમયને પણ પ્રવાહીરૂપ આપીને પ્રગટાવે છે. કાળ કે સમય, જેને જતો-આવતો જોઈ શકાતો નથી કે પડતો-આખડતો સાંભળી શકાતો નથી,

તેને ગઝલકાર કલ્પનયુક્ત બાનીમાં દશ્ય-શ્રાવ્ય બનાવીને રજૂ કરે છે—

'પડયું છે દશ્ય-કાણું ના-નથીમાં
સમય ટીપે ટીપે નીચે પડે છે.'

('અગિયાર દરિયા', ૪૩)

અહીં, ઉત્તરાર્ધની પંક્તિમાંની 'ઈ'કારાન્ત વર્ણાવલિને પરિણામે સમયની ટીપે ટીપે ટપકવાની ક્રિયા પ્રત્યક્ષ થઈ શકી છે. સમયના જ એક અંશ સમાન ક્ષણને પણ મનહર નિવિધ મુદ્રામાં અભિવ્યક્ત કરીને મૂર્તતા આપે છે. ક્ષણ પણ હાથતાળી દઈને છટકી જાય-સરકી જાય પછી એને પામવી-પકડવી મુશ્કેલ. આવી સતત સરકતી ક્ષણને બાંધવાની વાત કરીને કે પછી 'ઓળખીએ ઊછળતી ક્ષણ', 'બધી સુક્કી ક્ષણોને એમ ગાળું', 'ગબડતી ક્ષણોને ઉપાડી લઉં', 'ક્ષણોને ન પછાડો આમ રસ્તે'-એવી 'અગિયાર દરિયા'ની અનેક રચનાઓમાં ક્ષણનું મૂર્તીકરણ કરીને અનેક કલ્પનો સર્જ્યાં છે. મનહરની ગઝલોની નૂતન અને આહ્લાદક અભિવ્યક્તિમાં આમ, કલ્પનો કારણભૂત છે એ જોઈ શકાય છે.

'ઈર્શાદ'ના કવિનામથી ઓળખાતા નૂતન ગઝલના હિમાયતી ચિનુ મોદી પણ ગુજરાતી ગઝલના વિકાસમાં વિશિષ્ટ સ્થાનના અધિકારી ગઝલકાર છે. કવિનું પ્રયોગલક્ષી વલણ અનેક નવોન્મેષો પ્રગટાવે છે. ગઝલના ચુસ્ત દઢબંધની જાળવણી કરતી તેમની ગઝલો અભિવ્યક્તિના નાવીન્ય અને અમૂર્તને મૂર્ત રૂપે વ્યક્ત કરવાની વૃત્તિ-શક્તિને કારણે આસ્વાદ્ય બની રહે છે.

'ધુમ્મસ'ને રદીફ બનાવીને લખાયેલી એક ગઝલમાં મત્સ્ય થઈને તરવું, નાવ થઈને સરવું, ઝરણાં પેઠે ઠરવું-એમ ધુમ્મસને નાનાવિધરૂપે વ્યક્ત કરાયું છે. હલનચલન કરતાં ધુમ્મસનું જે ગતિશીલ કલ્પન સિદ્ધ થયું છે તે અત્યંત આસ્વાદક્ષમ છે—

'આકાશેથી ઝરમર ઝરમર જળ ઓઢેલું ઝમતું ધુમ્મસ,
હળવે હળવે વાયુપગલે મનમાં મારગ કરતું ધુમ્મસ.'

('ક્ષણોના મહેલમાં', ૩૨)

નિરાકાર એવા સમયને સાકાર, સઘન અને સજીવ બનાવીને વ્યક્ત કરવાનું વલણ ઘણાં કવિઓનું રહ્યું છે. મનહર ટીપે ટીપે ટપકતાં સમયને પ્રવાહીરૂપ આપે છે, તો ચિનુ કલ્પન સહાયથી રેતમાં આળોટતાં-ન્હાતાં સમયને જીવંત બનાવી પ્રત્યક્ષ કરાવે છે.

એક વ્યક્તિ અન્ય વ્યક્તિથી છૂટી પડે ત્યારે વિયોગી વ્યક્તિની તીવ્રતમ

વ્યથાની કલ્પના સૌ કોઈ કરી શકે, પરંતુ જીર્ણ પર્ણોની ડાળથી જુદા પડવાને પરિણામે અનુભવાતી વેદનાને તો કવિપ્રતિભા જ પકડી શકે. પાનખરનું આગમન થાય અને વૃક્ષો પાનવછોયાં બની જાય ! પાંદડાંનું વૃક્ષથી વિખૂટા પડવાનું કેટલું વસમું હોય છે એનું વેદનાગર્ભ ચિત્રણ મનોહર રૂપ પામીને આ કવિની એક ગઝલના શે'રમાં દશ્યકલ્પનરૂપે પ્રસ્તુત થાય છે—

'પાંદડાં ખરતાં રહ્યાં ખરતાં રહ્યાં
અશ્રુઓ સારી રહી જાણે હવા.'

('ક્ષણોના મહેલમાં', ૪૧)

જોઈ શકાય છે કે અનુસ્વારનું આવર્તન અને 'ખરતાં રહ્યાં'નું પુનરાવર્તન ભાવકને ખરતાં પાંદડાંનું દશ્ય જોવા–સાંભળવામાં સહાયક નીવડે છે.

ચિનુ મોદીની ગઝલોમાંથી મળતાં આવાં ઇન્દ્રિયસંતર્પક કલ્પનો ભાવોપકારક બનીને ગઝલની ઉત્કૃષ્ટતામાં ઉમેરો કરે છે. આ ઉપરાંત પણ ચિનુની ગઝલોમાંથી પવનનું ઘણા, થાકનું કબૂતર, શ્વાસની ચાદર, અંધારાનું જંગલ અંધારાનો છોડ જેવાં ષષ્ઠીના પ્રત્યયયુક્ત કલ્પનો પણ ઘણાં મળે છે, જે કાર્યસાધક બનીને ગઝલને વધુ કલાત્મક બનાવે છે.

ગુજરાતી ગઝલકવિતાને ક્ષેત્રે માતબર ગઝલકર્મને કારણે બળકટ બનેલું અન્ય નામ છે મનોજ ખંડેરિયાનું. કવિની કલ્પનનિષ્ઠાને પરિણામે અને અનેક હૃદ્ય કલ્પનોને કારણે તેમની ગઝલો આસ્વાદ્યતાની ઊંચાઈને આંબી શકે છે. પંખીની પાંખમાંથી ખરતું પીંછું હવામાં શિલ્પ કોતરતું કોતરતું આભમાંથી ઊતરે એ ચિત્તહારી ચિત્ર મનોજ મનોહર કલ્પન વડે દષ્ટિગોચર કરાવે છે—

'ફરકતું પડે ત્યારે ભૂરી હવામાં,
ઝીણાં શિલ્પ કૈં કોતરી જાય પીંછું.'

('અચાનક', ૧)

હવાને ભૂરા રંગની દર્શાવી કવિએ જેને જોઈ નથી શકાતી એવી હવાને પણ રૂપ-રંગ આપ્યાં છે.

આપણે ત્યાં વસંતને વિષય બનાવીને અઢળક કાવ્યો લખાયાં છે, પણ 'પગલાં વસંતનાં' ગઝલમાં પવનની પીંછી અને ફૂલોના રંગો લઈને મનોજ વસંતનું જે તાજગીભર્યું ચિત્ર દોરે છે એની વાત જ જુદી છે—

'આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના.
ફૂલો એ બીજું કૈં નથી પગલાં વસંતનાં.'

* * *

'ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછાં ફરી ન આવશે તડકા વસંતના.'

('અચાનક', ૨૭)

ડાળને વસંતના રસ્તા અને પુષ્પને વસંતનાં પગલાં કહેવામાં કવિકર્મનો પર્યાપ્ત પરચો તો મળે છે જ, સાથે જ 'વસંતના તડકા એટલે સૂરજનું સોનું' એવું સર્જકસિદ્ધ સમીકરણ પણ કવિપ્રતિભાનું પરિચાયક નીવડે છે. તડકા જેવા અમૂર્ત તત્ત્વનું થયેલું મૂર્તીકરણ કેવું મજાનું છે!

મનોજની સૂક્ષ્મ સંવેદનશક્તિનો પરિચય આપતી 'વરસોના વરસ લાગે' ગઝલ માત્ર મનોજની જ નહીં, ગુજરાતી ગઝલની પણ એક નમૂનેદાર ગઝલ છે. આ રચનાની ઉત્કૃષ્ટતાનો અને આકર્ષકતાનો ખરો આધાર એનાં કલ્પનો છે. મૌનની મૂર્તતા–મુલાયમતા દર્શાવવા પ્રયોજાયેલું કલ્પન કેવું તાજગીપૂર્ણ છે—

'કમળ–તંતુ સમા આ મૌનને તું તોડમા નાહક
ફરીથી જોડવા બેસું તો વરસોના વરસ લાગે.'

('અટકળ', ૧)

આ ગઝલના ઉપાન્ત્ય શે'રમાં સપનાનું અલ્પાયુ દર્શાવવા બરફના સ્તંભ સાથે સરખાવી કલ્પનસહાયે સપનાંને પણ સાકાર કરાયું છે—

'આ સપનું તો બરફનો સ્તંભ છે હમણાં જ ઓગળશે,
હું એને ખોડવા બેસું તો વરસોના વરસ લાગે.'

મનોજની ગઝલોમાં અંધકારનાં અનેક દૃશ્ય-શ્રાવ્ય રૂપો પણ માણવા મળે છે. 'અટકળ'ની એક ગઝલમાં કવિ અંધકારને ડણકતો દર્શાવે છે ત્યારે કર્ણપટ ઉપર અથડાય એવી અંધકારની ત્રાડ સંભળાય છે અને સર્જાય છે એક સુંદર શ્રાવ્યકલ્પન. એવી જ રીતે અમૂર્ત અંધકારનું મૂર્ત પ્રત્યક્ષીકરણ 'તિમિર' શીર્ષકની ગઝલમાં થયું છે—

'રેતીની જેમ આભથી ખરતું રહે તિમિર.
ખાલી થતા શહેરને ભરતું રહે તિમિર.

* * *

'તારાની સાથ રાતના ઊતરીને ચૂપચાપ,
સરવરના શાંત નીરમાં કરતું રહે તિમિર.'

('અચાનક', ૨૨)

અહીં, દૃશ્યકલ્પનોની સહાયથી સ્થિતિને ગતિમાં પલટાવવાનો પ્રયત્ન થયો છે તે પ્રશસ્ય છે. મનોજ ખંડેરિયાની ગઝલોમાંથી આવાં અનેક સંતર્પક કલ્પનો

મળે છે. જે ગઝલનું મુલાયમ texture ઊભું કરવામાં સહાયક નીવડે છે.

રાજેન્દ્ર–મનોજ આદિની જેમ સંનિષ્ઠ ગઝલોપાસના કરનાર અન્ય કવિ તે શ્યામ સાધુ. ગુજરાતી ગઝલની દિશાપલટમાં આદિલ, રાજેન્દ્ર, મનોજ વગેરે ગઝલકારોની માફક શ્યામ સાધુનો કિસ્સો પણ નોંધપાત્ર છે. પ્રકૃતિનાં વિવિધ તત્ત્વો અને માનવચિત્તની કેટલીક અવસ્થાઓને ઇન્દ્રિયપ્રત્યક્ષ બનાવીને પ્રસ્તુત કરતા શ્યામની ગઝલના અનેક શે'રમાંથી રમ્ય કલ્પનો સાંપડે છે.

રાજેન્દ્રની ગઝલમાં જેમ શૂન્યતા સાકાર થઈ ઊઠે છે, તેમ શ્યામની કેટલીક ગઝલોમાં પણ શૂન્યતા સાક્ષાત્ થઈ ઊઠે છે. એક જ શે'રમાં શૂન્યતા અને મૌન જેવાં અમૂર્ત તત્ત્વોને સંભળાતાં–દેખાતાં દર્શાવી કવિએ સુંદર દૃશ્યશ્રાવ્ય કલ્પન સર્જ્યું છે—

'બારી બહાર શૂન્યતા ખડખડ હસી પડી,
ઘરમાં ઉદાસ મૌનનાં ટોળાં હળી ગયાં.'

('યાયાવરી', ૫)

શૂન્યતાનું ખડખડાટ હાસ્ય અને મૌનનું ટોળું ભાવકની શ્રવણેન્દ્રિય અને દર્શનેન્દ્રિયને એક સાથે સંતર્પે છે. ઘણા ગઝલકારો સમયનાં તત્ત્વને પોતપોતાની રીતે મૂર્ત કરવાનો ઉદ્યમ કરે છે. પળનો પત્ર વાંચવાની અને બંધ મુઠ્ઠીમાં સમયને સાચવવાની વાત કરતાં શ્યામ પણ એક શે'રમાં કલ્પનબળે પળને પ્રત્યક્ષ કરાવે છે—

'પત્ર આપે પળ તણો વાંચ્યો હશે,
બંધ મુઠ્ઠીમાં સમય રાખ્યો હશે.'

('યાયાવરી', ૪૧)

શ્યામની અન્ય કેટલીક ગઝલોના કેટલાક શે'રમાંથી પણ દૃશ્ય-શ્રાવ્ય કલ્પનોનાં દૃષ્ટાંતો સાંપડે છે, જે કવિની અભિવ્યક્તિને વેધક અને આકર્ષક બનાવે છે.

અન્ય કાવ્યસ્વરૂપોની અપેક્ષાએ આજનો કવિ વિશેષ ગઝલાભિમુખ બન્યો જણાય છે. ગઝલ પ્રત્યેના આકર્ષણને પરિણામે છેલ્લા બે–એક દાયકામા સંખ્યા-દૃષ્ટિએ પુષ્કળ પ્રમાણમાં ગઝલો રચાય છે. ગઝલના આવા વણથંભ્યા પ્રવાહમાં સર્જનરત અનેક ગઝલકારોની ગઝલોમાંથી કલ્પન સંદર્ભે, મુકુલ ચોકસી અને જયેન્દ્ર શેખડીવાળાની ગલો વિશેષ ધ્યાન ખેંચે છે. ગઝલના શિલ્પ–સૌન્દર્યમાં વૃદ્ધિ કરતું મુકુલ ચોકસીની ગઝલોનું ભાષાકર્મ અનેક સુચારુ કલ્પનો સર્જે છે. સમયને સજીવ બનાવી સઘનતા આપવાના પ્રયત્નો કરનાર અનેક કવિઓની માફક મુકુલ પણ એક ગઝલમાં રાત્રિના થાકયાપાકયા સમયને ઊંઘની ટેકણ

લાકડી પકડીને ઊભો દર્શાવે છે ત્યારે સમય અને ઊંઘ–ઉભયને આકાર મળે છે–

'ઊંઘની ઘોડીનો ટેકો લઈને ઊભો હોય છે
લંગડાતી પાછલી રાત્રિનો થાકેલો સમય.'

('તરન્નુમ', ૫)

નવતર ગીતક્ષેત્રે તેમ ગઝલક્ષેત્રે પણ જયેન્દ્ર શેખડીવાળાનો અવાજ ધ્યાનપાત્ર છે. ગીતની જેમ ગઝલમાં પણ આ કવિની કલ્પનશક્તિ નિખરી ઊઠે છે. 'ટોળું હંસનું' ગઝલ જયેન્દ્રની એક કલ્પનસમૃદ્ધ રચના છે. અહીં, ઝાકળમાં પડતા કિરણના પગરવની કલ્પના દૃષ્ટિ અને ત્વચાને એક સાથે ઉદ્યુક્ત કરે છે અને કલ્પન રચે છે—

'હજી હમણાં જ ઝાકળમાં કિરણ પગરવને પામ્યું'તું,
હજી હમણાં જ ટોળું, હંસનું દોડી ગયું નભમાં.'

('કલ્કિ', ૯)

આ ઉપરાંત પણ જયેન્દ્ર તડકા અને અજવાળાં જેવાં અમૂર્ત તત્ત્વોને સઘન રૂપ આપીને રજૂ કરે છે, તો તેમની અનેક ગઝલોમાંથી તિમિરનું કટક, શ્વાસનું નગર, ક્ષણની સપાટી જેવા પ્રયોગોને પરિણામે પણ અનેક કલ્પનો નીપજી આવે છે.

ગુજરાતી ગઝલના વિકાસમાં વિશિષ્ટ વળાંકે ઊભેલા પ્રમુખ અને પ્રયોગશીલ એવા કેટલાક ગઝલકારોની ગઝલોમાં થયેલા કલ્પનના વિનિયોગ પરથી જોઈ શકાય છે કે અહીં, મોટેભાગે સૂરજ, પવન, અંધકાર, તડકો, ધુમ્મસ જેવાં પ્રકૃતિના તત્ત્વો વિશેનાં દૃશ્ય-શ્રાવ્ય કલ્પનો વિશેષ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, તો મૌન, સમય અને શૂન્યતાનું મૂર્તીકરણ અને પ્રત્યક્ષીકરણ કરીને પણ મનોહર કલ્પનો નિપજાવવાના પ્રયત્નો એકાધિક ગઝલકારો કરે છે. એવી જ રીતે અહીં અનુભવાતું ગઝલકારોનું સભાનતા અને સક્ષમતાપૂર્વક કલ્પનરાગી વલણ, કવિ-તા સિદ્ધ કરવામાં સહાયભૂત બને છે અને મહદંશે ઇન્દ્રિયગ્રાહ્ય કલ્પનોનું વિનિયોજન આ ગઝલની નમનીયતામાં વૃદ્ધિ કરે છે.

આધુનિકોત્તર ગઝલ નહીં, પરિષ્કૃત ગઝલ

અજિત ઠાકોર

[અહીં આધુનિક ગઝલ પછી '૭૦ના ગાળામાં આરંભાયેલી અને '૭૫ પછી બળવત્તર બનેલી પરિષ્કૃત ગઝલ વિશે થોડાંક નિરીક્ષણો–તારણો મૂકવાનો ઉપક્રમ છે. બે દાયકાથી સામયિકોમાં વાંચેલી સેંકડો ગઝલો અને એના વિશેના વિદ્વાનોના અભિપ્રાયો તથા મારી પ્રતિક્રિયાઓના સંસ્કાર મનમાં પડેલા છે. પણ સામે તો પચીસેક ગઝલસંગ્રહો અને પાંચ સંપાદનો જ પડયાં છે. એટલે અનેક ગઝલો અને ગઝલકારો આ લખું છું ત્યારે નજર સામે છે. પરંતુ ઉદાહરણો સામે પડેલી સામગ્રીમાંથી લેવા પડયાં છે. તેથી અહીં ઉધ્ધૃત થયા છે તે સિવાયના પરિષ્કૃત ગઝલ આપતા ગઝલકારો પણ છે જ. પરિષ્કૃત ગઝલની વિસ્તૃત સમીક્ષા હવે પછી હાથ ધરવાની આકાંક્ષા છે. ત્યારે વધારે બૃહદ્ ફલક ઉપર સૂક્ષ્મતાથી વિચાર કરવા ધાર્યું છે. આરંભે બસ આટલી સ્પષ્ટતા.]

[૧]

અંગત રીતે મને 'આધુનિકોત્તર' કે અનુ-આધુનિક' સંજ્ઞા નથી ગમતી. તેમાંય 'અનુ-આધુનિક' સંજ્ઞા તો સ્હેજ પણ નહીં. કેમકે એમાં આખી ઘટના આખું આંદોલન આધુનિકતાનું પૂચ્છ હોય એવો દુષ્ટ સંકેત રહેલો છે. બંને સંજ્ઞાઓમાં આપણી પશ્ચિમની 'પોસ્ટમોડર્નિઝમ' વિભાવનાને અનુ–સરવાની વૃત્તિ ગંધાય છે. સાથે જ 'પોસ્ટમોડર્નિઝમ' સાથે જે અર્થચ્છાયાઓ જોડાયેલી છે, તેને લઈ લઈને ફરી એકવાર 'મોડર્નીઝમ' વખતે થયું હતું તેમ આપણી કવિતા, વાર્તા, નવલકથા અને વિવેચનને ડિસમિસ કરવાની પેરવી ચાલુ થઈ જશે. અલબત્ત આપણે સમજેલી આધુનિકતા અને આપણે, આપણી સમજ સાથે કરેલું એની મર્યાદાઓનું ઉલ્લંઘન તે આધુનિકોત્તર, એવું સ્વીકારીએ તો બરાબર. અર્થાત્ આધુનિકતાનો પરિષ્કાર તે પરિષ્કૃતિ. આધુનિક સંવિત્તિ ગુજરાતી ચેતનામાં ધારણ થઈને, ગુજરાતીત્વ પામી. એનું કળોત્સ્ફુરણ તે પરિષ્કૃતિ. પશ્ચિમની પરિભાષાઓ સાથે જે તે સાહિત્યપરંપરાઓના આગવા સંદર્ભને કારણે જોડાયેલી અર્થચ્છાયાથી ગુજરાતી સાહિત્યનાં નૂતન વલણો વિશે ઊભી થતી ગેરસમજ નિવારવા પોતીકી સંજ્ઞા હોવી જોઈએ. સંસ્કૃતિ–કૃતિ–પરિષ્કૃતિ એવા ક્રમે ગુજરાતી સાહિત્યનો ગ્રાફ રચાયો છે. આ ગ્રાફમાં ગુજરાતી સર્જક ભાવકના બદલાતા એમ્ફેસીસ પણ સૂચવાયા છે. તેથી અનુ-આધુનિક કે આધુનિકોત્તર જેવી અનુવાદિયા પરિભાષા નહીં, પણ આપણા નૂતન પ્રસ્થાનને સ્ફુટ

કરતી, વ્યાખ્યાયિત કરતી, 'પરિષ્કૃત', એવી પરિભાષા ઉચિત માની છે.

— એટલે આધુનિકોત્તર ગઝલ નહીં; પરિષ્કૃત ગઝલ.

(૨)

તો પરિષ્કૃત ગઝલના ઉદ્‌ભવની ભૂમિકા પ્રથમ :

'૪૭ થી '૬૦ સુધી ચાલેલું ગઝલનું આંદોલન કલાપી–સાગરની ગઝલ પરંપરાથી ભાવ, ભાષા અને સ્વરૂપની દૃષ્ટિએ ગઝલને વિશેષ ગુજરાતી બનાવે છે. ઉમાશંકર જોષી એને કલાપી–સાગરની ઉર્દૂ–ફારસીમાંથી દત્તક લીધેલી ગઝલધારાથી નવા વળાંકરૂપે પ્રમાણી **'નવી ગઝલ'**ને નામે ઓળખાવે છે. પરંતુ હું એને **'ગુજરાતી ગઝલ'** કહેવાનું પસંદ કરું છું. કેમકે એમાં ભાવ, ભાષા અને સ્વરૂપની દૃષ્ટિએ પરકીયઃ ગઝલનું ગુજરાતીકરણ થયું. પહેલીવાર આપણી ભૂમિમાં ગઝલનાં મૂળ ચોંટયાં. એમાં આગલી પેઢીના શયદા સાથે મરીઝ, રતિલાલ 'અનિલ', ઘાયલ, બેફામ, સૈફ પાલનપુરી, શૂન્ય, ગની આદિ ગઝલકારો હતા.

એ પછી સુરેશ જોષી નામની પ્રચંડ ઘટના ઘટી, તે સાથે પરંપરામાંથી આધુનિકતા તરફ વળેલા મનહર, ચિનુ આદિથી આધુનિક ગઝલનો આરંભ થયો. આદિલ ઉર્દૂની આધુનિક ગઝલોમાંથી ગુજરાતી ગઝલ તરફ વળ્યા. '૬૨માં આદિલનો 'વળાંક' ગઝલસંગ્રહ આધુનિક ગઝલનાં એંધાણ આપે છે. એ પછી આ ગઝલ આધુનિકતાની દિશામાં ક્યારેક વિકસી તો મહદંશે વકરી, વણસી. વિકસી એ રીતે કે આ ગઝલો ભાવ, ભાષા અને સ્વરૂપના પરંપરાગત દૃઢ સંસ્કારોને કારણે આકસ્મિક રીતે 'ગુજરાતી ગઝલ' સાથે અનુસંધાન રચી આ સર્જકોની આધુનિક ગઝલથી વિપરીત મુદ્રાવાળી છિન્ન કેડી સર્જે છે. વકરી–વણસી એ રીતે કે પશ્ચિમમાંથી આણેલા આધુનિક ભાવો–જીવનમૂલ્યો તથા બાની અને સ્વરૂપમાં આડેધડ ભાંગફોડથી આધુનિક ગઝલ 'ગઝલ' જ ના રહી, એ ક્યારેક **પ્રતિગઝલ** બની ગઈ તો ક્યારેક **અ–ગઝલ** બની ગઈ. આમ 'ગુજરાતી ગઝલ'થી 'પ્રતિગઝલ'–'અગઝલ'નું સ્થિત્યંતર રચાયું.

કોઈ પણ સાહિત્યસ્વરૂપ જીવન–જગતને જોવાના–નિબદ્ધ કરવાના વિશેષ અભિગમ, માનસિકતા અને અધ્યાત્મની અપેક્ષા રાખે છે. એમાંય ભજન–ગઝલ જેવા ધાર્મિક–સાંસ્કૃતિક સંદર્ભ ધરાવનારાં સ્વરૂપો તો સવિશેષ. કેમકે ભજન **સંતચેતના** તો ગઝલ **સુફીચેતનાના** આવિષ્કારો છે. તેથી જ આધુનિકતાના જુવાળની સાથે જ ભજન નામશેષ થઈ ગયું, તો ગઝલ પ્રતિગઝલ-અગઝલ બની ગઈ! જાણે કે બંને કાવ્યસ્વરૂપોએ સર્જકોને તરછોડી દઈ

પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરી ! આ આધુનિકતા ય વિશેષ તો વાંચેલી, સાંભળેલી અને વિચારેલી એટલે કે વૈચારિક સ્તરે ગંઠાઈ ગયેલી આધુનિકતા હતી, અસ્તિત્વના કૂટ પ્રશ્નમાંથી ઉત્થિત અનુભૂત આધુનિકતા ન હતી. એમાં ભારતીય સુફીચેતના અને આધુનિક સંવેદનાનો મુકાબલો કે અન્વય બેમાંથી એકેય રચાયા ન હતા.

(૩)

'૭૦ પછી પુનઃ મરીઝ, ઘાયલ, અનિલની 'ગુજરાતી ગઝલ' સાથે અનુસંધાન રચવાનું વલણ બળવત્તર બનવા લાગે છે. '૭૫ પછી આધુનિક ગઝલના પ્રતિગઝલત્વ અને અ-ગઝલત્વ સામેની અસંપ્રજ્ઞ પ્રતિક્રિયારૂપે પરિષ્કૃત ગઝલ દૃઢ થવા લાગે છે. અદમ, રાજેન્દ્ર શુકલ, મનોજ, શ્યામ સાધુ, કિસન સોસા આદિ ગઝલકારોમાં પરિષ્કૃત ગઝલનો પ્રવાહ તેમના આધુનિક ગઝલના પ્રવાહ કરતાં દૃઢતર બનતો દેખાય છે. છતાં આ સર્જકો ઘણીવાર આધુનિકતાના ટ્રાન્સ-મૂર્છા-માં આવી જતા જણાય છે. એની પાછળ વિવેચને આધુનિકતાનો જે આત્યંતિક પુરસ્કાર કર્યો તેની અસર રહેલી છે.

છતાં '૭૫ પછી ગઝલહ્રાસ કરતા આધુનિકતાના ઘોંઘાટની સાથે સાથે સુફીચેતના અને આધુનિક સંવેદનાના અન્વય તથા ગઝલમાં શુદ્ધ કાવ્યત્વનો પરિષ્કાર કરવાની મથામણમાંથી પરિષ્કૃત ગઝલની મુદ્રા ઉત્તરોત્તર નિખરતી આવે છે. તો એની સમાંતરે જ આધુનિક ગઝલ પ્રયોગખોરી, પડઘાઓ, કૃત્રિમ બાની અને ઓઢી લીધેલા ભાવોને કારણે શ્રી સુમન શાહ કહે છે તેમ 'બકવાસ' બની ગઈ. આજે તો ગઝલકારોમાં પરિષ્કૃત ગઝલ વિશેની સંપ્રજ્ઞતા સુપેરે પ્રકટી છે. અને પરિણામે અદમ ટંકારવી, શ્યામ સાધુ, જવાહર બક્ષી, કિસન સોસા, હરીશ મીનાશ્રુ, જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી, હર્ષદ ત્રિવેદી, હેલ્પર ક્રિસ્ટી, દિલીપ વ્યાસ, ભરત વિંઝુડા, હેમંત ધોરડા, હનીફ સાહિલ, મિસ્કિન આદિ ગઝલકારોમાં પરિષ્કૃત ગઝલનો મુખડો બંધાયો છે.

આમ આપણી ગઝલનો ગ્રાફ ગુજરાતી ગઝલ→પ્રતિગઝલ/અ-ગઝલ→પરિષ્કૃત ગઝલ એવો રચાયો છે.

(૪)

પરિષ્કૃત ગઝલ **આધુનિક સુફીચેતનાની** કળાભિવ્યકિત છે. એથી એ આધુનિક માનવની નિયતિને સુફી પરિપ્રેક્ષ્યમાં જુએ છે. અહીં નૈરાશ્ય, વેદના, એકલતા, નિશ્ચિહ્નતા, નિર્ભ્રાન્તિ, વિરતિ, અશ્રદ્ધા આદિ આધુનિક ભાવમુદ્રાઓ

સુફી દૃષ્ટિએ અર્થઘટન-સંક્રથન પામે છે. આધુનિક સંવિત્તિ અને સુફી દૃષ્ટિના સંકર્ષણ તથા રસાયનને પરિણામે આપણી ચેતનાનો અદ્યાપિ અક્ષુણ્ણ રહેલો ખંડ ઉઘડવા લાગ્યો છે.

પરિષ્કૃત ગઝલમાં આ આધુનિક સુફી ચેતના બે અંતિમોમાં પ્રકટી છે: ૧. સુફી દૃષ્ટિનો પાસ પામેલી આધુનિક સંવિત્તિ અને ૨. આધુનિક સંવિત્તિનો પાસ પામેલી સુફી દૃષ્ટિ. આ બે અંતિમોની વચ્ચે પરિષ્કૃત ગઝલની વિવિધ ભાવભંગિમાઓ રચાઈ છે.

આધુનિક સુફી ચેતનાના કેટલાંક સ્થિત્યંતરો જોઈએ.

ત્યાં શ્વાસ સાથે જઈ શકું એ શક્યતા નથી
કે સોયથીયે સાંકડી છે રાહ શૂન્યની.

— કિસન સોસા

અહીં 'શૂન્યતા' જેવા આધુનિક સંવેદનને ભારતીય અધ્યાત્મની સોયની અણીથી ય સાંકડી બંકનાળમાંથી શૂન્ય શિખરે પહોંચવારૂપ યાત્રાની વ્યંજના માટે યોજાયું છે.

એ જ રીતે નીચેના શેઅર પણ આધુનિક સુફી ચેતનાના વિવિધ સ્થિત્યંતરો અને ભાવમુદ્રાઓ વ્યક્ત કરે છે:

બારાખડીના ઝાડ પર સાધુ રડી પડયો,
કિન્તુ સૂડાના સ્વાદની કોને ખબર પડી.

— શ્યામ સાધુ

ભાષા વગરના બોલથી બોલે સતત કશું
ટોળે વળી રહ્યું છે મારી આસપાસ શું?

— જયેન્દ્ર શેખડીવાળા

હીંચકો ત્યાગ આ કેલિઓનો હવે,
ચાલ કૈવલ્યના બાંકડે બેસવા.

— હર્ષદ ત્રિવેદી

તું રીઝે એવી એક ચબરખી લખું
એટલું ક્યાં અમારું ભણતર છે.

તે બધા મેળા મહીં ભૂલા પડયા
જેમણે છોડી તમારી આંગળી

ઠૂંઠી, કાંડા કપાયલી દુનિયા
લ્યો, હથેળી ઉપર નચાવે છે

અને રેતીથી શી લેવા દેવા
તું ન હો એવી હરજગા રણ છે
— અદમ ટંકારવી

જન્મ પામ્યા કે જીવન પૂરું થયું
જળની અંદર જેમ પરપોટો થયો
— અશોકપુરી ગોસ્વામી

સુગંધ કેં ઊમટી પછી અંદર બધે બ્હાર
ઊગ્યાં હશે ફૂલો હવે વકરેલા ઘાવમાં
— મહેન્દ્ર જોશી

જીવન દૃષ્ટિમાં વરતાતું આ પરિવર્તન હરીશ મીનાશ્રુ, અદમ ટંકારવી, જવાહર બક્ષી, જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી ગોસ્વામી આદિ અનેક ગઝલકારોમાં મુખવટારૂપે નહીં પણ આંતર સમજમાંથી આવ્યું છે.

હું પડયો'તો મૂળ નાખીને સડકની ધાર પર
લ્યો, ઉખાડી હું મને લઈ ગ્યો અલખની ધાર પર
— અશોકપુરી ગોસ્વામી

અહીં સડકની ધાર પરથી ચેતનાને અલખની ધાર પર લઈ જવાની ઝંખનામાં આધુનિક સંવેદન–મૂલ્યોથી ભારતીય સંવેદન–મૂલ્ય તરફનું સર્જકચેતનાનું **વિચલન** સૂચવાયું છે.

ક્યારેક વિચલન આટલું તીવ્ર ન બનતાં ઇંગિત આપે છે :

હવામાં એ જ શ્રદ્ધાથી ફરકવા મૂકું છું
ભલે પથ્થરમાં કોરાયું, પીછું એ પીછું છે.
— હર્ષદ ત્રિવેદી

અહીં જડવત્ શરીરમાં પથ્થરમાં કોરાયેલા પીંછા જેટલું રીડયુસ થઈ ગયેલું ચૈતન્ય એનો સ્વભાવ પ્રકટાવશે, એવા આધ્યાત્મિક અર્થઘટનમાં શેરનો બીજો છેડો આપણે જોઈ શકીયે.

ક્યારેક સ્વના ભ્રાંત સ્વરૂપની તીખી સભાનતાનું ચેતનબિંદુ પ્રકટે છે :

લોકટોળામાં ફરું અફવા સમો
સંશયોનું ટોળુ મારામાં ફરે
— અજિત ઠાકોર

ક્યારેક પ્રિયજન વચ્ચેના અવરોધનો અવરોધપણાને પ્રિયજનના નામથી ઓગાળવાની ખોજની ભાવાવસ્થાનું કથન થયું છે :

નામ એનું લખી લખી એ પર
ભીંતને લીલીછમ કરી જઈએ
— મનોજ ખંડેરિયા

આજના ગઝલકારની દૃષ્ટિમાં આવેલું આ **શીફ્ટીંગ** સૂચક છે. કેમકે ગઝલમાં બદલાતી સર્જકચેતનાની આ એંધાણી આધુનિક ગઝલમાંથી પરિષ્કૃત ગઝલમાં થયેલી સંક્રાન્તિની પરિચાયક બની રહે છે.

(૫)

પરિષ્કૃત ગઝલ અભિવ્યક્તિ સંદર્ભે કલ્પન, પ્રતીક, અવળવાણી, દાખલા દલીલ અને અર્થગર્ભ વિધાનો એમ આધુનિક તથા પરંપરિત બંને પ્રકારનાં ઉપકરણો યોજે છે. તેથી ભાષા દૃશ્યાત્મકતાથી કથનાત્મકતા અને વ્યંગ્યથી વાંકડી ઉક્તિ સુધીની રેન્જમાં યોજાયેલી જોવા મળે છે. એમાં ક્યારેક સમગ્ર ગઝલમાં કોઈ એક ભાવનો ઉપચય કે પ્રતીકીકરણ સધાય એવો રચનાપ્રપંચ જોવા મળે છે. આવી ગઝલો સ્પષ્ટ રીતે જ શુદ્ધ કાવ્યત્વના આધુનિક સર્જકવલણથી અનુપ્રાણિત થાય છે. એ જ રીતે 'કથક'ની મનોમુદ્રા કે દૃષ્ટિને બોલાતા શબ્દ એટલે કે ગુજરાતી ઇડિયમ્સમાં વિધાન–સંવાદના કાકુમાં વ્યક્ત કરતી ગઝલો ગઝલકારના નોખા વ્યક્તિત્વ અને જીવનદૃષ્ટિ અનુપ્રાણિત થઈ છે. ક્યારેક આ બે ધારાઓ સંયુત થઈ અભિવ્યક્તિનું નવું પરિમાણ પણ પ્રકટાવે છે.

ગઝલકારમાં નિર્મમ દ્રષ્ટાભાવમાંથી પ્રકટતી ગઝલના ઉદ્‌ભવના કારણરૂપ દાર્શનિકતાની જિકર થતી રહી છે:

જે સ્વયં નિમર્મપણે નિરખ્યા કરે
એવા થોડા લોક સર્જે છે ગઝલ
— અશોકપુરી ગોસ્વામી

પરિષ્કૃત ગઝલની ભાષા ત્રિવિધ રીતે પ્રયોજાયેલી જોવા મળે છે: ભાવને અનુસરતી ભાષા, ભાવ સાથે સંપૃક્ત થતી ભાષા અને ભાવને ભાષામાં રૂપાંતરિત કરતી ભાષા. એ દરેકનો જુદો સ્વાદ છે. છતાં ભાવ-તર્કનું અનુકથનં કરતી ભાષામાં ભાષાકર્મની ન્યૂનતમ માત્રા હોય છે, એમાં શંકા નથી.

ભાષામાં વિધાન–સમર્થનની અર્થાન્તરન્યાસી રીતિથી સંકુલ તથ્યની સચોટ અભિવ્યક્તિ સિદ્ધ થાય છે. શેરિઅત્‌ને આવું ઉક્તિવિધાન વધુ માફક આવતુ હોય છે:

ઘટના બધી યે તેજની અહીંયા પરોક્ષ છે
દીવાસળી વિશે જ વિચારી જુઓ તમે

— હરીશ મીનાશ્રુ

તર્કથી તીણી બનતી ભાષાની જેમ ભાવથી પ્રકંપિત થતી ભાષા પણ આસ્વાદ્ય બને છે :

કે ઝળહળ ઝળહળ જેવું છે, દરવાજો ખોલ
આ મરવું ઝાકળ જેવું છે, દરવાજો ખોલ

— મનોજ ખંડેરિયા

અ-તર્કની યોજના વડે ભાવનું ભાષામાં રૂપાંતર પણ જોવા સરખું છે :

તત્ત્વ જો દરિયો હશે તો
સૂર્ય; પાણીનાં વલય છે?

— શ્યામ સાધુ

વાક્યવિન્યાસથી ભ્રમની લાગણીનો અનુભવ કરાવતી ભાષાઘટનારૂપ આ શેઅર જુઓ :

પછી ભ્રમ હવે ભ્રમ વળી ભ્રમ અને ભ્રમ જુઓ ભ્રમથી ભ્રમની પ્રલંબાતી ભ્રમણા
સતત સંશયો અમને સામા મળે કાં હવા આંખ વાદળ વિચારો બંનોને

— જયેન્દ્ર શેખડીવાળા

પરિષ્કૃત ગઝલમાં અર્થ સાથેની સર્જકની ક્રીડા નર્થ તરફની નથી પરંતુ અત્યર્થ તરફની છે. ઉપનિષદના નેતિ વચનો કે વેદ-ગીતાના અર્થને અતિક્રમીને રહેલા અત્યયર્થને પરિષ્કૃત ગઝલકાર પણ લક્ષ્ય કરે છે. અહીં બાવનબારા તત્ત્વને અર્થાત્ અનિર્વચનીયનું વાણી પરનું પ્રચંડ દબાણ અર્થના પરિચિત સંકેતોને ભૂંસી ભાષાને કેવળ અનિર્વચનીયના અકળ સંકેતમાં પલટી નાંખી અત્યર્થ પ્રકટાવે છે. આધુનિક ગઝલમાં અર્થને રીડયૂસ કરી નર્થ સિદ્ધ કરાય છે તો પરિષ્કૃત ગઝલમાં અનિર્વચનીયને અર્થની સીમામાં બળપૂર્વક તાણી લાવવા જતા ભાષા સ્વયં અકળ પદાર્થ બની 'અત્યર્થ' રચે છે.

(૬)

આમ આધુનિક સુરુચિચેતના ધીમે ધીમે ઉત્થિત-વિકસીત થઈ રહી છે. આપણી પ્રજાચેતનાના સાહજિક ક્રમમાં આધુનિકતા પછી એ અપેક્ષિત પણ હતું. એક નૂતન ભાવલોક, વિચાર-સંવેદનવ્યાપાર, ચિંતન-દર્શન ગુજરાતી ગઝલમાં પ્રકટી રહ્યાં છે. ગઝલમાં 'પરિષ્કૃતિ' નામે નૂતન પ્રસ્થાન આરંભાયું છે, ત્યારે

પરિષ્કૃત ગઝલકાર સામે પોતાની ઓળખ રચવાનો મોટો પડકાર પણ ઊભો થયો છે. આધુનિક સુફીસંવિત્તિને આવિષ્કૃત કરવા અપેક્ષિત સભાનતા અને સાધના ઓછાં પડતાં લાગે છે. આ ગઝલકારોમાં આધુનિક સંવેદના અને સુફી ચેતના અલગ અલગ રહેતાં, અથડાતાં દેખાય છે. એનું રસાયન સિદ્ધ થયું નથી. આ નવી ચેતનાના પૂર્ણ આવિષ્કાર માટે આપણો ગઝલકાર જેટલું તપ કરશે તેટલું આ નવપ્રસ્થાન પ્રાણવંત અને ફળદાયી બનશે. આથી આ ગઝલકારોએ પોતાનામાં રહેલી આધુનિકતા અને સુફીચેતનાની સ્પ્લીટ નિવારવાની રહેશે. સાતમા દાયકાના આરંભે મનહર–ચિનુ–આદિલમાં પણ પરંપરા અને આધુનિકતાની સ્પ્લીટ હતી; પણ ધીમે ધીમે એમણે પરંપરાનો પરિહાર કરી, તથા આધુનિકતામાં પોતાને સ્થિર કરી એ સ્પ્લીટ ઘણે અંશે દૂર કરી હતી. એવી જ રીતે પરિષ્કૃત ગઝલકારે પણ આધુનિકતા અને સુફીચેતનાને એકીભૂત કરી પોતાનામાં આધુનિક સુફીચેતના સંસિદ્ધ કરવાની રહે છે. ઉત્તર અહમ ટંકારવીમાં એ સિદ્ધ થઈ છે. અશોકપુરી, જવાહર બક્ષી, જયેન્દ્ર, મહેન્દ્ર જોષી અને અન્ય મિત્રોમાં ક્યાંક આ સ્પ્લીટ સ્પષ્ટ દેખાય છે. પરંતુ એને ઓગાળવાની સભાનતા ગુજરાતી ગઝલની આવતી કાલ માટે આશા જન્માવે છે.

ગઝલ-આસ્વાદ-૧

નગરનું સનાતન સત્ય

જગદીશ વ્યાસ

મને ચારેતરફથી આ નગર ઘેરી વળ્યું છે,
હવે તું યાદ આવે તો ય તેનો અર્થ શું છે?

સડક પર ઝૂરતા મારા ચરણને કોણ સમજે?
સમજ સાથે અહીંના લોકોને વાંકું પડયું છે.

હસે છે. આંખ મીંચકારીને સિગ્નલ લાલ-લીલાં,
મળ્યા છે ચાર રસ્તા ત્યારે બહુ સ્હેવું પડયું છે.

ભિખારી જેમ આલિશાન લત્તામાં રહું છું,
ફક્ત દેખાવમાં સરનામું મારું ફાંકડું છે.

ધુમાડો એ જ જાણે કે સનાતન સત્ય અહીંયાં,
અને એ સત્ય પણ દોસ્તો? બહુ મળતાવડું છે.

દિલીપ વ્યાસ

નગરવાસી બનેલા કાવ્યનાયકની અનુભૂતિઓ આ ગઝલના પાંચેય શેરમાં અંકાઈ છે, અને એ રીતે એમાં ભાવસાતત્ય જોવા મળે છે. આત્મલક્ષી ઢબથી ચોટદાર બનતી આ ગઝલમાં નાયકને અનુભવાતી નગરજીવનની વિષમતાઓ એક પછી બીજા શેરમાં ક્રમશઃ પ્રગટ થતી જાય છે, આરંભના શેરમાં મનુષ્યની સંવેદનશીલતાનો હ્રાસ કરી નાખતો નગરનો પ્રભાવ આમ વ્યક્ત થયો છે :

મને ચારેતરફથી આ નગર ઘેરી વળ્યું છે,
હવે તું યાદ આવે તોય તેનો અર્થ શું છે?

નાયકે નગરવાસ સ્વીકાર્યા પછી નગરે એને ધીરે ધીરે ફરતાં ચારેતરફથી ઘેરી લીધો છે - એના સમગ્ર જીવન પર બધી બાજુથી આક્રમણ કર્યું છે. આમ નગર દ્વારા ઘેરાઈ ચૂકયા પછી હવે નાયકના જીવનમાં પ્રેમાનુભૂતિનું કોઈ સ્થાન રહ્યું નથી - જાણે એવાં કોઈ સંવેદનો જ થતાં નથી. હવે પ્રિયતમા યાદ આવે એનો ય કોઈ અર્થ એને જણાતો નથી. નહીંતર પ્રેમી માટે તો

પ્રિયતમાની યાદ એ મોટી વસ ગણાય. એવી અનેક ગઝલપંક્તિઓ મળી આવે છે જેમાં પ્રેમી પોતાને પ્રિયતમા ન મળે તો એની યાદના સહારે જીવન વીતાવવા તત્પરતા દર્શાવતો હોય. એ સંદર્ભમાં કાવ્યનાયકને પ્રિયતમાની યાદનો કોઈ અર્થ જણાતો ન હોય ત્યારે નગરે એના પર કેટલો પ્રભાવ પાડયો હશે તે સમજાઈ શકે છે. પહેલી પંક્તિમાંના 'ઘેરી વળ્યું છે'ના પ્રયોગથી ચારેતરફથી ઘેરાયેલા યોદ્ધાની નિરુપાયતાનો ભાવ ઉપકારક રીતે સૂચવાય છે, જાણે કશું પણ કરી શકવા નગરવાસી નાયક હવે નિરુપાય છે.

બીજી પંક્તિમાંનો 'તુ'' શબ્દ આ શેરમાં એવા સંદર્ભમાં પ્રયોજાયો છે કે એને વતનગામનો વાચક પણ ગણી શકાય. એ દૃષ્ટિએ અહીં એવું અર્થઘટન પણ થઈ શકે કે નાયકને નગર દ્વારા ચારેતરફથી ઘેરાઈ ગયા પછી હવે ગામ યાદ આવે એનો કોઈ અર્થ જણાતો નથી. પહેલાં ગામ યાદ આવ્યું હોત તો કોઈ રસ્તેથી એના સુધી નાયક પહોંચી જાત, પણ હવે તો બધા રસ્તા બંધ છે. આ બંનેમાંથી ઉપરનું પહેલું અર્થઘટન વધુ પ્રતીતિકર જણાય છે.

બીજો શેર નગરજીવનની એક બીજી વિષમતા વ્યક્ત કરે છે, નગરનાં લોકો એટલાં આત્મકેન્દ્રી છે કે એમનામાં અન્ય માટે કોઈ સહાનુભૂતિ પણ જોવા મળતી નથી. અન્યની એમને જાણે કે કંઈ પડી જ નથી. કદાચ પોતાની દોડધામમાં વ્યસ્ત નાગરિકોને એટલી ફુરસદ પણ નહીં રહેતી હોય કે અન્ય પ્રત્યે સહાનુભૂતિ દાખવી શકે. કારણ ગમે તે હો પરંતુ પરિણામ તો એ જ આવ્યું છે કે નગરમાં માનવ માનવ વચ્ચેનો સહાનુભૂતિનો સેતુ કપાઈ ગયો છે. એટલે તો નગરની સડકો પર ભટકતા કાવ્યનાયકના ઝુરાપાને સમજનારું કોઈ સાંપડતું નથી :

> સડક પર ઝૂરતા મારા ચરણને કોણ સમજે ?
> સમજ સાથે અહીંના લોકને વાંકું પડયું છે.

કોઈના ઝુરાપાને સમજી શકે એવી સમજ અહીંના લોકો દાખવતા નથી. એટલે ખરેખર તો અહીંના લોકોને લાગણી સાથે વાંકું પડયું છે, સમજ સાથે નહીં. સમજ સાથે વાંકું પડયું હોત તો તો એ આવકાર્ય ગણાત, કેમકે એથી નાયકનો ઝુરાપો સમજી તેના પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરનારું કોઈ મળી રહ્યું હોત. આ જ કવિના અન્ય કેટલાક શેરોમાં દિમાગ વિરુદ્ધ દિલનો —બુદ્ધિ વિરુદ્ધ લાગણીનો, કયારેક તો પ્રગટ, મહિમા થયો છે. પરંતુ અહીં નગરના સંદર્ભમાં નવતર રીતથી રજૂ થતી એ વાત રસપ્રદ નીવડે છે. બીજી

પંક્તિમાં લાગણીના અર્થનો વાચક કોઈ શબ્દ મૂકવાને બદલે 'સમજ' શબ્દ મૂકી કવિએ પ્રગટતા નિવારીને ચોટ સાધી છે. અહીં નગરમાં આવ્યા પછી તો ઈષ્ટની પ્રાપ્તિ થતી જ નથી, માત્ર એનો ઝુરાપો લઈને ભટકવાનું જ રહે છે એવો સંકેત પણ પ્રથમ પંક્તિ કરી જાય છે.

ત્રીજા શેરમાં નગરજીવન વિષેનો કાવ્યનાયકનો એક વિલક્ષણ અનુભવ રજૂ થયો છે. ટ્રાફિકનાં સિગ્નલ નાયકને 'આંખ મીંચકારીને' હસતાં જણાય છે. સ્પષ્ટ છે કે અહીં નાયકના પોતાના મનોભાવનું સિગ્નલમાં આરોપણ થયું છે :

હસે છે આંખ મીંચકારીને સિગ્નલ લાલ-લીલાં,
મળ્યાં છે ચાર રસ્તા ત્યારે બહુ સહેવું પડયું છે.

નાયય ચાર રસ્તા મળે છે ત્યાં પહોંચે છે ત્યારે લાલ-લીલાં સિગ્નલો આંખ મીંચકારીને હસે છે. અને તેથી તેને 'બહુ સહેવું પડે છે.' આ શેરનાં એકથી વધુ અર્થઘટનો થઈ શકે તેમ છે. એક તો, સિગ્નલો નાયકને જોઈને પરસ્પર આંખ મીંચકારીને હસે છે અને એમ નાયકનો ઉપહાસ કરે છે. આવા ઉપહાસનું પાત્ર બનવાની પરિસ્થિતિનું નિર્માણ અને પોતાની ક્ષુદ્રતા સાબિત થતાં, નાયકને 'બહુ સહેવું' પડે છે. બીજું એમ કે ચાર રસ્તા પરનાં સિગ્નલો નાયક સામે આંખ મીંચકારીને હસે છે અને એમ તેને લોભાવતું ઈજન આપે છે. ત્યારે જવું કે ન જવું, જવું તો કયા માર્ગે જવું, કયો વિકલ્પ સ્વીકારવો એની દ્વિધામાં નાયકને 'બહુ સહેવું' પડે છે. ગમે તે અર્થઘટન સ્વીકારીએ, પરંતુ આંખ મીંચકારીને હસતાં સિગ્નલોનું ચિત્ર ચિરકાળ સુધી આપણા મનમાંથી ખસતું નથી.

ચોથા શેરમાં બોલકાપણું તો છે જ, પરંતુ એ શેર એક સાચી વાત સરળતાથી કહી જાય છે. માણસ આલિશાન લત્તામાં રહેતો હોય – 'ફાંકડું' સરનામું ધરાવતો હોય એના ઉપરથી એના જીવન વિશે કેટલીક બાબતો ધારી લેવામાં આવતી હોય છે. પરંતુ હકીકત એથી ઊલટી પણ હોઈ શકે છે :

ભિખારી જેમ આલિશાન લત્તામાં રહું છું,
ફક્ત દેખાવમાં સરનામું મારું ફાંકડું છે.

સમૃદ્ધિમાં આળોટતો માણસ સુખી હોય જ એવું નથી. અનેક પ્રકારની ભૌતિક સવલતો વચ્ચે પણ એને પ્રેમની, હૂંફની ઊણપ સાલતી હોય છે. કોઈ પોતાને ચાહે, સમજે એવી ઝંખના એને રહેતી હોય છે. પોતાનું ખાલી હૃદયપાત્ર એ સ્નેહભિક્ષા વડે ભરવા તલસતો હોય છે. સંપન્ન માણસો જાહેરમાં આવો

એકરાર કરતા નથી હોતા, પણ આ કાવ્યનો નાયક એટલો નિખાલસ છે કે બાહ્ય ભપકા વચ્ચે પોતાના અંદરની ખરી અવસ્થા શી છે તે ખુલ્લંખુલ્લા કહે છે.

ગઝલનો અંતિમ શેર નગરમાં રહી રહી નાયકને જે 'સનાતન સત્ય' લાધ્યું છે તેનું ઉદ્‌ઘાટન કરે :

ધુમાડો એ જ જાણે કે સનાતન સત્ય અહીંયાં,
અને એ સત્ય પણ દોસ્તો! બહુ મળતાવડું છે.

નાયકને અનુભવાયેલું નગરનું સનાતન સત્ય છે 'ધુમાડો'. આ 'ધુમાડો' શબ્દથી ભાવકને કારખાનાં, મિલો, વાહનો વગેરેના ધુમાડાથી ભરેલું નગરનું દૃશ્ય સાંભરી આવે છે અને એમાંથી જ એ શબ્દ અન્ય અર્થો પ્રગટાવતો જાય છે. ધુમાડો એટલે 'પ્રદૂષણ, દુર્ગંધ, ધૂંધળાપણું, અસ્પષ્ટતા, ગૂંગળામણ, પળેપળે બદલાતા વાયવી આકારોની ભંગુરતા વગેરે. નગરનો ધુમાડો એટલે આ અને આવું સઘળું, સામાન્ય રીતે ધુમાડો હોય ત્યાં આગ હોય, અને આગ હોય ત્યાં ઉષ્મા અને તેજ હોય. પણ કવિ અહીં આગની કશી વાત કરતા નથી. અહીં છે માત્ર ધૂમાડો નગરનું આ સનાતન સત્ય છે. અને એ પણ પાછું 'મળતાવડું' છે. આમ તો સત્યની સાધના કરવી પડતી હોય છે, પરંતુ આ સત્ય તો સ્વભાવથી જ મળતાવડું છે. આપણે એને મળવા જઈએ કે ન જઈએ એ તો આપણને આવી જ મળે છે, 'બહુ' મળતાવડું હોવાને કારણે તો સામેથી અને અવારનવાર. નગરમા રહેવું હોય તો આ સત્યને સ્વીકાર્યે જ છૂટકો. મળતાવડા હોવું એ તો ઈષ્ટ ગુણ કહેવાય, પરંતુ અહીં એ શબ્દ એવા સંદર્ભમાં યોજાયો છે કે એમાંથી અનિષ્ટ અવગુણનો પીછો નહીં છોડનાર ચેપિયાનો અર્થ સ્ફુરી રહે છે.

લાગણીના અર્થમાં 'સમજ' શબ્દનો પ્રયોગ, 'વાંકું પડવું' જેવામાં બોલચાલની ભાષાનો પ્રયોગ, અને આંખ મીંચકારીને હસતાં સિગ્નલ, ફાંકડું સરનામું, મળતાવડું સત્ય જેવામાં તાજગીપૂર્ણ ભાષાપ્રયોગ આપણું ધ્યાન અવશ્ય ખેંચે છે. પરંતુ વિશેષ અગત્યની વાત તો એ છે કે અહીં ગઝલનો મિજાજ આબાદ ઊતર્યો છે. કલ્પનો અને પ્રતીકોની ભરમાર કરીને ભાષાનો ઠાલો ઠઠારો કરતી કૃતક ગઝલરચનાઓના ગંજ વચ્ચે આવી, ગઝલનો મિજાજ જાળવતી, સાચી ગઝલ સહૃદયોને રસસંતર્પણ કરાવી જાય છે.

ગઝલ આસ્વાદ-૨

જીવનની વક્રતાના દર્શનની ગઝલ

હેમન્ત દેસાઈ

કેટલું અંધેર છે સાકી!

કહીં છે લ્હેર લીલા, ક્યાંક કાળો કેર છે સાકી?
કહું શું કે જગતમાં કેટલું અંધેર છે સાકી!

અહીં દુઃખ એ જ છે કે મોટું સમજમાં ફેર છે સાકી!
અને તેથી હૃદય સાથે હૃદયને વેર છે સાકી!

દુઃખી કેવા છીએ એ વાત જગજાહેર છે સાકી!
છતાં કહેવું પડે છે કે પ્રભુની મ્હેર છે સાકી!

ખબર હોતે તિખારા છે તો અશ્રુઓ નહીં લેતે,
અમોને એમ કે એ મોતીઓની સેર છે સાકી!

ખબર નો'તી સમય આ રંગ પણ દેખાડશે અમને,
હતાં જેમાં અમી એ આંખડીમાં ઝેર છે સાકી!

જવાનીને હું વશમાં રાખું તો કેવી રીતે રાખું!
અચાનક ઊઠતા તોફાનની એ લ્હેર છે સાકી!

કહું તો ક્યાં કહું? કોને કહું? જઈ વાત અંતરની,
જગતમાં ધૂમ આજે બુદ્ધિની ચોમેર છે સાકી!

જગતની ખાનગી વાતોથી કંટાળી ગયો છું હું,
મને તું ત્યાં લઈ જા જ્યાં બધું જાહેર છે સાકી!

પરાઈ આશ પર મજબૂર ના કર જીવવા મુજને,
દવાના રૂપમાં એ એક ધીમું ઝેર છે સાકી!

નહીં મસ્તી, નહીં સાહસ, નહીં પૌરુષ, નહીં ઓજસ,
અમારી જિંદગી ને મોતમાં શો ફેર છે સાકી!

એ તારે ભૂલવું ના જોઈએ કે ચૌદે રત્નોમાં
સુરા શામિલ ન હો તો ચૌદે રત્નો ઝેર છે સાકી!

પરિવર્તન થયું છે મૂલ્યમાં એવું કે બસ તૌબા,
હતા જે લાખના તે ત્રાંબિયાનાં તેર છે સાકી!

કરી દે અન્ય સાથોસાથ જીર્ણોદ્ધાર એનો પણ,
હૃદય 'ઘાયલ' તણું વર્ષો થયા ખંડેર છે સાકી!

'શૂળ અને શમણાં' (૧૯૮૨) —અમૃત ઘાયલ
પૃ. ૧૩૮–૧૩૯

આપણને પરિચિત વાત પણ સતત આપણા ધ્યાનમાં રહેતી નથી, બલકે વિસરાઈ જતી હોય છે. અને એટલે જ કોઈ સમર્થ ઉદ્‌ગાર દ્વારા થતી તેની અભિજ્ઞા આહ્‌લાદક બની રહે છે. એવા આહ્‌લાદનો અનુભવ કરાવતી અમૃત ઘાયલની આ સુંદર ગઝલ–ગઝલરચનાની લગભગ બધી જ ખૂબીઓ ધરાવતી હોઈને, એક બળુકી અને નીવડેલી ગઝલ છે. બચુભાઈ રાવત જેવા આપણા એક ઉત્તમ કાવ્યભાવકની પસંદગી પામીને 'કવિતા' (અનિયતકાલિક)ના એક અંકમાં એ પહેલવહેલી પ્રકટી ત્યારથી આજ લગી એકધારી મને આકર્ષતી રહી છે. કવિની શક્તિનો તેમજ ગઝલની સ્વરૂપગત વિશેતાનો પરિચય કરાવતી આ કૃતિની સમૃદ્ધિ આમ તો આંખે ઊડીને વળગે એવી છે, એના પઠનમાત્રથી અવગત થાય એવી છે. તો પણ તેની સવિગત વાત, માનું છું કે રસપ્રદ નીવડશે.

જગતમાં પ્રવર્તતી અસમાનતાના દર્શને જાગેલ પુણ્યપ્રકોપ અને તેના ભાવોદ્રેકના બળે જ જાણે કે મત્લાનો શેર લાધ્યો છે. 'સાકી'ને સંબોધીને કવિએ કાઢેલો ઉદ્‌ગાર સમર્થ છે તેટલો જ સાહજિક છે. અહીં સાકી તો સંબોધનયોગ્ય પ્રિય વ્યક્તિ છે, જે ગઝલનું વાતાવરણ જમાવે છે. બાકી ખરેખર સંબોધન તો કર્યું છે મને–તમને, સહુ સહૃદયોને.

આસપાસ જુઓ. જગતની સ્થિતિ કેવી છે? એક બાજુ લીલાલહેર છે તો બીજી બાજુ કાળો કેર છે. એ અંધેરની વાત કથી કથાય એમ નથી છતાં કવિ એનું સચોટ કથન કરી દે છે, રદીફ–કાફિયાની અસરકારક માંડણી થઈ. પહેલા જ શેરની પહેલી જ પંક્તિમાં 'કેર'ની સાથે 'લ્હેર' શબ્દની યોજના જોતાં કવિએ એક કાફિયો નાહક ખપાવી દીધો એમ પ્રથમ નજરે આમ તો

લાગે છે પણ એ પછી તરત જ બીજા બે સાની મત્લા સર્જતા અને ખૂબ આસાનીથી પૂરા તેર શેરમાં સમુચિત કાફિયા લઈ આવતા કવિની શકિત જોતાં તે નાહક ખપાવ્યો નથી, પણ વૈભવથી વિખેર્યો છે એમ લાગે છે. હા. 'લ્હેર', 'ફેરા', 'ઝેરા' આદિ કાફિયા પુનરાવર્તન પામે છે અવશ્ય. પણ તે કવિનાં કલા અને કસબને પરિણામે એકદમ વરતાતું નથી.

જગતની અસમાનતા આમ જોઈએ તો જીવનની વિષમતા કે વક્રતા છે અને તેને પ્રકટ કરી આપતી અભિવ્યકિત સાધતા કવિ સાદ્યંત કોઈ ને કોઈ વિરોધ કે વિપરીતતાની જ વાત કરે છે. એમાં ક્યાંક વાસ્તવદર્શન અને દંભદર્શન છે તો કયાંક ભ્રાંતિભંગનું અને નિરાશાનું કથન છે. આ બધાંયની રજૂઆતમાં કવિની અંદાજેબયાંની ખૂબી હવાયા વગર રહેતી નથી. અનુક્રમે ત્રીજા અને સાતમા શેરમાં સધાતાં વક્રતા અને કટાક્ષ આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. એક વિધાન અને તેના સમર્થનમાં બીજું વિધાન અથવા એકમાંથી ફૂટી નીકળતું બીજું વિધાન અને એ બેઉ વિધાનોની સંયોજનથી લાગતી લાક્ષણિક ચોટ–ગઝલની અભિવ્યકિતની આ વિશિષ્ટ ઘટના પણ અહીં નોંધવી જોઈએ.

મોતીઓની સેર સમજીને ઝીલી લીધેલાં અશ્રુ તિખારા નીકળ્યા અને જેમાં અમી હોવાની આકાંક્ષા હતી તે આંખોમાં ઝેરનો અનુભવ થયો ! આવી વિષમતાથી અકળાઈને કવિ પરાઈ આશાને પણ દવાના રૂપમાં અપાતાં ઝેર સમાન ગણે છે. જેનાં બધાં અંગત દુઃખોય જગજાહેર છે એવા કવિને જગતની ખાનગી વાતોથી કંટાળો આવે એ સ્વાભાવિક છે અને એથી એ એવાં સ્થાને જવા ઇચ્છે છે કે જયાં બધું જાહેર જ હોય. વસ્તુતઃ એવું સ્થાન આ જગતમાં–અહીં દર્શાવાયેલાં જગતમાં દુર્લભ છે તે કયાં નથી જાણતા ?! પણ દુર્લભને સુલભ કરવાની જ તો આ બધી મથામણ છે. પ્રકટ અર્થની પાછળના આવા મર્મને કારણે શોભતી શેરિયત એ જ ગઝલનું આગવું રૂપ.

ગઝલકારને છાજે એવા મસ્તી અને બેફિકર સાહસને પલાણતા કવિને પૌરુષ અને ઓજસ પર પણ પક્ષપાત હોય જ. એના વિનાની જિન્દગી એને મોત સમાન જણાય છે. સૂચવે છે કે અહીં ગણાવ્યાં એ જ માણસનાં જીવાનુભૂત તત્ત્વો છે. અને એ મસ્તી એ રસની પ્રેરક સુરાનું ગૌરવ કરવાનું કવિ શેના ચૂકે? સમુદ્રમંથન ક્ષણે નીકળેલાં ચૌદ રત્નોમાં સુરા સામેલ હતી એ તો ખરું જ, વધુમાં કવિ કહે છે કે એ ન હોત તો તે બધાં રત્નો ઝેર જેવાં હોત. જગતના અંધેરમાં મૂલ્યપરિવર્તનને પણ કવિ જુએ છે, જેને પરિણામે જે જણ લાખોના હતા તે ત્રાંબિયાના તેર બરોબર થયા ! આ છેલ્લાથી બીજા

શેરમાં થયેલ લોકોક્તિનો પ્રયોગ ગઝલની ગુજરાતીતાને લાભકર નીવડે છે.

શરૂઆતમાં કહ્યું તેમ 'કેર' અને 'અંધેર'ના અનેક-અનેકવિધ પ્રાસરૂપ શબ્દો-કાફિયા કવિને સૂઝી આવ્યા છે. અને તેની એમણે ખૂબીદાર માવજત કરી છે. પણ મકતાના શેરનો કાફિયો તો અપૂર્વ અને અનન્ય કહી શકાય એવો-'ઘાયલ' જેવા પ્રતિભાવંત શાયરને જ સૂઝે એવો છે. ઉપરાંત, એ શેરનું કથન પણ એવું જ ઘાયલની નિજી મુદ્રા ધારણ કરતું અને એમની સર્જકતાની પતીજ પાડતું થયું છે. જીર્ણોદ્ધાર ભગ્ન મંદિરનો નાશ થાય અહીં ખંડેર થઈ ગયેલાં હૃદયનો જીર્ણોદ્ધાર કરવાનું કહીને કવિએ કમાલ કરી છે.

ગઝલ સંદર્ભે જેને મોસીકી કહેવાય તે કવિતાનું સંગીત પણ અહીં સિદ્ધ થયેલું પ્રમાણી શકશે. પહેલા શેરમાં 'લીલા લ્હેર' ને બદલે 'લ્હેર લીલા' એવો વ્યુત્ક્રમ, છઠ્ઠામાં 'રાખું'ની પુનરુક્તિ અને સાતમામાં 'કહું'ની પુનઃ પુનરુક્તિનું એ સંગીત અંગે પણ મૂલ્ય છે તે પરખાશે. વળી ચોથા શેરના સાની મિસરામાં 'ઓ' અને 'અ' સ્વરની આવૃત્તિ તેમજ નવમા શેરના ઉલા મિસારામાં 'પર' અને 'કર'ના આંતરપ્રાસ પણ ધ્યાન બહાર નહિ રહે. ગુજરાતી વાચકને પૂર્વોની અનેક ગઝલોને લઈને ખૂબ જ પરિચિત એવા છંદની રવાની, વાણીની સાહજિક છટા અને દાવા-દલીલથી સધાતી ચમત્કારિતા લગભગ બધા જ શેરને મનોહર બનાવી મૂકે છે. પરન્તુ કુલ તેરમાંથી પાંચ-પહેલા ત્રણ, સાતમો અને છેલ્લો, તો એવા મનોહર શેર છે કે હંમેશ માટે સ્મરણમાં યથાતથ ગોઠવાઈ જાય. ઘાયલના સર્જકત્વનું પ્રતિનિધિત્વ કરતી એકાધિક સુંદર ગઝલોમાં અગ્રીમ સ્થાન ધરાવતી આ ગઝલ આવૃત્તિક્ષમ છે અને એટલે જ સ્મરણીય છે.

* જાણીતા લેખક-પત્રકાર શ્રી રજનીકુમાર પંડ્યાને 'સ્ટેટ્સમેન'નો રાષ્ટ્રીય કક્ષાનો બીજા નંબરનો એવોર્ડ ફોર રૂરલ રિપોર્ટિંગ ૧૯૮૯ના વર્ષ માટે મળ્યો છે. આ એવોર્ડ એમને 'ગુજરાત મિત્ર'ની કોલમ 'પ્રતિછાયા'માં એમણે અનુબહેન ઠક્કર મુનિ સેવા આશ્રમ, ગોરજ (વડોદરા) પર લખેલી લેખમાળા માટે મળ્યો છે.

* જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ દ્વારા એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ધો. ૧૧-૧૨ તેમજ સ્નાતક કક્ષા સુધીના વિદ્યાર્થીઓ માટે તથા અનુસ્નાતક તેમજ સાહિત્ય રસિકો માટે શ્રી કુમારપાળ દેસાઈ, C/o ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, એચ. એલ. કોમર્સ કોલેજ હોસ્ટેલ કમ્પાઉન્ડ, નવરંગપુરા, અમદાવાદ-૯ નો સંપર્ક કરવા જણાવાયું છે.

* પુસ્તક સમીક્ષાનું સામયિક 'પ્રત્યક્ષ' (સંપા. રમણ સોની, નીતિન મહેતા, જયદેવ શુક્લ) ટૂંક સમયમાં પ્રગટ થશે. વાર્ષિક લવાજમ રૂ. ૫૦-૦૦, લેખકો અને પ્રકાશકોને પોતાનાં પ્રગટ થતાં પુસ્તકો સમીક્ષાર્થે મોકલી આપવા અનુરોધ કરાયો છે. સરનામું : એ/૩, રીડર્સ ક્વાર્ટર્સ, પોલિટેકનિક કેમ્પસ, વડોદરા-૩૯૦૦૦૨.

* સુરતની એમ. ટી. બી. આર્ટ્સ કોલેજ તરફથી પ્રતિ વર્ષ ઉત્તમ કાવ્યસંગ્રહને અપાતો ડૉ. જયન્ત પાઠક કવિતા પુરસ્કાર, ૧૯૮૭ના વર્ષ માટે શ્રી ઉદયન ઠક્કરના કાવ્યસંગ્રહ 'એકાવન'ને એનાયત થયો છે. નિર્ણાયક તરીકે ડૉ. સતીશ વ્યાસ, ડૉ. અજિત ઠાકોર તથા ડૉ. હિમાંશી શેલતે સેવાઓ આપી હતી.

* ગુજરાત સાહિત્ય અકાદમી પ્રકાશિત નિબંધસંગ્રહ 'સ્ટેચ્યૂ', લેખક અનિલ જોશીને કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા શ્રેષ્ઠ પુસ્તક તરીકેનો એવોર્ડ જાહેર કરાયો છે. શ્રી અનિલ જોશી આપણા ઉત્તમ ગીત કવિ તરીકે ખ્યાત છે. અગાઉ એમના 'કદાચ' અને 'બરફનાં પંખી' કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે.

* ગુજરાતી ભાષાના જાણીતા નાટ્યકાર, રંગમંચ અને નાટ્ય શિક્ષણ અંગે બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી જશવંત ઠાકરનું તા. ૨૬-૧૨-૯૦ના રોજ હૃદયરોગના હુમલાને લીધે ૭૫ વર્ષની વયે અવસાન થયું.

ગુજરાત સાહિત્ય અકાદમીનાં પ્રકાશનો

કવિતા		કિંમત
૧ કેટલાંક કાવ્યો	સંપાદક : સુરેશ દલાલ, કાન્ત, સ્નેહરશ્મિ, ચંદ્રવદન મહેતા મનસુખલાલ ઝવેરી, હરીન્દ્ર દવે, સુરેશ દલાલ, રાજેન્દ્ર શાહ, નલિન રાવલ, જગદીશ જોશી, પન્ના નાયક, વિપિન પરીખ,	પ્રત્યેકના રૂ. ૧૦-૦૦
૨ ક, ખ કે ગ	: હેમેન શાહ	(અપ્રાપ્ય)
૩ વિતાન સુદ બીજ	: રમેશ પારેખ	રૂ. ૩૦-૦૦
૪ સહયાત્રા (વિશ્વકાવ્યશ્રેણી)	: અનુ. સુરેશ દલાલ	રૂ. ૧૦-૦૦
૫ કે. સચ્ચિદાનંદનાં કાવ્યો	–અનુ. શકુંતલા મહેતા	રૂ. ૧૦-૦૦
૬ થોડાં બીજાં ઇન્દ્રધનુષ્ય	: શ્યામ સાધુ	રૂ. ૧૦-૦૦
૭ કુમારસંભવ સર્ગ ૧ થી ૮	: સંપા. ડૉ. ગૌતમ પટેલ	રૂ. ૩૭-૦૦
૮ સનરાઈઝ ઓન સ્નોપિક્સ	: ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'	રૂ. ૪૫-૦૦
૯ હરિ વેણુ વાય છે રે હો વનમાં	સંપાદક : હરિવલ્લભ ભાયાણી, સ્વરાંકન : ડૉ. હસુ યાજ્ઞિક	રૂ. ૨૫-૦૦
૧૦ ગોકુળમાં ટહુક્યા મોર	સંપાદક : હરિવલ્લભ ભાયાણી, સ્વરાંકન : ડૉ. હસુ યાજ્ઞિક	રૂ. ૨૫-૦૦
૧૧ લોકગીતોમાં કૃષ્ણચરિત	: સંપા. ડૉ. હસુ યાજ્ઞિક	રૂ. ૧૦૦-૦૦
૧૨ ગીત ગોવિંદ	: અનુ. રાજેન્દ્ર શાહ	રૂા. ૨૫-૦૦
૧૩ લોકહાલરડાં	: સંપા. વસંત જોધાણી	રૂ. ૨-૭૫
૧૪ લોકપુરાણ કથાગીતો	: સંપા. હરિદાસ કાળીદાસ મોઢા	રૂ. ૧-૫૦
૧૫ માલધારી જાતિનાં સંસ્કારગીતો	ડૉ. સુચેતા ભાડલાવાળા	રૂ. ૧૦-૦૦
૧૬ ધોળમંગળ	ખોડીદાસ પરમાર	રૂ. ૩-૦૦
૧૭ વાગડનાં લોકગીતો	એલ. ડી. જોશી	રૂ. ૩-૦૦

૧૮ લોકસાગરની લહર જેઠાલાલ ત્રિવેદી રૂ. ૧૫-૦૦

૧૯ રાસડાનો રંગ સંપા. ખોડીદાસ પરમાર રૂ. ૧૨-૦૦

૨૦ ચાંદો ઊગ્યો ચોકમાં સંપા. દોલત ભટ્ટ રૂ. ૩૫-૦૦

૨૧ લોકસાહિત્યમાળા મણકો ૪ થી ૩ રૂ. ૧૩૩-૨૫

૨૨ દિલીપ ચિત્રેનાં કાવ્યો અનુ. જયા મહેતા (પ્રેસમાં)

૨૩ નીરેન્દ્રનાથ ચક્રવર્તીનાં કાવ્યો અનુ. નલિની માડગાંવકર રૂ. ૧૦-૦૦

૨૪ આત્મકથાનાં પાનાં જેવી કેટલીક ગઝલો શ્યામ સાધુ (પ્રેસમાં)

૨૫ ઝરમર વરસે મેહ સંપા. હરિવલ્લભ ભાયાણી („)

નવલકથા

૨૬ પૃથ્વીની એક બારી રામચંદ્ર પટેલ રૂ. ૬૪-૦૦

૨૭ રાત કાળી ને કાળી ગાગર

મૂ. લે. ચિં. ત્ર્યં. ખાનોલકર, અનુ. જયા મહેતા રૂ. ૪૦-૦૦

૨૮ આલ્બમ મૂ. લે. જયવંત દળવી, અનુ. શકુંતલા મહેતા રૂ. ૨૦-૦૦

૨૯ સંસ્કાર મૂ. લે. યુ. આર. અનંતમૂર્તિ અનુ. હસમુખ દવે રૂ. ૩૦-૦૦

૩૦ આ જ સાચું છે મૂ. લે. અમૃતા પ્રીતમ (પ્રેસમાં)

૩૧ નાગમણિ મૂ. લે. અમૃતા પ્રીતમ અનુ. ઉષા ઠક્કર „

૩૨ બે બારી અને અન્ય વાર્તાઓ મૂ. લે. અમૃતા પ્રીતમ „

અનુ. જશવંતી દવે „

૩૩ કોઈ નથી જાણતું મૂ.લે. અમૃતા પ્રીતમ અનુ. જ્યોત્સના તન્ના „

હિન્દી ભાષાંતરો

૩૪ કાયર મોહમ્મદ માંકડ, અનુ. સુશીલા જોશી રૂ. ૨૫-૦૦

૩૫ અનાગત હરીન્દ્ર દવે, અનુ. કે. જી. અગરવાલ રૂ. ૩૦-૦૦

૩૬ પેરેલિસિસ ચંદ્રકાન્ત બક્ષી, અનુ. વાસંતિકા પુણતાંબેકર રૂ. ૩૫-૦૦

૩૭ સુકરાત મૂ.લે. મનુભાઈ પંચોળી 'દર્શક', અનુ. સુશીલા જોશી રૂ. ૮૦-૦૦

ટૂંકી વાર્તા :

૩૮ ગુજરાતી ભાષાની કેટલીક વિશિષ્ટ વાર્તાઓ	સંપા. ડૉ. પ્રવીણ દરજી	રૂ. ૪૫-૦૦
૩૯ સિંધી--કચ્છી વાર્તાઓ	શાંતિલાલ આચાર્ય	રૂ. ૫૦-૦૦
૪૦ હૅડા વાત મોંઢીએ	શાંતિલાલ આચાર્ય	રૂા. ૩૫-૦૦
૪૧ કચ્છના લોકસાહિત્યમાં પ્રેમકથાઓ	દુલેરાય કારાણી	રૂ. ૨૮-૦૦
૪૨ નામ રહંદા ઠક્કરા	પિંગળશીભાઈ ગઢવી	રૂ. ૭-૫૦
૪૩ સૂરજની સાખે અને તુલસીને ક્યારે	મંજુલાલ ર. મજમુદાર	રૂ. ૨-૦૦
૪૪ ગલાલેંગ	ડૉ. એલ. ડી. જોશી	રૂ. ૧૨-૪૫
૪૫ ચૂડ વિજોગણ	સંપા. પુષ્કર ચંદરવાકર	રૂ. ૨૦-૦૦
૪૬ સાજણ સાંભરિયા	રતુદાન રોહડિયા	રૂ. ૩૦-૦૦

નાટક

૪૭ બે ગ્રીક ટ્રેજેડી	અનુ. જશવંત ઠાકર, ભાનુમતી જાની	રૂ. ૨૦-૦૦
૪૮ ચં. ચી. મહેતા સમગ્ર નાટ્યકૃતિઓ	એકાંકી [૧]	રૂા. ૯૦-૦૦
૪૯ ચં. ચી. મહેતા સમગ્ર નાટ્યકૃતિઓ	દ્વિઅંકી [૨]	રૂા. ૯૦-૦૦
૫૦ ચં. ચી. મહેતા સમગ્ર નાટ્યકૃતિઓ	ત્રિઅંકી [૩]	રૂા. ૯૦-૦૦
૫૧ ચં. ચી. મહેતા સમગ્ર નાટ્યકૃતિઓ	રેડિયો નાટક [૪]	રૂા. ૨૦૦-૦૦
૫૨ હેપનિંગ્સ થિએટર ઈન ગુજરાત ઈન ધ એઇટીઝ	ડૉ. એસ. ડી. દેસાઈ	૬૫-૦૦

લલિત નિબંધ :

૫૩ સ્ટેચ્યૂ	અનિલ જોશી	રૂ. ૧૫-૦૦

સાહિત્ય-વિવેચન :

૫૪ પરિવેશ	ડૉ. રમણલાલ જોશી	રૂ. ૧૦-૦૦
૫૫ કૃતાર્થ	ડૉ. પ્રવીણ દરજી	રૂ. ૨૫-૦૦
૫૬ અનુદર્શન	અનંતરાય મ. રાવળ	રૂ. ૮૦-૦૦
૫૭ સંપ્રાપ્તિ	કૃષ્ણવીર દીક્ષિત	રૂ. ૩૫-૦૦
૫૮ મધ્યકાલીન ગુજરાતી કથાસાહિત્ય	ડૉ. હસુ યાજ્ઞિક	રૂ. ૪૦-૦૦

૫૯ વક્રોક્તિજીવિતમ્ સંપા. પ્રો. નગીનદાસ પારેખ રૂ. ૭૫-૦૦

૬૦ જિનસમુદ્ર'સ કોમેન્ટરી ઓન ધ રઘુવંશ ઓફ કાલિદાસ

સંપા : ડૉ. તપસ્વી નાન્દી રૂ. ૨૫-૦૦

૬૧ લોકરંગ પુષ્કર ચંદરવાકર રૂ. ૧૭-૦૦

૬૨ લોકમાંથી પુષ્કર ચંદરવાકર રૂ. ૨૪-૦૦

૬૩ કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય દુલેરાય કારાણી રૂ ૨-૫૦

૬૪ લોકમાતાઓ : લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યમાં

પુરુષોત્તમદાસ સોલંકી રૂ. ૪-૦૦

૬૫ પાલની લગ્નવિધિ રેવાબહેન તડવી અને શંકરભાઈ તડવી રૂ. ૨૦-૦૦

૬૬ પ્રાચીન વર્ષાવિજ્ઞાન રતિલાલ અધ્વર્યુ રૂ. ૮-૦૦

૬૭ કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય દુલેરાય કારાણી રૂ. ૧૦-૦૦

૬૮ લોકદ્વારેથી પુષ્કર ચંદરવાકર રૂ. ૨૫-૦૦

૬૯ કથાપ્રસંગ દીપક મહેતા રૂ. ૪૫-૦૦

૭૦ ગિજુભાઈ : જીવન અને કાર્ય સંપા. મનુભાઈ પંચોળી 'દર્શક',

રસેન્દ્ર પંડયા, તખ્તસિંહ પરમાર રૂ. ૫૫-૦૦

૭ નાટક વિશે ડૉ. રમણલાલ કે. યાજ્ઞિક રૂ. ૨૦-૦૦

૭૨ સાર્ત્ર કહે છે— અનુ. ગુલાબદાસ બ્રોકર રૂ. ૧૨-૦૦

૭૩ ઓલ્યા કાંઠાનાં અમે પંખીડાં પુષ્કર ચંદરવાકર રૂ. ૩૦-૦૦

૭૪ ગુફતગૂ રમેશ પુરોહિત રૂ. ૪૦-૦૦

૭૫ લોકવાર્તા : ઉદ્ભવ, પ્રકાર અને વિકાસ પુષ્કર ચંદરવાકર રૂ. ૦-૦૦

ઈતિહાસ, સંશોધન, સંસ્કૃતિ :

૭૬ ગુજરાતી ભાષાનું ઐતિહાસિક વ્યાકરણ

ડૉ. હરિવલ્લભ ભાયાણી રૂ. ૪૫-૦૦

૭૭ ગુજરાતના ચારણીસાહિત્યનો ઈતિહાસ રતુદાન રોહડિયા રૂ. ૪૭-૦૦

૭૮ ઓખામંડળના વાઘેર અને એમની લોકસંસ્કૃતિ

ડૉ. પ્રહલાદ પટેલ રૂ. ૧૪-૦૦

૭૯ સાર્થ કચ્છી કહેવતો સંપા. દુલેરાય કારાણી રૂ. ૫-૦૦

૮૦ મોરલ એન્ડ સોશ્યલ થિંકીંગ ઈન મોર્ડન ગુજરાત :

ચી. ના. પટેલ રૂ. ૧૫-૦૦

૮૧ સાબરકાંઠાના ગરો — ડૉ. મહેશચંદ્ર પંડ્યા — રૂ. ૨૮-૦૦
૮૨ સંસ્કૃત અધ્યાપનની શાસ્ત્રીય પદ્ધતિઓ — શાસ્ત્રી જયેન્દ્ર દવે — રૂ. ૨૦-૦૦

સંદર્ભસૂચિ :

૮૩ ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ — સંપા. રતિલાલ સાં. નાયક — રૂ. ૫૫-૦૦
૮૪ 'જ્ઞાનસુધા' : સ્વાધ્યાય અને સૂચિ — સંપા. ડૉ. ધીરુભાઈ ઠાકર — રૂ. ૩૫-૦૦
૮૫ 'સમાલોચક': સ્વાધ્યાય અને સૂચિ — સંપા.ડૉ. ધીરુભાઈ ઠાકર — રૂ. ૮૫-૦૦
૮૬ પદ સૂચિ — સંપા. ડૉ. નિરંજના વોરા — રૂા. ૧૦૦-૦૦
૮૭ લોકગીત સૂચિ — સંપા. કિરીટ શુક્લ — રૂા. ૩૫-૦૦
૮૮ ગુજરાતી સાહિત્યસૂચિ (મધ્યકાળ) — સંપા. પ્રકાશ વેગડ — રૂ. ૪૬-૦૦
૮૯ બુદ્ધિપ્રકાશ — ચી. ના. પટેલ — રૂા. ૫૦-૦૦
૯૦ દેશીસૂચિ — સંપા. ડૉ. નિરંજના વોરા — રૂ. ૫૦-૦૦

પ્રવાસ, પ્રાણી જીવન :

૯૦ પૃથ્વીગોળમંડળ પરિક્રમ — નંદકુંવરબા — રૂ. ૫૦-૦૦
૯૧ ગુજરાતનું પ્રાણીજગત — પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ — રૂ. ૩૨-૦૦
૯૨ લોકસંસ્કૃતિમાં પંખીઓ — ખોડીદાસ પરમાર — રૂ. ૨૮-૫૦
૯૩ કુદરતની કેડીએ ભાગ-૩ — પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ — રૂ. ૩૫-૦૦
૯૪ 'વસુદેવ હિંડી' (પ્રાકૃત) — વાચક સંઘદાસ ગણિ — રૂ. ૩૦૦-૦૦
૯૫ વસુદેવ હિંડી (ગુજરાતી ભાષાંતર) — ડૉ. ભોગીલાલ સાંડેસરા — રૂ. ૧૩૫-૦૦

વાર્ષિક

૯૬ લોકગુર્જરી અંક ૮ થી ૨ — રૂ. ૧૧૨-૦૦
૯૭ વાઙ્મય-૧ (સંસ્કૃત વાર્ષિક) — રૂ. ૨૨-૦૦
૯૮ વાઙ્મય : વોલ્યુમ : ૨ — સંપાદક ડૉ. તપસ્વી નાન્દી — રૂ. ૩૦-૦૦
૯૯ અદબી ચમન (સિંધી વાર્ષિક) ૧૯૮૫ — રૂ. ૩૫-૦૦
,, ,, ૧૯૮૭ — રૂ. ૫૦-૦૦
,, ,, ૧૯૮૮ — રૂ. ૫૭-૫૦
૧૦૦ સાબરનામા (ઉર્દૂ વાર્ષિક) ૧૯૮૫; ૧૯૮૮ દરેકના — રૂ. ૪૦-૦૦
અભિનવ પ્રકાશન : ૧૯૮૯; ૧૯૯૦ — રૂ. ૨૫.૦૦
સાહિત્યકારોનાં કાર્ડ્ઝ : સેટ-A — રૂ. ૫.૦૦
સેટ-B — રૂ. ૫.૦૦

ગુજરાત સિંધી અકાદમી પ્રકાશિત પુસ્તકો

૧૦૧	સંસ્થા પરિચય અને યોજનાઓ તથા કાર્યપ્રવૃત્તિ પરિચય પુસ્તિકા (ગુજ. ભાષામાં)	રૂ.	૨-૦૦
૧૦૨	,, ,, ,, ,, (સિંધી ભાષામાં)	રૂ.	૨-૦૦
૧૦૩	ગુજરાત રાજ્ય સિંધી અકાદમી (રચના અને બંધારણ સિંધી અને અંગ્રેજી)	રૂ.	૨-૦૦
૧૦૪	સંસ્થા પરિચય યોજનાએં વ કાર્યપ્રવૃત્તિ (હિંદી તેમજ અંગ્રેજીમાં)	રૂ.	૨-૦૦
૧૦૫	સિંધી કાવ્યોનો ઈતિહાસ (સિંધીનઝમ જી તવારિખ) લે. લીલારામ ડી. રુચંદાણી	રૂ.	૫૫-૦૦
૧૦૬	સિંધી ભાષા દેશને (સિંધી બોલો જી જીયારાત) લે. ડૉ. પરસો ગિદવાણી	રૂ.	૨૦-૦૦
૧૦૭	શ્રેષ્ઠ એકાંકી સંગ્રહ સંપા. ચી. એસ. કમલ	રૂ.	૫૭-૦૦
૧૦૮	શ્રેષ્ઠ વાર્તાસંગ્રહ સંપા. પ્રો. પોપટી હીરાનંદાણી	રૂ.	૪૩-૦૦
૧૦૯	સિંધુ અજી લહરું	રૂ.	૧૦૫-૦૦
૧૧૦	લે. પ. કોપ	રૂ.	૨૬-૦૦
૧૧૧	બન્નીઅ જા બોલ	રૂ.	૨૫-૦૦
૧૧૨	ગેચ	રૂ.	૨૦-૦૦
૧૧૩	ગુબોરતું	રૂ.	૧૭૦-૦૦
૧૧૪	રંગબિરંગી કૂંકણા		

ગુજરાત ઉર્દૂ અકાદમી પ્રકાશિત પુસ્તકો

૧૧૫	અદબી અસ્નાફ,	ડૉ. ગ્યાનચંદ જૈન
૧૧૬	પેશઃ તો સિપહ ગરી કા ભલા	વારિસ અલ્વી
૧૧૭	તઝકિરતુલવજીહ	સૈયદહુસેની પીર
૧૧૮	કુછ બચા લાયા હૂં	વારિસ અલ્વી
૧૧૯	ગુજરી મસ્નવિયો	ડૉ. સૈયદ ઝહીરુદ્દીન મદની
૧૨૦	મઝામીને મદની	ડૉ. સૈયદ ઝહીરુદ્દીન મદની

(અનુસંધાન ટાઈટલ ૨ ઉપરનું ચાલુ)

શબ્દસૃષ્ટિ ગુજરાત સાહિત્ય અકાદમીનું મુખપત્ર છે અને દર માસની ૫મી તારીખે પ્રગટ થાય છે. **શબ્દસૃષ્ટિનું** વાર્ષિક લવાજમ રૂ. ૧૫/-; વિદેશમાં સી-મેઈલથી રૂ. ૭૫/-; એર-મેઈલથી : ગ્રેટબ્રિટન રૂ. ૧૪૦, અમેરિકા રૂ. ૧૫૦/-; છૂટક નકલ રૂ. ૧.૫૦. લવાજમ રોકડા/મનીઑર્ડર/ડ્રાફ્ટના સ્વરૂપમાં સ્વીકારાય છે. **શબ્દસૃષ્ટિનું** ગ્રાહકવર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બરનું છે. **શબ્દસૃષ્ટિમાં** અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે આવશ્યક ટપાલટિકિટો ચોંટાડેલું પોતાના નામ-સરનામાવાળું પરબીડિયું મોકલવું જરૂરી છે. **શબ્દસૃષ્ટિની** તમામ કામગીરી અને વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર ડૉ. હસુ યાજ્ઞિક, મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, દફતર ભંડાર ભવન, સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭ એ સરનામે કરવો. **પ્રકાશક** : ડૉ. હસુ યાજ્ઞિક, મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર. ફોન : ૨૨૪૮૦. **મુદ્રણસ્થાન** : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ-૧. ફોન : ૨૦૫૭૮.

Regd. No. G/GNR/73 'SHABDASRUSHTI' (Monthly)
Licensed to post without pre-payment. Licence No. G/GNR/009

આપની યાદી

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની!

માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!

જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની!

તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!

આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં,
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની!

આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની!

દેખી બૂરાઈ ના ડરું હું, શી ફિકર છે પાપની?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની!

પ્યારું તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફર,
ધોવાઈ યાદી ત્યાં રડાવે છે જુદાઈ આપની!

ભૂલી જવાતી છો બધી, લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને, જો એક યાદી આપની!

કલાપી